પાના ૮ , કિંમત ૩.૨, તા. ૨૧-૧૧-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૯૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

મણિપુરમાં લઠ્ઠાકાંડ: ઝેરી દારૂ પીવાથી ૧૫નાં મોત

કાકચિંગ જિલ્લાના સુગનુમાંથી ખરીદીને દારૂ પીનારા ૬૦૦ લોકોને ઝેરની અસર થતા હોસ્પિટલમાં સારવાર હેઠળ

નવી દિલ્હી, તા. ૨૧

મણિપુરના ચંદેલ જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૧૫ લોકોનાં મોત થયાં છે. ન્યૂઝ એજન્સી આઈએનએ મુજબ, ૬૦૦થી વધુ લોકો અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ છે. અસરગ્રસ્ત લોકોમાં મોટાભાગના ચકપી કરોંગ અને આસપાસના વિસ્તારોના રહેવાસી છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં આ મામલો સામે આવ્યો છે.

શિજા હોસ્પિટલના એમડી ડૉ. ચેતન હુન્ડોંગબામના જણાવ્યા અનુસાર, ત્રણ લોકોની હાલત ગંભીર હતી. તેમને ડાયાલિસિસ પર રાખવામાં આવ્યા છે. હોસ્પિટલમાં તૈયાર કરવામાં આવેલી પથારીઓ દર્દીઓથી ભરાઈ ગઈ છે. આવી સ્થિતિમાં આરોગ્ય વિભાગ અને અન્ય હોસ્પિટલો પાસેથી મદદ માંગવામાં આવી છે. મૃત્યુઆંક અને દર્દીઓની સંખ્યા વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત લોકોએ જે દારૂ પીધો હતો, તે કાકચિંગ જિલ્લાના સુગનૂમાંથી ખરીદવામાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું છે કે દારૂમાં મિથેનોલ ભેળવવામાં આવ્યું હતું.જોકે, ચંદેલ જિલ્લામાં સ્થાનિક સ્તરે દારૂ બનાવવામાં આવતો હોવાની કોઈ માહિતી સામે આવી નથી. તેથી આશંકા છે કે અન્ય વિસ્તારોમાંથી દારૂ લાવીને અહીં વેચવામાં આવ્યો હતો. પોલીસ



દારૂના તસ્કરોની શોધમાં લાગી છે. આ મામલે અત્યાર સુધીમાં આશરે ૧૦ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં દારૂ પીધા બાદ ૨ લોકોનાં મોત થયા છે. એકનું ઘરમાં જ મોત થયું, જ્યારે બીજા વ્યક્તિએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો. બંનેએ ગુરુવારે ડીસીઆરની લાલ મસાલા દારૂ પીધો હતો. તેમાંથી એકને અગાઉથી લોહીની ઊિલટીઓ પણ થતી હતી.સાગરના બંડા વિસ્તારમાં આ પહેલાં ઝેરી દારૂથી ૩૬થી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. પોલીસે ૫૨ લોકોને આરોપી બનાવ્યા છે. માસ્ટરમાઈન્ડ, ઠેકેદાર અને સપ્લાયર સહિત ૩૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે.નાગાલેન્ડમાં ઝેરી દારૂ પીવાથી ૧૯ લોકોનાં મોત થયાં છે. છેલ્લા બે દિવસમાં મોકોકચુંગ જિલ્લામાં ૮ અને તુએનસાંગ જિલ્લામાં ૧૧ લોકોનાં મોત થયાં છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે દારૂ પીધા બાદ કેટલાક લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ અને બાદમાં તેમનાં મોત થયાં.મોત બાદ પોલીસે અનેક સ્થળોએ દરોડા પાડ્યા. આ કાર્યવાહી દરમિયાન ૧૯ લોકોની ધરપકડ કરવામાં આવી અને લગભગ ૩,૦૦૦ દારૂની બોટલો જપ્ત કરવામાં આવી.

સંસદનું ચોમાસું સત્ર ૧૦૦ દિવસ બાદ પણ સમાપ્ત થયું નથી

વર્ષ ૨૦૦૮માં અગાઉનો રેકોર્ડ ૮૭ દિવસનો હતો

નવી દિલ્હી, તા. ૨૧

સંસદનું ચોમાસુ સત્ર ૧૦૦ દિવસ બાદ પણ ઔપચારિક રીતે સમાપ્ત થયું નથી. આ એક નવો રેકોર્ડ છે. અગાઉનો રેકોર્ડ ૮૭ દિવસનો હતો, જે ૨૦૦૮માં બન્યો હતો.

લોકસભા અને રાજ્યસભાને ૧૩ ઓગસ્ટે અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી હતી. શનિવાર સવાર સુધી બંને ગૃહોનું સત્રાવસાન કરવામાં આવ્યું ન હતું.સરકાર મહિલા અનામત કાયદો લાગુ કરવા માટે બંધારણીય સુધારા વિધેયક લાવવાનો વિચાર કરી રહી છે.આ માટે વિશેષ અથવા વિસ્તૃત બેઠક બોલાવવાની ચર્ચા છે, પરંતુ તારીખ અને સમયગાળો હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી.પ્રસ્તાવિત સુધારામાં સીમાંકન દ્વારા લોકસભાની વર્તમાન ૫૪૩ બેઠકો વધારીને મહત્તમ ૮૫૦ કરવાની વાત છે. તેનો હેતુ સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત લાગુ કરવાનો છે.સરકાર દક્ષિણના રાજ્યોની ચિંતાઓ દૂર કરવા માટે દરેક રાજ્યમાં લોકસભાની બેઠકોની સંખ્યા ૫૦% વધારવાનો વિચાર કરી રહી છે.વિચારાધીન એક વિકલ્પ હેઠળ ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યો વચ્ચે બેઠકોનું હાલનું પ્રમાણ જાળવી રાખવાની વાત છે. જોકે, તેના પર હજુ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.વિપક્ષે સૂચિત પરિસીમન પ્રક્રિયા પર ચર્ચા કરવા માટે સર્વદળીય બેઠક બોલાવવાની માગ કરી છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું છે કે વિપક્ષ ૨૫ વર્ષ સુધી લોકસભાની બેઠકોની સંખ્યા ૫૪૩ પર સ્થિર રાખવા માગે છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ પણ હાલના સ્તરે જાળવી રાખવાની માગ છે.વિશેષ બેઠકને લઈને સર્જાયેલી અનિશ્ચિતતાથી શિયાળુ સત્રના સમયને લઈને પણ અટકળો વધી છે. તે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થવાની સંભાવના છે.

હાલના સત્રને લંબાવવા માટે ઓછામાં ઓછા બે દિવસની નોટિસ જરૂરી છે. નવું સત્ર બોલાવવા માટે

અનુસંધાન પાના ૭ પર

પેરૂમાં ૬.૮ની તિવ્રતાનો ભૂકંપ સંસદમાંથી સાંસદોએ બે દોટ મૂકી

શક્તિશાળી ભૂકંપ છતા કોઈ જાનહાનીના અહેવાલ નથી

નવી દિલ્હી, તા. ૨૧

પેરુમાં ફરી એક વખત ભીષણ ભૂકંપ આવ્યો હતો મધ્ય પેરુમાં આવેલા આ શક્તિશાળી ભૂકંપની તીવ્રતા ૬.૮

માપવામાં આવી છે અને તેનું કેન્દ્ર બિંદુ એન્ડીઝ વિસ્તારના જૂનિનમાં જમીનથી આશરે ૧૨૯ કિલોમીટર ઊંડાઈએ હતું.

ભૂકંપની ઝાટકા છેક રાજધાની લીમા સુધી અનુભવાયા હતા અને લોકો ભારે દહેશત વચ્ચે ઘરની બહાર નિકળી ગયા હતા. બીજીબાજુ જર્મનીના રિસર્ચ સેન્ટર ફોર જિયોસાયન્સિસે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૮ માપી છે.આ ભૂકંપનો અનુભવ થવાને લીધે રાજધાની લીમામાં ભારે અફરા-તફરીનો માહોલ જોવા મળતો હતો. ભૂકંપના ઝાટકા એટલા તેજ હતા કે દેશની સંસદ ભવન એટલે કે કોંગ્રેસ બિલ્ડિંગમાંથી સાંસદો બહાર નિકળી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પેરુ એ પ્રશાંત મહાસાગર આજુબાજુ આવેલ લાંબી જ્વાળામુખી અને ફોલ્ટ લાઈન વિસ્તાર હેઠળ આવે છે અને પેરુનો વિસ્તાર રિંગ ઓફ ફાયર તરીકે પણ ઓળખવામાં આવતો હોવાથી સતત ભૂકંપના આંકડા અનુભવાતા હોય છે.

સોનાના ભાવો ગગડી જતા ગોલ્ડ લોનમાં ડિફોલ્ડરનું જોખમ વધ્યું

કંપનીઓ-બેંકો સોનાની હરાજીને બદલે નવી ફોર્મ્યુલા અપનાવશે

નવી દિલ્હી, તા. ૨૧

સોના-ચાંદીના ભાવોમાં છેલ્લા કેટલાક દિવસોથી પ્રચંડ કડાકાને પગલે ગોલ્ડ લોનમાં ડિફોલ્ટનું પ્રમાણ ઘણુ વધવાનું જોખમ સર્જાયુ છે. ત્યારે આવા ગ્રાહકોનાં સોનાને હરરાજીમાંથી બચાવવા માટે અને રાહત આપવા માટે ફોર્મ્યુલા ઘડવામાં આવી રહી છે.

રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ગોલ્ડ લોન માર્કેટ ૨૨ લાખ કરોડનુ છે. છેલ્લા દિવસોમાં ભાવોમાં જોરદાર કડાકો સર્જાયો છે. છેલ્લા મહિનાઓમાં ભાવ રેકોર્ડ સ્તરે હતા.ઉંચા ભાવે લોન મેળવનારા ગ્રાહકોને હવે માર્જીન ચુકવવાનો અથવા તેમનો સોના કે દાગીનાની હરરાજીનો વારો આવ્યો છે.

આ પ્રમાણ લાખોમાં રહી શકે છે, કેટલાંક દિવસોથી ગોલ્ડ લોન કંપનીઓ ઉંધા માથે છે.લોન રિકવરી માટે દોડધામ છે.ડીફોલ્ટ ટાળવા માટે ગોલ્ડ લોન કંપનીઓ-બેંકો દ્વારા માર્જીન મની કે લોનના નાણાં પરત ન કરી શકતા ગ્રાહકોનાં સોનાની હરરાજી કરવાના બદલે એસેટ રિક્ન્સટ્રકશન કંપનીઓને ટ્રાન્સફર કરી દેવાનો માર્ગ અપનાવી શકે છે. આ સંજોગોમાં ગ્રાહકોને લોન-દેણુ ચુકવવામાં વધારાનો સમય મળશે અને ગીરવે મુકેલુ સોનુ છોડાવવામાં મદદ મળશે.

ગોલ્ડ લોન કંપનીઓનો દાવો છે કે, સોનું પરિવારોની જીવનમૂડી હોય છે. તેની હરરાજી કરવાના બદલે તે છોડાવવા ગ્રાહકોને વધુ એક તક આપવી જોઈએ. છેલ્લા મહિનાઓમાં સોનામાં ૩૩ ટકાનો

અનુસંધાન પાના ૭ પર

પાક.મંત્રી મલીકની મુલાકાત માત્ર એસસીઓ બેઠક પુરતી

પાક. મંત્રીની તાજ મહલ અને નિઝામુદ્દીનની દરગાહ જવાની માંગ ભારતે ફગાવી

નવી દિલ્હી, તા. ૨૧

સિંધુ જળ મુદ્દે ભારતના હાથ કાપી નાખવાની ધમકી આપનાર પાકિસ્તાનનાં મંત્રી હાલ ભારતમાં એસસીઓ (શાંઘાઈ સહયોગ સંગઠન)ની બેઠકમાં ભાગ લેવા માટે ભારત આવ્યા છે.અહીં તેમણે તાજમહલ અને નિઝામુદીનની દરગાહે જવાની ઈચ્છા વ્યક્ત કરતા ભારત સક્કારે તેમને મંજુરી નહોતી આપી અને સ્પષ્ટ સંભળાવી દીધુ હતું કે તેઓ પોતાની યાત્રા માત્ર એસસીઓ કાર્યક્રમ સુધી સીમીત રાખી શકે છે. અન્ય કોઈ જગ્યાએ જઈ નથી શકતા.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનનાં જલવાયું મંત્રી મુસાદીક મલીક શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભાગ લેવા માટે ભારત આવ્યા છે. બીજા દેશોનાં મહેમાનોને સિવીલાઈઝેશનલ ડાયલોગ ફોરમ (સભ્યતા સંવાદ મંચ) સિવાયના કોઈપણ કાર્યક્રમમાં જવા માટે ભારત સરકારની મંજુરી લેવાની હોય છે.

સરકારની મંજુરી મળ્યા બાદ જ વિદેશી મહેમાન કોઈ આંતરીક પ્રવાસે જઈ શકે છે.સુરક્ષા સબંધી વસ્તુની તપાસ બાદ જ સરકાર તેની મંજુરી આપે છે. સુત્રો મુજબ પાક મંત્રીએ આગ્રામાં તાજમહલ અને દિલ્હીમાં નિઝામુદીન દરગાહમાં જવા માટે મંજુરી માગી હતી પણ ભારત સરકારે તે ફગાવી દીધી હતી.

નજીકના સંબંધીઓ વચ્ચે લગ્ન પર પ્રતિબંધ જરૂરી : સુપ્રીમ કોર્ટ

પિતરાઈ વચ્ચે લગ્નથી થયેલા સંતાનમાં ડીએનએ ક્ષતિની શકયતા વધી : સરકાર પાસે જવાબ માંગતી સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હી, દેશમાં એક તરફ કોમન સિવિલ કોડ લાવવા માટેની તૈયારી વચ્ચે સુપ્રીમકોર્ટે પણ આ કાનુનની જરૂર હોવાના મંતવ્ય સાથે જે રીતે મુસ્લીમો ઉપરાંત હિન્દુઓના પણ અનેક સમુદાયમાં અત્યંત નજીકના સંબંધીઓ વચ્ચે લગ્ન પ્રતિબંધીત કરવાની આવશ્યકતા દર્શાવી છે.

અત્યંત નજીકના એક જ 'ગૌત્ર' અથવા તો સમાન ડીએનએ ધરાવતા બે



વ્યક્તિઓના લગ્નથી જીનેટીક ડીસઓર્ડર-શારીરિક અપંગતા-ખોડખાપણ અને અનેક પ્રકારના આનુવાંશિક રોગોની શકયતા વધી છે.સર્વોચ્ચ અદાલત સમક્ષ મૂળભૂત રીતે ૨૦ વર્ષથી બેંગ્લોરની એક મહિલાનો કેસ આપ્યો હતો. જેની શારીરિક પરીસ્થિતિના આધારે લો-કોલેજમાં એડમીશનની અગ્રતા માટે અરજી કરી હતી.આ કેસની વિચારણા કરતા સમયે સર્વોચ્ય અદાલતે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ને લાવવાની સાથે અત્યંત નજીકના સંબંધો ધરાવતા કુટુંબીજન વચ્ચે લગ્ન પર પ્રતિબંધ મુકવાના કાનુની માર્ગ ચકાસવા પણ કેન્દ્રને ભલામણ કરી હતી.ખાસ કરીને મુસ્લીમોમાં પિતરાઈ ભાઈ-બહેનો પણ લગ્ન કરી શકે છે તો હિન્દુ સમાજ પણ અનેક સમુદાયમાંઆ પ્રકારેલગ્ન થાય છે જે ભવિષ્યમાં તેમના સંતાનોને અસહ્ય બિમારી, શારીરિક ખોડખાપણની પણ ભેટ આપી શકે છે અને જીનેટીક ડિસઓર્ડરની સમસ્યા બનેછે.માતા-પિતા પિતરાઈ ભાઈ-બહેન છે અને યુવતીને તેના કારણે ફેટાફોલીયા- જેમાં વ્યક્તિની આંખોતેજસુર્યપ્રકાશ કેપછી ટ્યુબલાઈટ-મોબાઈલ રોશની પણ સહન કરી શકતા નથી તેઉપરાંત ડીસ્ટ્રેફી એક દુર્લભ આંખની બિમારી જેડ રંગ પારખવામાં પણ મુશ્કેલી અનુભવે છે તેની બિમારી છે જે બાળકો આ પ્રકારે પિતરાઈ

અનુસંધાન પાના ૭ પર

બેંગલુરુમાં પિતાએ હથોડાના ઘા ઝીંકી પુત્રની હત્યા કરી

લોહી લુહાણ હાલતમાં ત્રણ દિવસ પત્નીને રૂમમાં ગોંધી રાખી

નવી દિલ્હી, તા. ૨૧

બેંગલુરુના પદ્મનાભનગર વિસ્તારમાં આવેલાં એસઆરઆરકે તુલસી એપાર્ટમેન્ટમાં એક વ્યક્તિએ પોતાના જ પરિવાર પર જીવલેણ હુમલો કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

આરોપી સુદીપે ગત ૧૬ નવેમ્બરની રાત્રે છરી અને હથોડા વડે હુમલો કરીને પોતાના પુત્ર સોહમ દાસની હત્યા કરી નાખી હતી, જ્યારે પત્ની સીમા દાસની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. હુમલા બાદ આરોપીએ લોહીલુહાણ હાલતમાં પત્નીને એક રૂમમાં પૂરી દીધી હતી અને ફરાર થઈ ગયો હતો.

૬૨ વર્ષીય મકાનમાલિક બી. મલ્લૈયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આ પરિવાર ઓક્ટોબર ૨૦૨૪ થી ભાડાના ફ્લેટમાં રહેતો હતો અને છેલ્લા છ મહિનાથી તેમની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા.

૧૬ નવેમ્બરે રાત્રે ૯ થી ૧૦ વાગ્યાની વચ્ચે પડોશીઓએ ફ્લેટમાં ઝઘડા અંગે મકાનમાલિકને ફોન કર્યો હતો, પરંતુ ઓફિસના કામમાં વ્યસ્ત હોવાથી તેઓ જઈ શક્યા નહોતા અને સિક્યોરિટી ગાર્ડને પૂછતાં બધું શાંત હોવાનું જાણવા મળ્યું હતું. ત્રણ દિવસ બાદ ૧૯ નવેમ્બરે જ્યારે

અનુસંધાન પાના ૭ પર

મૃતદેહ લઈ જતી એમ્બ્યુલન્સ પિકઅપ સાથે અથડાતા પનાં મોત

પૂર્વાંચલ એક્સપ્રેસ પર પિકઅપ પાછળ એમ્બ્યુલન્સ ઘૂસી ગઈ

નવી દિલ્હી, તા. ૨૧

ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાં પૂર્વાંચલ એક્સપ્રેસવે પર આજે સવારે પુરપાટ ઝડપે દોડતી એમ્બ્યુલન્સ આગળ જઈ રહેલાં પિકઅપ વાહનની પાછળ ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ભીષણ ટક્કરમાં એમ્બ્યુલન્સમાં સવાર પાંચ લોકોનાં ઘટનાસ્થળે જ કણ મોત નીપજ્યાં હતાં.

આ દુર્ઘટના સવારે આશરે ૬:૩૦ વાગ્યે સુબેહા પોલીસ સ્ટેશન વિસ્તાર પાસે બની હતી. એમ્બ્યુલન્સ રાજસ્થાનના જયપુરથી એક વ્યક્તિનો મૃતદેહ લઈને પશ્ચિમ બંગાળ તરફ જઈ રહી હતી, તે દરમિયાન આ અકસ્માત નડ્યો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો.

અકસ્માતમાં જીવ ગુમાવનાર પાંચેય લોકોની ઓળખ રાજસ્થાન અને પશ્ચિમ બંગાળના રહેવાસીઓ તરીકે થઈ છે. મૃતકોમાં જયપુરની જવાહર નગર કાચી વસાહતના રહેવાસી મકબૂલ ખાન (૬૨), અલવરના પીપલખેરના રહેવાસી હરિઓમ યોગી (૩૩) તેમજ પશ્ચિમ બંગાળના કૂચબિહાર જિલ્લાના મોતીવાલાના રહેવાસી અમીનુલ હક (૩૨), રફીક (૫૦) અને આલમનો સમાવેશ થાય છે.

આ ઘટનાની સૌથી હૃદયદ્રાવક બાબત એ રહી કે એમ્બ્યુલન્સ પહેલેથી જ એક મૃતકના અંતિમ સંસ્કાર માટે તેનો મૃતદેહ લઈને વતન જઈ રહી હતી. પરંતુ રસ્તામાં કાળ બનીને ત્રાટકેલા આ અકસ્માતે પરિવારજનો અને સ્ટાફ સહિત વધુ પાંચ લોકોના જીવ લઈ લીધાં.

રાજસ્થાનમાં જોરદાર ઠંડી માઉન્ટ આબુમાં શૂન્ય ડીગ્રી

સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીની લહેર

નવી દિલ્હી, તા. ૨૧

ઉત્તર ભારતમાંથી ચાલી રહેલી ઠંડી હવાને કારણે રાજસ્થાનમાં ઠંડી વધતી જઈ રહી છે. હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં આજે લઘુત્તમ તાપમાન હિમબિંદુ એટલે કે શૂન્ય ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. આ કારણે આજે ઠંડીમાં વધારો થયો છે.

આ પહેલાં ગઈકાલે રાજસ્થાનનાં ૧૦થી વધુ શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટ એટલે કે ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું. ફતેહપુર (સિકર)માં પારો ૫.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો.ઠંડી હવાના કારણે સવાર-સાંજ ઠંડીનો વધારો થયો છે. લોકો હવે ઘરની બહાર ગરમ કપડાં પહેરીને નીકળવા લાગ્યા છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી એક સપ્તાહ સુધી આકાશ સ્વચ્છ રહેવા અને આવી જ ઠંડી રહેવાની આગાહી કરી છે.

છેલ્લા ૨૪ કલાકનું હવામાન જોઈએ તો રાજ્યનાં તમામ શહેરોમાં આકાશ સ્વચ્છ રહ્યું. સવારથી મોડી સાંજ સુધી તડકો રહ્યો. ઠંડી હવાના કારણે મોટાભાગનાં શહેરોના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો.ઠંડી હવા ફૂંકાવાને કારણે તાપમાનમાં સતત થઈ રહેલા ઘટાડાની અસર ઠંડી પર જોવા મળી. રાતની સાથે દિવસ દરમિયાન પણ ઠંડક અનુભવાઈ. કોટા, અજમેર,

અનુસંધાન પાના ૭ પર

સુમાત્રામાં મુસાફર ટ્રેન સાથે મીની બસ અથડાતા આગ ફાટી નિકળી

ટ્રેનના તમામ ૨૬૪ મુસાફરો સલામત : બસના ડ્રાઈવરનું મોત

નવી દિલ્હી, તા. ૨૧

ઈન્ડોનેશિયાના ઉત્તર સુમાત્રામાં શુક્રવારે તે સમયે એક મોટો રેલવે અકસ્માત થયો, જ્યારે મેડાન-પેમાતાંગ સિયાંતાર રૂટ પર દોડતી સિયાંતાર એક્સપ્રેસ ટ્રેન એક મિનીબસ સાથે અથડાઈ ગઈ. આ અકસ્માત સુરક્ષા ગેટ વિનાના રેલવે ક્રોસિંગ પર થયો હતો. ટકરાયા બાદ ટ્રેનના એન્જિનમાંથી તણખા નીકળ્યા અને આગ લાગી. જોકે રાહતની વાત એ રહી કે ટ્રેનમાં સવાર તમામ ૨૬૪ મુસાફરો સુરક્ષિત રહ્યા. અકસ્માતમાં મિનીબસ ડ્રાઈવરનું મોત થયું, જ્યારે ટ્રેનના બે ડ્રાઈવર અને એક કર્મચારી ઘાયલ થયા હતા.

કોમ્પાસ ન્યૂઝના અહેવાલ મુજબ, પીટિ કેરેટા આપિ ઈન્ડોનેશિયા (KAI)ના ઉત્તર સુમાત્રા રિજનલ ડિવિઝન-૧ના પબ્લિક રિલેશન્સ મેનેજર અનવર યૂલી પ્રાસ્ત્યોના જણાવ્યા અનુસાર, સિયાંતાર એક્સપ્રેસ મેડાન જઈ રહી હતી. મુસાફરી દરમિયાન સિયાંતાર સ્ટેશન અને ડોલોક મેરાંગીર સ્ટેશન વચ્ચે કિલોમીટર ૩૮+૭/૬ પર એક મિનીબસ અચાનક સુરક્ષા વિનાના રેલવે ક્રોસિંગ પરથી પસાર થવા લાગી. તે જ સમયે ટ્રેન તેની સાથે અથડાઈ હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે મિનીબસ કેટલાય મીટર સુધી ઘસડાતી ગઈ. અકસ્માત દરમિયાન ટ્રેનના એન્જિનમાંથી નીકળેલા તણખાઓએ મિનીબસ અને એન્જીન બંનેમાં આગ લગાડી દીધી. ઘટના બાદ ટ્રેનને રસ્તાની વચ્ચે જ રોકવી પડી અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી.

અકસ્મતમાં ટ્રેનના બે ડ્રાઈવર અને એક અન્ય કર્મચારી ઘાયલ થયા. તમામ ઘાયલોને સ્થળ પરથી બહાર કાઢીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે તેમની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી

અનુસંધાન પાના ૭ પર

સરથાણા ખાતે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ ૧૦,૦૦૦ થી વધુ લોકોને 'અંગદાન મહાદાન'ના શપથ લેવડાવ્યા





અંગદાન મહાદાન'ના સૂત્રને સાર્થક કરવાનો સૌનો સંકલ્પ: અંગોના જરૂરિયાતમંદોને નવજીવન આપવા અવશ્ય અંગદાન કરવા સૌને જાગૃત કરાયા

સુરત, તા.૨૧

સુરતના સરથાણા જકાતનાકા સ્થિત નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે ભક્તિભાવપૂર્વક ભવ્ય તુલસી વિવાહ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શાલિગ્રામ અને માતા તુલસીના વિવાહના આ પાવન પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ વિશેષ ઉપસ્થિત રહીને ભગવાનના વિવાહમાં પધારેલા ૧૦,૦૦૦ થી વધુ મહેમાનો, શ્રદ્ધાળુઓ અને સાજન-માજનને અંગદાન જાગૃતિના શપથ લેવડાવ્યા હતા. જીવનદીપ ઓર્ગન ડોનેશન સંસ્થાના નેજા હેઠળ અહીં ધાર્મિક ઉત્સવની સાથે સામાજિક ઉત્તરદાયિત્વના સમન્વય સાથે મહોત્સવના મુખ્ય આયોજક શ્રી શંભુભાઈ વેલજીભાઈ સવાણી તેમજ સમસ્ત સવાણી પરિવારના યજમાનપદે આયોજિત તુલસી વિવાહના માંગલિક અવસરે પધારેલા ઉપસ્થિત સૌ કોઈએ 'અંગદાન મહાદાન'ના સૂત્રને સાર્થક કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો અને જરૂરિયાતમંદોને નવજીવન આપવા અંગદાનના શપથ ગ્રહણ કર્યા હતા. તમામ મહેમાનો અને ભક્તજનોને અંગદાનના મહત્વ વિશે માહિતગાર અને જાગૃત કરવામાં આવ્યા હતા.

પશ્ચિમ રેલ્વે વિવિધ સ્થળો માટે વિશેષ ટ્રેનો ચલાવશે

મુસાફરોની સુવિધા માટે અને ભીડ ઘટાડવા માટે, પશ્ચિમ રેલ્વે વિવિધ સ્થળોએ ખાસ ભાડા પર ખાસ ટ્રેનો ચલાવશે

સુરત, તા.૨૧

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી અરુણ કુમાર મીણા દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ ૧. ટ્રેન નં. ૦૯૧૭૧ બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર સ્પેશિયલ ટ્રેન નં. ૦૯૧૭૧ બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર સ્પેશિયલ રવિવાર, ૨૨ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ૦૪:૩૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે ૧૮:૦૦ વાગ્યે ગોરખપુર પહોંચશે. રસ્તામાં, ટ્રેન બોરીવલી, પાલઘર, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, એશબાગ, બારાબંકી, ગોંડા અને બસ્તી ખાતે રોકાશે.

આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.૨. ટ્રેન નંબર ૦૯૧૩૯ વલસાડ - મુઝફ્ફરપુર સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૧૩૯ વલસાડ - મુઝફ્ફરપુર સ્પેશિયલ વલસાડથી રવિવાર, ૨૨ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ૦૮:૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮:૦૦ કલાકે મુઝફ્ફરપુર પહોંચશે. માર્ગમાં, ટ્રેન નવસારી, ભેસાણ, નંદુરબાર, દોંડાઈચા, અમલનેર, ધરણગાંવ, જલગાંવ, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીનદયાલ ઉપાધ્યાય, બક્સર, દાનાપુર, પાટલીપુત્ર અને હાજીપુર સ્ટેશન. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ૩. ટ્રેન નંબર ૦૯૧૩૭ વલસાડ – રક્સૌલ સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૧૩૭ વલસાડ - રક્સૌલ સ્પેશિયલ ૨૨ નવેમ્બર, ૨૦૨૬, રવિવારના રોજ ૨૨:૨૦ વાગ્યે વલસાડથી ઉપડશે અને મંગળવાર, ૨૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ૧૩:૦૦ વાગ્યે રક્સૌલ પહોંચશે. માર્ગમાં, ટ્રેન નવસારી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બાયના, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ, બારાબંકી, ગોંડા, બસ્તી, ગોરખપુર અને નરકટિયાગંજ ખાતે ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ૪. ટ્રેન નંબર ૦૯૩૨૭ ડૉ. આંબેડકર નગર – ગોરખપુર સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૩૨૭ ડૉ. આંબેડકર નગર – ગોરખપુર સ્પેશિયલ ૨૨ નવેમ્બર, ૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે ડૉ. આંબેડકર નગરથી ઉપડશે અને મંગળવાર, ૨૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧:૦૦ વાગ્યે ગોરખપુર પહોંચશે. માર્ગમાં, ટ્રેન ઈન્દોર, ફતેહાબાદ ચંદ્રાવતીગંજ, ઉજ્જૈન, મકસી, સંત હિરદારામ નગર, વિદિશા, બીના, સાગર, દમોહ, કટની મુદ્વારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, મિર્ઝાપુર, વારાણસી, જૌનપુર, શાહગંજ, સાલદાર રોડ, બેલધર, સાલધર રોડ અને સાલદાર રોડ પર રોકાશે. સ્ટેશનો આ ટ્રેનમાં સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ૦૯૧૭૧, ૦૯૧૩૯, ૦૯૧૩૭ અને ૦૯૩૨૭ નંબરની ટ્રેનો માટે બુકિંગ ૨૧.૧૧.૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે. સ્ટોપેજ સમય અને કોચ રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

વ્યારામાં ગાંજાના જથ્થા સાથે મહિલા ઝડપાઈ, સપ્લાયર વોન્ટેડ

એસ.ઓ.જી. અને એન્ટી નાર્કોટિક્સ વિંગની સંયુક્ત કામગીરીમાં ૮૫.૭૩ ગ્રામ ગાંજો સહિત રૂ.૯,૭૮૬નો મુદ્દામાલ કબજે

વ્યારા, તા.૨૧

તાપી જિલ્લામાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ અને હેરાફેરી સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. દરમિયાન વ્યારા શહેરમાં ગાંજાના જથ્થા સાથે એક મહિલાને ઝડપી પાડવામાં એસ.ઓ.જી. શાખા અને એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમને સફળતા મળી છે. જ્યારે મહિલાને ગાંજો પૂરો પાડનાર વ્યક્તિને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ, સુરત વિભાગ તથા તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જે.એન. દેસાઈ દ્વારા એન.ડી.પી.એસ. એક્ટ હેઠળના ગુનાઓમાં કડક કાર્યવાહી કરવા આપવામાં આવેલી સૂચનાના અનુસંધાને એન્ટી નાર્કોટિક્સ વિંગના પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

એસ.ઓ.જી. શાખાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.પી. ગરાસિયા અને તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે તા. ૧૯-૧૧-૨૦૨૬ના રોજ વ્યારાના અગણવાણ રોડ પર હેપ્પી હોમ સોસાયટીની બાજુમાં આવેલા ઈન્દુગામ વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન રેખાબેન દિલીપભાઈ ગાયકવાડને તેના કબજામાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવી હતી.

પોલીસે સ્થળ પરથી ૮૫.૭૩ ગ્રામ ગાંજો, જેની કિંમત રૂ.૪,૨૮૧.૫૦ થાય છે, તેમજ બે મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૫૦૦ અને પારદર્શક પ્લાસ્ટિકની આઠ ઝીપ બેગ કબજે કરી હતી. આમ, પોલીસે કુલ રૂ.૯,૭૮૬.૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ મામલે ગાંજાનો જથ્થો પૂરો પાડનાર વ્યક્તિને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ અંગે કાકરાપાર પોલીસ સ્ટેશનમાં બી.પાર્ટ ગુનો નંબર ૧૧૮૨૪૦૦૩૨૧૦૮૩૧/૨૦૨૬ મુજબ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટન્સિસ (NDPS) એક્ટ, ૧૯૮૫ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

તાપી પોલીસ દ્વારા નશીલા પદાર્થોના ગેરકાયદે વેપાર અને સપ્લાય ચેઈન સામે કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવી રહી છે. ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેની પાછળ અન્ય કોઈ વ્યક્તિઓ સંડોવાયેલી છે કે કેમ તે દિશામાં કાકરાપાર પોલીસ તપાસ કરી રહી છે.

નાણા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે નવીન મકાનોનું ભૂમિપૂજન કરાશે

વ્યારા, તા.૨૧

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા ઓલપાડ (ગ્રામ્ય) વિભાગીય કચેરી, ઓલપાડ પેટા વિભાગીય કચેરી અને રાંદેર (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરીનાં નવા મકાનોનું ભૂમિપૂજન તા.૨૧મીએ સવારે ૧૦.૩૦ કલાકે ઓલપાડ તાલુકાના માસમા (સુરત-ઓલપાડ હાઈવે પર, રાયન ઈન્ટરનેશનલ સ્કુલની સામે, માસમા) ખાતેથી નાણા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવશે. નવીન કચેરી મકાનોના નિર્માણથી ઓલપાડ અને રાંદેર (ગ્રામ્ય) વિસ્તારના વીજ ગ્રાહકોને વધુ સુવિધાજનક અને ઝડપી વીજ સેવાઓ ઉપલબ્ધ થઈ શકશે. આ પ્રસંગે જિ.પંચાયતના પ્રમુખશ્રી સમીર મોદી, સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મેયર શ્રીમતી માયાબેન માવાણી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

તા. ૨૨થી ૨૪ નવેમ્બર દરમિયાન પોલિયો રસીકરણ અભિયાન યોજાશે

બાળકોને આરોગ્ય વિભાગની ટીમો દ્વારા પોલિયોની રસી પીવડાવવાનું સુદ્રઢ આયોજન

સુરત, તા.૨૧

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા રાજ્યના આરોગ્ય વિભાગના ઉપક્રમે આગામી તા. ૨૨ નવેમ્બર- રવિવારના રોજ સમગ્ર સુરત શહેર-જિલ્લામાં જન્મથી પાંચ વર્ષ સુધીના બાળકો માટે રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાન યોજાશે. જેમાં શહેરના ૬,૮૪,૫૬૩ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧,૯૬,૨૨૫ બાળકો મળી કુલ ૮,૮૦,૭૮૮ બાળકોને આરોગ્ય વિભાગની ટીમો દ્વારા પોલિયોની રસીના બે ટીપાં પીવડાવી સુરક્ષિત કરવામાં આવશે.

ભારત વર્ષોથી પોલિયો મુક્ત દેશ તરીકેની ઓળખ જાળવી રાખવામાં સફળ રહ્યું છે. પાડોશી દેશોમાંથી પોલિયોના વાયરસનું સંક્રમણ ફરી ન ફેલાય તેમજ દરેક બાળકને આ જીવલેણ અને અપંગતા સર્જતી બીમારી સામે કાયમી સુરક્ષા મળી રહે તે હેતુથી આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળ ૦ થી ૫ વર્ષની વયજૂથના તમામ બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવામાં આવશે. બાળકને અગાઉ નિયમિત રસીકરણ કાર્યક્રમ હેઠળ પોલિયોની રસી આપવામાં આવી હોય, તો પણ આ અભિયાન દરમિયાન બે ટીપાં પીવડાવવાં અત્યંત જરૂરી છે. સુરત આ ત્રિદિવસીય અભિયાનને સફળ બનાવવા તમામ તાલુકાઓ, મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં માઈક્રો પ્લાનિંગ સાથે વિશેષ વ્યવસ્થા કરાઈ છે. પ્રથમ દિવસે એટલે કે તા.૨૨ નવેમ્બર (રવિવાર)ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૩૩૭૨ પોલિયો બુથ

અનુસંધાન પાના ૭ પર



ભરૂચ ખાતે ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સિલાઈ મશીન વિતરણ કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૨૧

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. સાથે સકાતા દ્રઠ કંપનીના ડેપ્યુટી જી.એમ. એચઆર શ્રી હિતેશ ગાંધી,જી .એમ. ફાઈનાનસ શ્રી કૌશિક જોષી તથા ડેપ્યુટીજી.એમ ઓપરેશન શ્રી અવિનાશ કુમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી પરેશભાઈ મેવાડાએ પ્રસંગોચિત પ્રવચન દ્વારા ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ અને મહિલા સશક્તિકરણના ઉદ્દેશ્ય વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીએ બહેનોને સરકારની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું તેમજ બહેનોને પોતાની આવડત અને મહેનતના બળે જીવનમાં આગળ વધવા અને આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી હતી. સકાતા દ્રઠ કંપનીના ડેપ્યુટી જી.એમ શ્રી હિતેશ ગાંધી એ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી સેવાકીય અને સમાજલક્ષી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. સાથે જ ભવિષ્યમાં પણ આવા જનહિત અને મહિલા સશક્તિકરણના કાર્યક્રમોમાં સહયોગ આપતા રહેવાની ખાતરી વ્યક્ત કરી હતી.

ઉપસ્થિત મહાનુભાવોએ પોતાના પ્રવચનમાં બહેનોને તાલીમનો લાભ લઈને સ્વરોજગાર શરૂ કરવા તથા આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી હતી. ત્યારબાદ મહેમાનોના હસ્તે તાલીમ પૂર્ણ કરનાર બહેનોને સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર સકાતા દ્રઠ કંપનીના મેનેજમેન્ટ અને તમામ અધિકારીશ્રીઓનો ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



સ્ટ્રીટ ફૂડની ખાદ્ય સુરક્ષા અંગે જાગૃતિ માટે વીએનએસજીયુમાં તાલીમ કાર્યક્રમ

કાર્યક્રમમાં લોકસભા સાંસદ શ્રી મુકેશ દલાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

સુરત, તા.૨૧

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણના પશ્ચિમી ક્ષેત્ર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બાયોટેકનોલોજી વિભાગના સેમિનાર હોલ ખાતે 'Street Food Vendros Training and Awareness Programme'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ભોજનને પ્રોત્સાહન આપવાની સાથે દરેક ખાદ્ય વિક્રેતાને ખાદ્ય સુરક્ષા પ્રત્યે જાગૃત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં લોકસભા સાંસદ શ્રી મુકેશ દલાલ, VNSGUના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સુરત મહાનગરપાલિકાના ફૂડ ઓફિસર શ્રી બી. આર. બ્રહ્મભટ્ટ તથા FSSAIના જોઈન્ટ ડિરેક્ટર ડૉ. રાજકુમાર દગડખૈર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે સ્ટ્રીટ ફૂડ વેન્ડરોને કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના સંબોધનની શરૂઆત 'સુરતનું જમણ અને કાશીનું મરણ' જેવી જાણીતી કહેવતથી કરી હતી. તેમણે સુરતની ખાણીપીણીની આગવી ઓળખનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આ પરંપરા અને ઓળખ જાળવવા માટે સ્વાદની સાથે ખોરાકની

સ્વચ્છતા, ગુણવત્તા અને સુરક્ષાને પણ એટલું જ મહત્ત્વ આપવું જરૂરી છે. ખાદ્ય વિક્રેતાઓની જવાબદારી માત્ર સ્વાદિષ્ટ ભોજન પીરસવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ લોકોને સ્વચ્છ અને સુરક્ષિત ખોરાક પૂરો પાડવાની પણ છે.

લોકસભા સાંસદ શ્રી મુકેશ દલાલે ખાદ્ય સુરક્ષાને લોકોના આરોગ્ય અને જીવન સાથે જોડાયેલો ગંભીર વિષય ગણાવ્યો હતો. તેમણે ખાદ્ય સુરક્ષાના કાયદાઓ અને તેના અસરકારક અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ખોરાકમાં ભેળસેળ કે બેદરકારીને કારણે લોકોના આરોગ્ય અને જીવન સામે જોખમ ઊભું થતું હોવા છતાં કેટલાક કિસ્સાઓમાં માત્ર દંડ ભરીને છૂટી જવાની વૃત્તિ અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ખાદ્ય વિક્રેતાઓને નિયમોનું પાલન માત્ર દંડથી બચવા માટે નહીં, પરંતુ ગ્રાહકોના આરોગ્ય પ્રત્યેની જવાબદારી સમજીને કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં સ્વચ્છ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખોરાકને પ્રોત્સાહન આપવાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સ્ટ્રીટ ફૂડની ગુણવત્તા અને સુરક્ષા જાળવવા માટે ખાદ્ય વિક્રેતાઓમાં જરૂરી સમજણ અને જાગૃતિ કેળવવી તથા ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવું આ પ્રકારના તાલીમ અને જાગૃતિ કાર્યક્રમનો મુખ્ય હેતુ રહ્યો હતો.

એસ.ટી.ની દિવાળી સ્પેશ્યલ એક્સ્ટ્રા બસોની સેવાનો સુરતના ૬૯,૧૬૨ મુસાફરોએ લાભ લીધો

પોષણક્ષમ ભાડામાં મુસાફરો પરિવાર સાથે સમયસર, સલામત રીતે માદરે વતન પહોંચ્યા





સુરત, તા.૨૧

શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોના છેવાડાના નાગરિકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સુવિધા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી તેમજ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને સુરતમાં નોકરી વ્યવસાય કરનારા નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવારની ઉજવણી માદરે વતનમાં કરી શકે તે માટે સુરત એસ. ટી.વિભાગ દ્વારા તા.૪ થી ૭ નવેમ્બર દરમિયાન દિવાળી સ્પેશિયલ ૧૩૦૦ થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવાઈ હતી. જેનાથી સુરત એસ.ટી. વિભાગને રૂ.૨,૫૯,૯૬૧૬૪ ની બમ્પર આવક થઈ છે. ૫,૩૧,૪૪૯ કિમીની ૧૩૬૧ એક્સ્ટ્રા ટ્રીપોનો સુરતના ૬૯,૧૬૨ મુસાફરોએ લાભ લઈ પોષણક્ષમ ભાડામાં પરિવાર સાથે સમયસર, સલામત રીતે માદરે વતન પહોંચ્યા હતા. જેમાં 'એસ.ટી. આપના દ્વારે' યોજના હેઠળ ગ્રૂપ બુકિંગ કરાવનાર ૭૬૪૪ મુસાફરોનો પણ સમાવેશ થાય છે, જેમને ૧૪૭ ટ્રીપો દ્વારા સલામત રીતે તેમના વતનના ગામ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના એક્સ્ટ્રા બસ સંચાલનના આયોજનને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. રાજ્યમાં સુરતથી થયેલી કુલ ટ્રીપો જોઈએ તો, અમરેલીની ૧૨૪, સાવરકુંડલાની ૬૦, મહુવાની ૮૬, ગારીયાધારની ૬૫, ભાવનગરની ૪૧, રાજકોટની ૩, જુનાગઢની ૪૯, ઉનાની ૧૭, ઝાલોદની ૨૬૦, રામનગર-અડાજણથી ઝાલોદની ૯૧ અને દાહોદની ૧૭૭ ટ્રીપો કરવામાં આવી હતી. તા.૭મીએ અંતિમ દિવસે ૨૬૦ ટ્રીપો થકી

અનુસંધાન પાના ૭ પર

બારડોલી ખાતે જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાયા



શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજના પ્રેરણા મૂર્તિ એવા પૂ .શ્રી બાલમુકુન્દ મહારાજ એ વિરપુર ના સંત શિરોમણી પૂજ્ય શ્રી જલારામ બાપાના મંદિરની સ્થાપના વર્ષ ૧૯૭૦ માં કરી હતી.

છેલ્લા ૫૬ વર્ષથી પૂ.શ્રી બાલમુકુન્દ મહારાજનો પરિવાર આ સંસ્થામાં સેવા કરી રહ્યો છે.

બારડોલી.તા..

શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજના પ્રેરણા મૂર્તિ એવા શ્રી બાલમુકુન્દ મહારાજ એ વિરપુર ના સંત શિરોમણી પૂજ્ય શ્રી જલારામ બાપાના મંદિરની સ્થાપના વર્ષ ૧૯૭૦ માં કરી હતી અને ત્યારથી અવિરત બુદ્ધિ બાપાના મંદિરની સેવા કરીને આ સંસ્થા છેલ્લા ૫૬ વર્ષથી ભિક્ષુકોને ભોજન તથા અન્ય સામાજિક સેવા ધાર્મિક ઉત્સવની ઉજવણીના વિવિધ કાર્યક્રમ કરતી આવી છે શ્રી બાલમુકુન્દ મહારાજનો પરિવાર આ સંસ્થામાં સેવા કરી રહ્યો છે. જેમાં પૂ. બાલમુકુન્દ મહારાજના પરિવાર સેવા આપી રહ્યા છે.

શ્રી ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ દ્વારા આયોજિત પૂ. જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં રક્તદાન શિબીરમાં ૨૨૭ જેટલી બોટલો રક્ત એકત્ર થયું હતું.આ સાથે મળસ્કે વહેલી સવારથી પૂ. બાપાના દર્શન કરવા માટે આવતા ૫૦૦૦ પદયાત્રીઓ માટે ચા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.જયારે ૧૫૦૦૦ જેટલા ભક્તો એ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.અને ભક્તો દ્વારા સાંજે ૨૨૭ દીવા પ્રગટાવી સામુહિક મહા આરતી કરવામાં આવી.વધુમાં આ નિમિતે ભક્તો દ્વારા મંદિર ટ્રસ્ટ માં અશક્ત વ્યક્તિઓ માટે ૨૫ વોકર , ૪ વ્હીલ ચેર, અને ઓક્સિજન બોટલ દાન પેટે આપવામાં આવી છે.સાંજે અન્નકૂટ ૫૬ ભોગનો પ્રસાદ અને રાત્રે જયદીપ ભાઈ સોની, પોપટ ભાઈ માલધારી, જિગીષાબેન સુરતી, નો લોક ડાયરો યોજાયો હતો .બારડોલી સુગર ફેક્ટરી અને સરદાર સ્મારક હોસ્પિટલ માં આશરે ૪૦૦૦ જેટલા વ્યક્તિઓ માટે ભોજન પ્રસાદી નું વિતરણ કરવામાં આવ્યું હતું.અને યોગાનુયોગ આજે ૨૭ ગુરુવારે સાંજે ભક્તો માટે મહાપ્રસાદી નો ભંડારો કરવામાં આવે છે.


શ્રી બાલમુકુન્દ મહારાજ (જલારામ મંદિર, બારડોલી)

૩૧મા સમૂહલગ્નોત્સવમાં 'બાળ જન્મ પ્રોત્સાહન અભિયાન'ના પ્રથમ લાભાર્થી દંપતીનું ભવ્ય જાહેર સન્માન



કચ્છ કડવા પાટીદાર સમાજ ના દક્ષિણ ગુજરાત ઝોન સમાજ દ્વારા ૩૧મા સમૂહલગ્નોત્સવ – ૨૦૨૬ના પાવન અવસરે જાહેર કરવામાં આવેલ 'બાળ જન્મ પ્રોત્સાહન અભિયાન' અંતર્ગત પ્રથમ લાભાર્થી દંપતીનું ભવ્ય જાહેર મંચ પરથી સન્માન કરી પ્રોત્સાહન રકમ અર્પણ કરવામાં આવી હતી.

સુરતના કુંભારીયા–મગોબ વિસ્તારમાં સ્થાયી થયેલા તથા મૂળ કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના ઉખેડા ગામના વતની પરસોતમભાઈ સાંખલાના સુપુત્ર જીગ્નેશભાઈ સાંખલાના પરિવારમાં ગત મહિને ત્રીજા સંતાનનો જન્મ થતાં આ અભિયાનનો પ્રથમ લાભ પ્રાપ્ત થયો હતો.

આ પ્રથમ લાભાર્થી દંપતીનું સન્માન ઝોન સમાજના પ્રમુખશ્રી તથા સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં, સમૂહલગ્નમાં લગ્નગ્રંથિથી જોડાનાર ૨૧ દીકરીઓ અને વિશાળ જનમેદનીની સાક્ષીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દંપતીને પ્રોત્સાહન રકમ અર્પણ કરી સમગ્ર સમાજ સમક્ષ એક પ્રેરણાદાયી ઉદાહરણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

SUV EDUCATION CAMPUS, વલથાણ, કામરેજ, સુરત ખાતે આયોજિત આ તુલસી વિવાહ ના દિને ભવ્ય સમારોહમાં આ અભિયાનને વિશેષ મહત્વ સાથે રજૂ કરી સમાજના દરેક પરિવારને તેનો લાભ લેવા અને આ ઉમદા પહેલમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી.

આ અભિયાન પાછળનો મુખ્ય હેતુ માત્ર ઘટતી જતી જન્મસંખ્યાને પ્રોત્સાહન આપવાનો નથી, પરંતુ ભારતીય સંયુક્ત કુટુંબ વ્યવસ્થાની અમૂલ્ય પરંપરા અને સંબંધોની મીઠાશનું જતન કરવાનો પણ છે.આજના સમયમાં નાના થતા જતા પરિવારોને કારણે કાકા-કાકી, મામા-મામી, માસા-માસી, ફઈ-ફુવા જેવા સ્નેહસભર સંબંધોનો અનુભવ નવી પેઢીને ઓછો થતો જાય છે. આ સંબંધો માત્ર નામ પૂરતા નથી, પરંતુ બાળકોના જીવનમાં લાગણી, હૂંફ, સહકાર, સામાજિક જોડાણ અને પારિવારિક સંસ્કારોનું સિંચન કરનારા અમૂલ્ય આધારસ્તંભ છે.

મોટા અને સંયુક્ત પરિવારમાં બાળકોને મળતી સ્નેહની હૂંફ, વડીલોનું માર્ગદર્શન, પરિવારના સભ્યો સાથેનું ભાવનાત્મક જોડાણ અને સંબંધોની જવાબદારીમાંથી જ જીવનના સંસ્કારોનું ઘડતર થતું હોય છે. શૌર્ય સંસ્કરણ અને સંસ્કારસભર સમાજના નિર્માણ માટે પણ આવા પારિવારિક માળખાનું વિશેષ મહત્વ છે.આવી ભાવિ પેઢી માટેની સામાજિક વિટંબણાઓને ધ્યાનમાં રાખીને દક્ષિણ ગુજરાત ઝોન સમાજ દ્વારા આ ઉમદા અને દૂરંદેશી અભિયાનની પહેલ કરવામાં આવી છે.

વિશેષ ગૌરવની વાત એ છે કે અભિયાનની જાહેરાત બાદ પ્રથમ જ લાભાર્થી પરિવારને ૩૧મા સમૂહલગ્નોત્સવના વિશાળ જાહેર મંચ પરથી પ્રોત્સાહન રકમ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યો હતો. ૨૧ દીકરીઓના સમૂહલગ્નના મંગલમય પ્રસંગની વચ્ચે આ અભિયાનને મળેલું સ્થાન સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યું છે. સમાજના ભવિષ્યને સુરક્ષિત કરવા, સંયુક્ત પરિવારની સંસ્કૃતિને જીવંત રાખવા અને આવનારી પેઢીમાં સ્નેહ, સંસ્કાર તથા સામાજિક જવાબદારીનું સિંચન કરવા માટે આ અભિયાન એક નવીન, હકારાત્મક અને પ્રેરણાદાયી સામાજિક પહેલ બની રહેશે.

નાનો પરિવાર નહીં, સંસ્કારસભર વિશાળ પરિવાર – એ જ સમાજની શક્તિ અને આવનારી પેઢીનું સાચું ભાથું છે.

કુકરમુંડાની વિવિધ ગ્રામ પંચાયતોને પાણીના ટેન્કરો ફાળવાયા, મંત્રી ડો. જયરામ ગામીતે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

ધારાસભ્ય ગ્રાન્ટમાંથી ફાળવણી થતાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સુવિધા વધુ સુલભ બનશે



તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સુવિધા વધુ સુલભ બને તે હેતુથી ધારાસભ્ય ગ્રાન્ટમાંથી વિવિધ ગ્રામ પંચાયતોને પાણીના ટેન્કરો ફાળવવામાં આવ્યા છે. કુકરમુંડા એપીએમસી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના રમત અને પ્રવાસન મંત્રી ડૉ. જયરામ ગામીતના હસ્તે પાણીના ટેન્કરોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક અને ધાર્મિક પ્રસંગો તેમજ વિવિધ વિકાસકાર્યો દરમિયાન પાણીની જરૂરિયાત ઊભી થતી હોય છે. આવા પ્રસંગોએ ગ્રામજનોને પાણીની સુવિધા સરળતાથી મળી રહે અને પાણીની સમસ્યાનો સામનો ન કરવો પડે તેવા હેતુથી આ ટેન્કરો ફાળવવામાં આવ્યા છે.

આ પ્રસંગે જિલ્લા અગ્રણી સુરજ વસાવા સહિત તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ, વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પાણીના ટેન્કરોની ફાળવણીથી કુકરમુંડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક-ધાર્મિક પ્રસંગો તેમજ જાહેર જરૂરિયાતો માટે પાણીની વ્યવસ્થા કરવામાં સરળતા રહેશે.

ગરમીની સિઝનમાં ભોજન વહેલી તકે ખરાબ થઈ જાય છે જેથી...

ગરમીમા ગરમ ભોજન કરવાની જરૂર

વધતી ગરમીમાં શુદ્ધ અને ગરમ ભોજન કરવા અને બહારની ચીજોને ટાળવાની સલાહ : ભોજનને સુરક્ષિત રાખવા ફ્રીજનો ઉપયોગ જરૂરી



ગરમીની સિઝન આવતાની સાથે જ ફુડ પોઈઝનિંગ અથવા તો ખોરાકી ઝેરના મામલા સતત વધી જાય છે. ફુડ પોઈઝનિંગ મોટા ભાગે ખાદ્ય ચીજવસ્તુઓ મારફતે થાય છે. દુષિત થઈ ગયેલી અને વધારે સમય સુધી પડેલી ચીજો અથવા તો બહારની ચીજો વધારે ખાવાના કારણે ફુડ પોઈઝનિંગની અસર થાય છે. ફુડ પોઈઝનિંગને સામાન્ય રીતે અથવા તો મેડીકલની ભાષામાં ફુડ બોર્ન ઈલનેસ પણ કહેવામાં આવે છે. દુષિત ખાદ્ય ચીજો ખાવાના કારણે આરોગ્યને લગતી તકલીફ વધતી રહે છે. ઈન્ફેક્શન જંતુ જેમ કે બેક્ટિરિયા, વાયરસ અને પરજીવી જેવા દુષણના કારણે ભોજન ખરાબ થઈ જાય છે. આ પ્રકારના ભોજનની સામાન્ય રીતે ખબર પડતી નથી અને આવી ચીજોનો ઉપયોગ કરી લેવામાં આવે છે જેથી ફુડ પોઈઝનિંગની અસર થઈ જાય છે. ઈન્ફેક્શનગ્રસ્ત જીવ અને તેના દ્વારા ફેલાવવામાં આવતા દુષણના કારણે ચીજો ખરાબ થઈ જાય છે. ફુડ પોઈઝનિંગની સમસ્યામાં દુષિત ભોજનની અસર વ્યક્તિની વય, આરોગ્ય અને ઈન્ફેક્શનના પ્રકાર તેમજ ઈન્ફેક્શનની અસર પર તમામ બાબતો આધારિત રહે છે. રોગ પ્રતિકારક ક્ષમતા સંપૂર્ણપણે ન હોવાના કારણે તેમા કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનની અસર વધારે રહે છે. જેથી તેમાં રોગનો ખતરો પણ વધી જાય છે. સામાન્ય રીતે જે લોકો રોગ પ્રતિકારક ક્ષમતા પ્રમાણમાં ઓછી ધરાવે છે તે લોકોને ઈન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. મોટી વયના લોકોમાં આ તકલીફ સૌથી વધારે થાય છે. કારણ કે તેમનામાં રોગ પ્રતિકારક ક્ષમતા ધીમે ધીમે ઓછી થઈ જાય છે. મોટી વયના લોકોમાં રોગ પ્રતિકારક ક્ષમતા યુવા લોકોની તુલનામાં ખુબ ઓછી રહે છે. આ લોકો પર ઈન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. સગર્ભા મહિલાઓમાં પણ ઈન્ફેક્શનની અસર સૌથી વધારે થાય છે. ડાયબિટીસ, લિવર સંબંધિત રોગ અને એઈડ્સ જેવી બિમારથી ગ્રસ્ત લોકોમાં પણ ફુડ પોઈઝનિંગની સમસ્યા હોઈ શકે છે. આ ઉપરાંત જે લોકો કેન્સરની સારવાર માટે કિમિયોથેરાપી અને રેડિએશન થેરાપી લઈ રહ્યા છે અથવા તો લઈ ચુક્યા છે તે લોકોમાં પણ આની અસર થઈ શકે છે. રોગ પ્રતિકારક ક્ષમતા નબળી હોવાના કારણે કોઈ પણ બિમારી તરત જ અસર કરી જાય છે. સાવધાની અને બચાવ જ સારવારના રૂપ તરીકે છે. ફુડ પોઈઝનિંગ થવાની અસર હેઠળ પેટમાં જોરદાર દુખાવો રહે છે. સતત ઉલ્ટી થાય છે. નબળાઈનો અનુભવ થાય છે. ચક્કર આવવાની પણ દર્દી ફરિયાદ કરે છે. ફુડ પોઈઝનિંગની સમસ્યા થવા માટે મુખ્ય રીતે ત્રણ કારણો જવાબદાર રહે છે. બેક્ટિરિયાના લીધે સૌથી વધારે અસર થાય છે.

ફુડ પોઈઝનિંગ થવા માટે બેક્ટિરિયા સૌથી પ્રચલિત કારણ પૈકી એક છે. તેમાં ઈ-કોલાઈ, લિક્ટોરિયા, સાલ્મોનેલા જેવી સમસ્યાને ફેલાવનાર સૌથી મુખ્ય બેક્ટિરિયા છે. પરજીવીના કારણે પણ ફુડ પોઈઝનિંગ થાય છે. આના કારણે ફુડ પોઈઝનિંગ થવાની બાબત સામાન્ય બાબત નથી. જો કે ભોજનના કારણે ફેલાતા પરજીવા ખુબ જ ખતરનાક હોય છે. આ પાચનતંત્રમાં વર્ષો સુધી રહી શકે છે. તેમની ઓળખ કરવાની કામગીરી થોડીક મુશ્કેલી ભરેલી રહે છે. કમજોર રોગ પ્રતિકારક ક્ષમતાવાળા લોકો અને સગર્ભા મહિલાઓના આંતરડામાં પરજીવાના કારણે ખુબ નુકસાન થઈ શકે છે. વાયરસના લીધે પણ ફુડપોઈઝનિંગ થઈ જાય છે. આના માટે નોરો વાયરસ સૌથી સામાન્ય હોય છે. આ ઉપરાંત સેપોવાયરસસ, રોટા વાયરસ અને એસ્ટ્રો વાયરસ પણ ફુડ પોઈઝનિંગની અસર કરે છે. લિવરને પ્રભાવિત કરનારપ હેપેટાઈટીસ એ તથા ઈ પણ એક ગંભીર બિમારી તરીકે છે. ફુડ પોઈઝનિંગથી બચવા માટે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તો બચી શકાય છે.

ગરમીની સિઝનમાં સૌથી વધારે ગરમી હોવાના કારણે ભોજન પહેલી તકે બગડી જાય છે. આવી સ્થિતીમાં શુદ્ધ અને ગરમ ભોજન તરફ વધારે પ્રાથમિકતા રાખવી જોઈએ. સાથે સાથે બહારની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ નહી. ભોજનને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે ફ્રિજનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. માર્કેટમાં ઉપલબ્ધ રહેલી ચીજ વસ્તુઓ મોટા ભાગે ટાળવામાં આવે તે પણ જરૂરી છે. ભોજન કરતા પહેલા હાથ ખુબ સારી રીતે ધોઈ કાઢવા જોઈએ. દુધ અને અન્ય ડેરી પ્રોડક્ટસ ગરમીમાં વહેલી તકે ખરાબ થઈ જાય છે. જેથી તેમને ઓછા તાપમાનમાં ફીજમાં રાખવામાં આવે તો ખરાબ થતા નથી. ગરમીની સિઝનમાં સૌથી વધારે મામલા ફુડ પોઈઝનિંગના જોવા મળે છે. કારણ કે લોકો ભાગદોડની લાઈફમાં ધ્યાન રાખ્યા વગર કેટલીક વખત બહાર પણ આડેધડ ભોજન કરી લે છે.



લાંબા વિડિયો પ્લેટફોર્મ સામે પડકારો

ઈન્સ્ટાગ્રામના લાંબા વિડિયોવાળા પ્લેટફોર્મને હાલમાં કેટલાક પડકારોનો સામનો કરવો પડશે. જેમ કે કન્ટેન્ટ બનાવવાવાળા લોકોની સાથે રેવેન્યુ મોડલ માટેનુ માળખુ તૈયાર કરવાનુ રહેશે. વિડિયોના નિર્માતા અને દર્શકોને જાળવી રાખવા માટેની બાબત પણ પડકારરૂપ રહેશે. સાથે સાથે ચાહકોને એકબીજા સાથે જોડી રાખવાની બાબત પણ તેમના માટે સરળ રહેનાર નથી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે યુટ્યુબ કન્ટેન્ટ બનાવનારની સાથે રેવેન્યુ સીધી રીતે વહેચે છે. જેમાં સફળ વિડિયો ક્રિએટરની કમાણી દર મહિને ૧૦ હજાર ડોલરથી વધારે છે. ઈન્સ્ટાગ્રામની નીતિ હાલમાં આ સંબંધમાં સ્પષ્ટ દેખાઈ રહી નથી. ઈન્સ્ટાગ્રામમાં વધારે ફોલોવર ધરાવનાર લોકો પ્રભાવશાળી માર્કેટિંગ મારફતે પૈસા કમાવી રહ્યા છે. જેમાં કંપનીઓ સીધી રીતે એવા લોકોને પોતાની પ્રોડક્ટસ અને નાણાં આપે છે જેમની પાસે ફોલોઅર્સ વધારે છે. તેમને ઈન્સ્ટાગ્રામ કોઈ પણ રીતે સીધા પૈસા આપતી નથી. બીજો મોટો પડકાર એ છે કે આઈજી ટીવી પ્લેટફોર્મને સાફ સુફરો રાખવાની પણ જરૂર છે. અશ્લીલ અને ઠેસ પહોંચાડનાર વિડિયો પર પણ અંકુશ મુકવા માટેની જરૂર દેખાઈ રહી છે. યુટ્યુબની મામલે નીતિ સ્પષ્ટ રહી છે. યુટયુબ હિંસા અને અશ્લીલતા ફેલાવનાર વિડિયોને તરત દુર કરે છે. તેની સંપૂર્ણ ટીમ આ મામલે ખુબ જ સંવેદનશીલ રહેલી છે. એક મામલો એવા યુટ્યુબના પણ છે જે લોકોએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના એકાઉન્ટ બનાવી લીધા છે પરંતુ યુટ્યુબનો હજુ સુધી સાથ છોડ્યો નથી. સ્વાભાવિક છે કે નવા પડકારોને ધ્યાનમાં લઈને યુટ્યુબ પોતે પણ ફેરફાર કરવાના લઈને ભારે દબાણ હેઠળ રહે છે. ફેસબુક અને ગુગલમાં પ્રભુત્વ માટેન લડાઈ હાલમાં છેડાયેલી છે. આના કારણે સીધો ફાયદો તો સામાન્ય લોકોને જ થનાર છે. કારણ કે તેમને પોતાની ક્રિએટિવિટી દર્શાવવા અને લોકોની સાથે જોડાઈ જવા માટે નવા ફિચર્સ પણ મળશે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આગામી દિવસોમાં કેટલાક નવા પડકારો બન્નેની સામે રહેશે. ખુબ ઓછા લોકો પાસે આ અંગેની માહિતી છે કે વિડિયો યરિંગ વેબસાઈટ તરીકે પે પલ કર્મચારીઓ દ્વારા યુટ્યુબની રચના કરવામાં આવી હતી. આ સાઈટ પર યુઝરો કન્ટેન્ટને અપલોડ કરી શકે છે, શેયર કરી શકે છે અને અન્ય લોકોને આપ લે કરી શકે છે. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૫ના દિવસે યુટ્યુબને એક્ટિવેટ કરવામાં આવ્યા બાદ આજે તેની લોકપ્રિયતા રેકોર્ડ સપાટી પર છે. પે પલ માટે કામ કરી રહ્યા હતા ત્યારે ત્રણ કર્મચારીઓ ચાડર્લે, સ્ટીવ ચેન અને જાવેદ કરીમ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. પે પલ માટે અભ્યાસ કરતા પહેલા હર્લે ઈન્ડિયન યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં ડિઝાઈનમાં અભ્યાસ કરી રહ્યા હતા. ચેન અને કરીમે યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસમાં કોમ્પ્યુટરમાં અભ્યાસ કર્યો હતો. પ્રથમ યુટ્યુબ વિડિયો મી એટ ઝુ નામથી મુકવામાં આવ્યા બાદ તેની વિધીવત શરૂઆત થઈ હતી. ૨૩મી એપ્રિલ ૨૦૦૫ના દિવસે તેને અપલોડ કરવામાં સફળતા મળી હતી. વર્ષ ૨૦૦૬માં તે વર્લ્ડ વાઈડ વેબસાઈટમાં સૌથી ઝડપથી લોકપ્રિય થતી સાઈટ બની ગઈ હતી. આવ જ રીતે ઈન્સ્ટાગ્રામ ફેસબુકની માલિકીની એક ફોટો અને વિડિયો શેયરિંગ સોસિયલ નેટવર્કિંગ સાઈટ છે. કેવિન સેસ્ટ્રોમ અને મઈક ક્રિગર દ્વારા તેની રચના કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૧૦માં તેને લોંચ કરવામાં આવ્યા બાદ તેની પણ લોકપ્રિયતા સતત વધી રહી છે. શરૂઆતમાં તેની સેવા મર્યાદિત હતી પરંતુ હવે તેમાં જુદા જુદા ફિચર્સ ઉમેરી દેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૦માં લોંચ કરવામાં આવ્યા બાદ ઈન્સ્ટાગ્રામની લોકપ્રિયતા રોકેટગતિથી વધી હતી. બે મહિનાના ગાળામાં જ ૧૦ લાખ લોકો નોંધાઈ ગયા હતા. એક વર્ષમાં એક કરોડ સુધી આંકડો પહોંચી ગયો હતો. સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી ૮૦ કરોડ સુધી આંકડો પહોંચી ગયો છે. જે દર્શાવે છે કે લોકપ્રિયતા કેટલી હદ સુધી વધી રહી છે.

તંત્રી લેખ...

શનિવાર, તા.૨૧ નવેમ્બર ૨૦૨૬

માર્ગો સુવિધાસભર ભલે થાય; સાથે સલામતે બનાવો

કોઈ પણ દેશના વિકાસમાં માર્ગોનાં માળખાંનો વિકાસ ચાવીરૂપ બની રહેતો હોય છે. સારા માર્ગોથી પરિવહન સરળ અને ઝડપી બની શકે છે, જેના લીધે ઈંધણ અને સમયની બચત સરવાળે દેશના વેપાર ઉદ્યોગમાં ભારે મદદરૂપ બને છે, પણ આધુનિક ભારતમાં સારા બનતા જતા માર્ગો આર્થિક ઉન્નતિની સાથે જીવલેણ અકસ્માતોના કારણ બની રહ્યાની ગમગીન કરે એવી હકીકત વધુ ને વધુ સ્પષ્ટ બની રહી છે. એક્સપ્રેસ વે હોય કે ફોર લેન હાઈવે હોય દેશના માર્ગોના વિસ્તરણના કામો ઝડપભેર હાથ ધરાઈ રહ્યા છે, તેવા સમયે આ માર્ગો પરના વાહન વ્યવહારને નિયંત્રિત કરીને સલામતી પર ધ્યાન આપવાની જરૂરત રોજબરોજ બનતા અકસ્માતો પરથી છતી થઈ રહી છે. આસામના કાજીરંગામાં મિની બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા કમકમાટીભર્યા અકસ્માતમાં વિદ્યાર્થીઓ સહિત ઓછામાં ઓછા ૨૩ જણનાં મોત થયાના બનાવે દેશભરમાં માર્ગ સલામતીની સ્થિતિ અંગે ચિંતા જગાવી છે. આમ તો દરેક રાજ્ય અને જિલ્લામાં રોજબરોજ બનતા માર્ગ અકસ્માતોમાં એકલ-દોકલ લોકોના જીવ જતા હોય છે. પણ કાજીરંગા જેવા બનાવ સમયે માર્ગ સલામતીની ચિંતા સ્વાભાવિક રીતે

ઊભી થતી હોય છે. કાજીરંગાના અકસ્માતમાં જે મિની બસમાં મોત થયા તેની સામે અત્યાર સુધી ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનના ૧૨ મેમો અપાઈ ચુક્યા હતા. આવામાં સવાલ એ છે કે, સારા માર્ગો પર બેફામ દોડતાં વાહનો અને તેના ચાલકો સામે ટ્રફિકના નિયમોના પાલન માટે કોઈ નક્કર અને કાયમી વ્યવસ્થા નથી. સંસદમાં રજૂ કરાયેલા આંકડા ખરા અર્થમાં ભારે ભયંકર ચિત્ર ખડું કરે છે. વર્ષ ૨૦૨૫માં દેશમાં ૫,૧૩,૫૬૩ માર્ગ અકસ્માત પોલીસ ચોપડે નોંધાયા હતા, જેમાં ૧,૮૩,૩૮૨ જણનાં મોત થયાં હતાં. આમ સરેરાશ જોઈએ તો રોજ લગભગ ૫૦૦ લોકો માટે માર્ગો જીવલેણ બને છે. આ અકસ્માતોમાં લગભગ ૪.૭૧ લાખ લોકો ઘાયલ થયા હતા. એક તરફ દેશના વિકાસ માટે ચાવીરૂપ આવા સારા માર્ગો સિક્કાની બીજી કાળી બાજુમાં સામાજિક અને પારિવારિક આફત નોતરતા રહે છે. સૌ કોઈ જાણે છે કે, અકસ્માતોની પાછળનું મુખ્ય કારણ બેફામ ઝડપ હોય છે. સામે આવેલા આંકડા મુજબ દેશમાં થતા અકસ્માતોમાં ૭૦.૩ ટકામાં ઓવર સ્પીડિંગ કારણરૂપ હોય છે. દારૂ પીને વાહન ચલાવવા, રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ, હેલમેટ અને સીટબેલ્ટનો ઉપયોગ ન કરવા જેવા કારણો પણ અકસ્માત નોતરતા હોય છે. વળી માર્ગ અકસ્માતોમાં ૪૬.૨ ટકા કિસ્સામાં ટુ વ્હીલર વાહનોનો હિસ્સો હોય છે. આ આંકડા સતત વધી રહ્યા છે, જે ખરા અર્થમાં વધતા જતા જોખમ અંગે ચિંતા જગાવે છે. આ માટે નવા માર્ગો બાંધવા કે જૂનાને પહોળા કરવા તથા અકસ્માત સમયે વળતર આપવાના પગલાં માર્ગો પરના જોખમને હળવું કરે તેમ નથી. ખેરખર તો ટ્રફિકના નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરનારાના લાયસન્સ અને વાહનોની પરમીટ રદ કરવા અને વાહનોના ફિટનેસની સતત ચકાસણી કરવા પર ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. માર્ગો પર બેફામ વાહનોની સામે કેમેરક અને સ્પીડ ગન જેવા સાધનોની તૈનાતી વધારીને ચાલકો પર સતત નજર રાખવાના પગલાં લેવાવા જોઈએ. સરકારે માર્ગોને સુવિધાજનક બનાવવાની સાથોસાથ સલામત સફરના માધ્યમ બનાવવા પર પણ ગંભીરતા સાથે ધ્યાન આપવું જોઈએ.

એસઆઈઆર અને સુપ્રીમ કોર્ટ

'સ્પે શિયલ ઈન્ટેન્સિવ રિવિઝન'ની પ્રક્રિયાનો મુદ્દો કોંગ્રેસ અને સાથી પક્ષોએ બરાબર પકડયો છે. કોકોચ જનતા પાર્ટીએ વિરોધ પ્રદર્શન કર્યા પછી થોડા સમયથી મૌન સેવી લીધું છે પરંતુ ઈન્ડિયા સંગઠને વાત ઝાલી રાખી છે. મોટી કૂચ સર્વોચ્ચ અદાલત સુધી લઈને ગયેલા રાહુલ ગાંધીએ હવે ફરી એકવાર એક મહત્ત્વની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. ૪૮ સવાલ પૂછીને ફરી એકવાર ચૂંટણીપંચને લોકસભા વિપક્ષી નેતાએ ઘેર્યું છે. અગાઉ અનેક અરજી થઈ ચૂકી છે, ત્યારે હવે ચૂંટણીપંચની કાર્યપ્રણાલી સામે રાહુલ ગાંધીએ ૪૮ સવાલોના શપથપત્ર સાથે કરેલી અરજીમાં સર્વોચ્ચ અદાલત સામે વિશેષ માગણી કરી છે. સુપ્રીમ કોર્ટ આ સંવેદનશીલ મામલો કઈ રીતે હાથ ધરે છે એ જોવું જરૂરી છે. રાહુલ અને સાથીપક્ષોએ અણિયાળો સવાલ ઉઠાવ્યો છે કે, 'એસઆઈઆર', ચૂંટણીપંચની આખી આ પ્રક્રિયાનો નિર્ણય સામૂહિક હતો કે, મુખ્ય ચૂંટણી કમિશનરે એકલાએ લીધો હતો? વિવેક જોશી અને એસ. એસ. સંધુએ આ પ્રક્રિયા સામે લેખિત વાંધા અને અસંમતિ નોંધાવી હતી તે રીતે અન્ય કોઈ કમિશનરે સવાલ કર્યો હતો કે નહીં? ઉલ્લેખનીય છે કે, પંચ સ્પષ્ટતા કરી ચૂક્યું છે કે, આ સમગ્ર પ્રક્રિયા સર્વાનુમતે થયેલા નિર્ણયથી થઈ હતી. ઓનલાઈન ફોર્મ નં. ૬માં જે નવું ઘોષણાપત્ર જોડવામાં આવ્યું છે તે ઉમેરવાની સત્તા કોણે આપી? તે ક્યારે મંજૂર કરાયું? મતદારયાદી નિયંત્રણ માટેની પ્રણાલીના કેન્દ્રીયકરણ પાછળ કોનો આદેશ હતો અને ખાસ તો અંતિમ મતદારયાદીઓમાંથી ગરીબ, અ.જા., અલ્પસંખ્યક અને સ્થળાંતરિત મતદારોનાં નામ મોટી સંખ્યામાં ક્યા ધોરણે કમી કરાયાં? જો કે, એસઆઈઆરવાળો મુદ્દો હજી સાવ શાંત પડયો નથી અને આગામી વર્ષે ગુજરાત, ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે ત્યારે પડવાનો પણ નથી, પરંતુ થોડા સમયથી જે મોરચો થોડો ઢીલો હતો ત્યાં આ સવાલ-અરજીને લીધે પુનઃ ગરમી આવી ગઈ છે. રાહુલ ગાંધીએ ઉઠાવેલા આ ૪૮ પ્રશ્ન માત્ર રાજકીય નથી. બંધારણીય સંસ્થાની આંતરિક પારદર્શકતા તથા વિશ્વસનીયતા અને સામૂહિક નિર્ણય લેવાની પદ્ધતિ સાથે સંકળાયેલા છે. ચીફ ઈલેક્શન કમિશનર અને અન્ય કમિશનરો વચ્ચેના મતભેદની વાત બહાર આવ્યા પછી તેની સ્પષ્ટતાઓ તો થઈ ગઈ, પરંતુ આ છાપ જે પડી છે તે ગંભીર અને ચિંતાજનક છે. મતદારયાદી- સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન હવે ફક્ત રાજકીય પક્ષનો મુદ્દો નથી. દેશમાં વિવિધ સ્થળે, વિવિધ સ્તરે ક્યાંક-ક્યાંક, કોઈ જાહેર કાર્યક્રમોમાં નિવૃત્ત ન્યાયાધીશો પણ આ મુદ્દે બોલી ગયા છે. મતદારનાં નામ કમી થવા જેવી બાબતો સામાન્ય નાગરિકના મતાધિકારના મૂળ ઉપર પ્રહાર કરે છે. આ આખા વિવાદના અંતનો એકમાત્ર ઉપાય એ છે કે, ચૂંટણીપંચ અત્યંત સંતોષકારક રીતે, આ ૪૮ અને અગાઉ ઊઠેલા તમામ સવાલોના જવાબ આપે. પોતાની વિશ્વસનીયતા પુરવાર કરે. વિપક્ષને ભલે ચૂંટણીપંચ વશ ન થાય, પરંતુ જેના માટે કામ કરે છે તે ગણતંત્રના મતદારો અને નાગરિકોમાં પંચ પ્રત્યેનો વિશ્વાસ પુનઃ નિર્મિત થાય અથવા તો ટકે તે જરૂરી છે. ચૂંટણી પ્રક્રિયા માટે જ જો શંકા હશે તો હવે પછી ચૂંટાયેલી સરકાર માટે શ્રદ્ધા કેવી રીતે રહેશે?

રશિયા બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા અને બ્રિટન સહિતના દેશોના પડખે હતું પણ જાપાન સામે સીધો જંગ નહોતું લડતું.

દાઉદ પાકિસ્તાનમાં હોય તો પણ આપણે શું કરી લેવાના?

અલબત્ત ફરિદી પણ સાચું બોલે જ છે તેની કોઈ ગેરંટી નથી.

ભારતમાં બહુ ચાલેલી 'ધુરંધર' ફિલ્મના બીજા ભાગમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમને પથારવીશ ને લાચાર બતાવાયેલો એ જોઈને ભારતીયો ઝૂમી ઉઠેલા. મુંબઈમાં ૧૯૯૩માં આઈએસઆઈ સાથે મળીને ૧૨ ઠેકાણે બૉમ્બ બ્લાસ્ટ કરાવનારા દાઉદ ઈબ્રાહીમને આપણી સરકારો તો કુકર્મોની સજા ના અપાવી શકી પણ આપણી ગુપ્તચર એજન્સીઓએ દાઉદને મરવાના વાંકે જીવતો કરી દીધો એ વિચારે લોકો હરખાતા હતા પણ કામરાન આફરીદીએ દાઉદ વિશે કરેલી વાતો સાંભળ્યા પછી આ હરખ ઊડી જાય એવી હાલત છે.

કામરાન ફરિદી અમેરિકાની ફેડરલ તપાસ એજન્સી એફબીઆઈનો ભૂતપૂર્વ અંડરકવર એજન્ટ હોવાનો દાવો કરે છે. ફરિદીના કહેવા પ્રમાણે, 'ધુરંધર' ફિલ્મમાં બતાવાયું છે એવી દાઉદની હાલત જરાય નથી. દાઉદ હજુય કડેધડે છે ને જરાય બીમાર કે લાચાર નથી. દાઉદ પાકિસ્તાનમાં હજુ પૂરી તાકાતથી સક્રિય છે અને વૈશ્વિક ક્રાઈમ નેટવર્ક ચલાવી રહ્યો છે. દાઉદ હજુ પણ યુકે, યુએઈ અને બીજા દેશોમાં અબજોનું ક્રાઈમ નેટવર્ક, ડ્રગ્સનો કારોબાર અને મની લોન્ડરિંગ સક્રિય રીતે ઓપરેટ કરી રહ્યો છે.

પાકિસ્તાનમાં દાઉદનો હજુય વટ છે, પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ હજુય દાઉદના પગોમાં આળોટે છે અને દાઉદને પાકિસ્તાન આર્મીના સ્પેશ્યલ સર્વિસીસ ગ્રૂપ (જજઋ) ના કમાન્ડો સ્તરની કડક સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. બીજી એજન્સીઓની નજરે ના ચડાય એટલા માટે દાઉદ દિવસે બહાર નીકળવાનું ટાળે છે અને કડક સુરક્ષા વચ્ચે રાત્રે જ બહાર નીકળે છે. ફરિદીના કહેવા પ્રમાણે, હાલમાં પાકિસ્તાનમાં દાઉદનાં ત્રણ સુરક્ષિત આશ્રયસ્થાનો છે કે જ્યાં વારાફરતી દાઉદ રહ્યા કરે છે. કરાચીમાં દાઉદનાં ઘરમાં હજુય મહેફિલો જામે છે અને તવાયફો આવીને મુજરા કરે છે. દાઉદે બીજાં લગન પણ કરી લીધાં છે અને પોતાનાથી બહુ નાની ઉંમરની બીજી પત્ની સાથે જલસા કરે છે. ફરિદીએ બીજી પણ ઘણી વાતો કરી છે ને એ બધી વાતો માંડવાનો અર્થ નથી પણ વાતોનો સાર એ છે કે, 'ધુરંધર' ફિલ્મના બીજા ભાગમાં દાઉદ પતી ગયો હોવાનું જે ચિત્ર ઊભું કરાયેલું એ સાવ ધૂપ્પલ જ હતું. ફરિદીએ ના કહ્યું હોત તો પણ 'ધુરંધર'માં દાઉદનું ચિત્રણ વાસ્તવિક નથી એ સ્પષ્ટ હતું. દાઉદ ઈબ્રાહીમ ૧૯૯૩ના મુંબઈમાં અઢીસોથી વધારે લોકોનો ભોગ લેનારા બૉમ્બ બ્લાસ્ટ પહેલાં જ ભારતમાંથી ભાગી ગયેલો પણ દુબઈમાં દેખાતો હતો. મુંબઈના બ્લાસ્ટ પછી તો દાઉદ સાવ છૂ જ થઈ ગયો ને જાહેરમાં દેખાતો જ બંધ થઈ ગયો હતો. દાઉદ ક્યાં ગયો, શું કરે છે તેની કોઈને ખબર નહોતી ને આપણી એજન્સીઓ ૩૩ વર્ષથી તેને શોધે છે પણ દાઉદનો પત્તો લાગતો નથી ત્યારે ભારતમાં રહીને પાકિસ્તાન પર મૂવી બનાવનારાને દાઉદની હાલત વિશે ખબર પડી જાય એ વાતમાં માલ નહોતો. ફિલ્મના સર્જકોનો એવો દાવો પણ નહોતો. ફિલ્મો મનોરંજન માટે હોય છે ને પાકિસ્તાનની મેથી મરાય ત્યારે ફિલ્મો બ્લોકબ્લસ્ટર થાય છે તેની બધાને ખબર છે તેથી લોકોની માનસિકતાનો ફાયદો લેવા દાઉદને નબળો ને બિચારો બતાવી દેવાયો, બાકી ફિલ્મમાં બતાવાયેલા દાઉદને વાસ્તવિકતા સાથે કંઈ લેવાદેવા નથી એ મોટા ભાગનાં લોકો જાણે જ છે. અલબત્ત ફરિદી પણ સાચું બોલે જ છે તેની કોઈ ગેરંટી નથી. અમેરિકન નાગરિકતા ધરાવતો પાકિસ્તાની મૂળનો કામરાન આફરિદી પાકિસ્તાનમાં રહીને દાઉદ ઈબ્રાહીમ સહિતના આતંકવાદીઓ પર નજર રાખતો અને તેમને ફિટ કરાવી દેવા માટે પુરાવા ભેગા કરતો હતો એવો ફરિદીનો પોતાનો જ દાવો છે. ફરીદી દેખાવ ખાતર એક્સપોર્ટના બિઝનેસ સાથે પણ સંકળાયેલો હતો પણ તેનું મૂળ કામ અમેરિકા વતી જાસૂસી કરવાનું હતું એવો ફરિદીનો દાવો છે. આ દાવામાં કેટલી સચ્ચાઈ છે એ ખબર નથી પણ આફરિદીનો પોતાનો ઈતિહાસ શંકાસ્પદ છે. આફરિદીએ દાઉદ અંગેની વાતો મીડિયાના કેમેરા સામે કરી છે પણ અત્યારે એ ક્યાં છે તેની કોઈને ખબર નથી. કોઈ કહે છે કે થાઈલેન્ડમાં છુપાઈને બેઠો છે તો કોઈ વળી કહે છે કે, આફ્રિકામાં ભરાઈને બેઠો છે. ફરિદીનો દાવો છે કે, દાઉદના સૌથી નજીકના સાથીદાર અને ડી-કંપનીના ફાઈનાન્સ હેડ જાબિર મોતીવાલાની ધરપકડ તેના કારણે થઈ હતી. પછીથી પાકિસ્તાનમાં રહેતા પોતાના પરિવારને આઈએસઆઈ અને દાઉદ પતાવી દેશે એવું જોખમ ઊભું થતાં ફરિદીએ યુએસ કોર્ટમાં જુબાની આપવાનું માંડી વાળ્યું તેના કારણે મોતીવાલા મુક્ત થઈને પાકિસ્તાન પાછો આવી ગયો હતો.એફબીઆઈનું કહેવું છે કે, ફરિદીએ દાઉદ પાસેથી નાણાં લઈને મોતીવાલાને છટકવા દીધો હતો. બંનેમાંથી કોણ સાચું એ ખબર નથી પણ એફબીઆઈએ પછી ફરિદીને લાત મારીને કાઢી મૂકેલો. ભૂરાંટા થયેલા ફરિદીએ પોતાના બોસીસને પતાવી દેવાની ધમકી આપતા ઈ-મેલ કર્યા તેમાં એફબીઆઈએ તેને ફિટ કરી દીધેલો. આ કેસમાં ફરિદીને સાત વર્ષની સજા થયેલી પણ ગમે તે રીત ચાર વર્ષમાં છૂટી ગયેલો. ફરિદી ત્યારથી ગાયબ હતો ને હવે અચાનક પ્રગટ થયો છે ત્યારે આવા ભવ્ય ભૂતકાળ ધરાવતી વ્યક્તિનો ભરોસો કેટલો કરવો એ સવાલ છે.જો કે ભારત માટે તો અત્યારે દાઉદ ઈબ્રાહીમ પાકિસ્તાનમાં હોય તો પણ આપણે શું કરી લેવાના એ મોટો સવાલ છે. દાઉદે ૧૯૯૩માં મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટ કરાવીને આપણને હચમચાવી દીધા ત્યારે દાઉદ આપણો સૌથી મોટો દુશ્મન હતો. દાઉદને એ વખતે પકડીને ભારત ઢસડી લાવ્યા હોત ને આરોપીના કઠેરામાં ઊભો કરીને તેનાં પાપોની સજા કરાવી હોત ઠીક હતું પણ હવે દાઉદ ક્યાં છે ખબર પડે ને તેને પતડીને અહીં લવાય તો પણ શું ફરક પડે ? સિત્તેર ઉપરના થઈ ગયેલા દાઉદની જિંદગીનાં જે થોડાં ઘણાં વરસો બચ્યાં છે એ ભારતની જેલમાં વિતે તેના સંતોષથી વધારે કંઈ ના મળે. ૧૯૯૩માં થયેલા બ્લાસ્ટમાં પોતાના જીવ ગુમાવનારા પરિવારનાં લોકોને ન્યાય મળ્યોની તો આશા જ નથી. એ વખતે કે બહુ બહુ તો પાંચ-સાત વર્ષમાં દાઉદને ઉઠાવીને અહીં લઈ આવ્યા હોત કે ઠેકાણે પાડી દીધો હોત તો એક રાષ્ટ્ર તરીકે પણ આપણો છાકો પડી ગયો હોત. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા એ પહેલાં મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે પણ દાઉદને ભારત ઢસડી લાવવાની મોટી મોટી વાતો કરેલી. આ સરકાર પણ દાઉદને લઈ આવી હોત તો ભારતની સામે આંખ ઉઠાવતાં પહેલાં પાકિસ્તાની પીઠ્ઠુ કે આતંકવાદીઓ સો વાર વિચાર કરે એવો આપણો વટ થઈ ગયો હોત પણ આપણે એ ના કરી શક્યા તેથી ફિલ્મોમાં દાઉદને ઉઠાવી લાવવાના સીન બતાવીને કે તેને પાંગળો લાચાર બતાવીને ખુશ થયા કરીએ છીએ.

તાજેતરની અબજો ડોલરની લૂંટને લીધે ફરી આ ક્રિપ્ટોકરન્સી ન્યૂઝમાં ચમકી છે

બિટકોઈન રહસ્યમય કોડથી સર્જાતી ને વિવાદથી ખરડાયેલી કરન્સીનાં ભેદ-ભરમ

બિટકોઈનની સંખ્યા ૨.૧ કરોડ છે એટલે એના ઘણા ફેન એને 'ડિજિટલ ગોલ્ડ' કહે છે. બિટકોઈને એક ટ્રિલિયન માર્કેટ કેપ પાર કરી લીધી છે.

તાજેતરમાં બાયનાન્સ એક્સચેંજમાં મોટું-જંગી રકમનું કૌભાંડ થયા બાદ ક્રિપ્ટો કરન્સી ફરી ચર્ચામાં આવી ગઈ છે, જેમાં સૌથી પોપ્યુલર કરન્સી છે બિટકોઈન. સતત વિવાદથી વીંટળાયેલી આ બિટકોઈનના જન્મથી લઈ અત્યારસુધીની કથાને સરળ ભાષામાં આપણે સમજી લેવી જોઈએબિટકોઈન એટલે એવાં નાણાં કે જે માત્ર કમ્પ્યુટરમાં એક કોડના સ્વરૂપમાં અસ્તિત્વમાં છે. કોઈ સરકાર એને છાપતી નથી, કોઈ બેન્ક એકાઉન્ટમાં થાપણ કે કરન્ટ ખાતામાં હોતા નથી. એના પર કોઈ બેન્ક ગવર્નરની સહી હોતી નથી, તેમ છતાં પણ સેંકડો હેજફંડો, ફેમિલી ઓફિસ, પેન્શન ફંડો અને લિસ્ટેડ કંપનીઓ એમાં કામકાજ કરે છે. ૨૦૦૮ની અમેરિકી સબપ્રાઈમ બેંન્કિંગ કટોકટી વખતે વૈશ્વિક નાણાપ્રણાલી ખતરામાં આવી, લેહમેન બ્રધર્સ નાદાર થઈ, સરકારોએ બેન્કોને બચાવવા નાણાં છાપીને બેઈલઆઉટ કર્યું, હજારો રોકાણકારોએ બજારોની મંદીમાં નાણાં ખોયા એમાંથી બિટકોઈનનો જન્મ થયો.૩૧ ઓક્ટોબર ૨૦૦૮ના દિવસે જપાનના એક શખ્સ જે સાતોસીના નામે ઓળખાય છે, તેણે નવ પેજનું એક પેપર ચુનંદા ક્રિપ્ટોગ્રાફર્સને મેલિંગ લિસ્ટમાં મોકલ્યું. એનું શીર્ષક હતું : 'પિયર ટુ પિયર, ઈલેક્ટ્રોનિક કેશ સિસ્ટમ.' સરળ ભાષામાં કહીએ તો બે માણસ પૈસાની આપ-લે કરે એમાં વચ્ચે બેન્ક કે ત્રીજા કોઈનું કામ નથી. ત્રીજી જાન્યુઆરીના ૨૦૦૯ના દિવસે પેલા જાપાની શખસ સાતોસીએ નેટવર્ક ઓન કર્યું અને પહેલો બ્લોક બનાવ્યો. એ બ્લોકમાં 'ટાઈમ્સ ઓફ લંડન'ની એ દિવસની હેડલાઈન હતી, જેમાં બ્રિટિશ નાણામંત્રી એક બેન્કના બેઈલઆઉટની તૈયારી કરતા હોવાના સમાચાર હતા.આ કોડ પરંપરાગત નાણાપ્રણાલી સામેનું બંડ હતું. પહેલા કોડ તરીકે આ બ્લોક અમર થઈ ગયો. સાતોસી તરફથીપહેલો બિટકોઈન અમેરિકન પ્રોગ્રામર હેલ સીને જાન્યુઆરી ૨૦૦૯માં કમાયો. સાતોસી સ્વયંસેવકો સાથે ૨૦૧૦-૧૧ સુધી કામ કરતો રહ્યો, પછી ઈન્ટરનેટ ઉપરથી ગાયબ થઈ ગયો. એવું મનાય છેકે એની પાસે ૧૧ લાખ બિટકોઈન છે. સાતોસી ૧૮ વરસથી એક રહસ્ય છે. ૨૦૧૯માં ફ્લોરિડાના એક માણસે ૧૦ હજાર બિટકોઈન ખર્ચીને બે પિત્ઝા મંગાવ્યાં. વર્તમાન ભાવે એનું મૂલ્ય સાત હજાર કરોડ આસપાસ ગણાય! બિટકોઈનનો આત્મા બ્લોક ચેઈન છે. સાદી ભાષામાં એને સામૂહિક ખાતાવાહી કહીશું. એ અર્થમાં બ્લોકચેઈન સહિયારું લેજર છે, જેને હજાર લોકો એક સમયે જોઈ શકે છે એટલે એમાં ચેડા થઈ ન શકે. ધારો કે એક ગામમાં થોડા કુટુંબ રહે છે, દરેક કુટુંબ પાસે લેજર કોપી છે. ધારો કે રમેશે સુરેશને ૩.૧૦ આપ્યાં અને પછી એન્ટ્રી ચેકી નાખી તો એ એકસેપ્ટ નહીં થાય. કેમકે બધા ઓરિજિનલ એન્ટ્રી જોઈ શકે છે. કુટુંબના બદલે કમ્પ્યુટર કામ કરે ત્યારે બ્લોકચેઈન બને.બ્લોક એટલે ખાતાનું પાનું, દરેક પાનામાં અમુક સદાની એન્ટ્રી હોય, અંદાજે ૧૦ મિનિટે એક ખાતું ક્રિયેટ થાય. દરેક નવું ખાતું એક મેથેમેટિકલ ફિંગરપ્રિન્ટ ધરાવે છે. એટલે જો કોઈ જૂની એન્ટ્રીને ચેન્જ કરવા નવી ફિંગરપ્રિન્ટ બ્રેક કરે તો ચેડા પકડાય. જે કમ્પ્યુટરો આ પઝલ ઉકેલે એને 'માઈનર્સ' કહેવાય છે. પઝલ્સ સોલ કરવાનું વળતર એટલે બિટકોઈન. ડિજિટલ વોલેટમાં બિટકોઈન રહે, પાસવર્ડ જતો રહે તો બિટકોઈન રિકવર થઈ શકતા નથી.

બિટકોઈનની સંખ્યા ૨.૧ કરોડ છે એટલે એના ઘણા ફેન એને 'ડિજિટલ ગોલ્ડ' કહે છે. બિટકોઈને એક ટ્રિલિયન માર્કેટ કેપ પાર કરી લીધી છે. શરૂઆતના વર્ષોમાં ૨૦૧૧-૧૩માં પહેલો બિટકોઈનનો પહેલા બબલમાં ભાવ ૧૦૦ ડૉલરથી વધીને ૧૦૦૦ થઈ ફરી ૩૩૦ થયો. ૨૦૧૬ ભારતમાં નોટબંધી આવી ત્યારે બિટકોઈનમાં બીજો મોટો બબલ થયો, ભાવ ૨૦૦૦૦ થઈ ૨૦૧૮માં તૂટીને ૪૦૦૦ થયા. કોવિડ પછી મલ્ટિપલ મેગા સ્ટિમ્યુલસ પછી બિટકોઈનમાં મોટી કંપનીઓએ એન્ટ્રી લીધી, ઈલોન મસ્કની કંપની 'ટેસ્લા'એ બિટકોઈનને પેમેન્ટ તરીકે સ્વિકૃતી આપી ત્યારે બિટકોઈનમાં ૬૯૦૦૦ ડૉલરે બીજુ ટોપ બન્યું.૨૦૨૨-૨૩માં એફટીએક્સ એક્સચેન્જની નાદારી બાદ ભાવ થઈ ગયા ૧૬૦૦૦. જૂલાઈ ૨૦૨૪માં મિયામી ક્રિપ્ટોવીકમાં ટ્રમ્પે બિટકોઈનને સમર્થન આપતા બ્લેકરોક માર્કેટ, કેથી વુડ, માઈકેલ સેઈલર જેવા ન્યુ એજ ઈન્વેસ્ટરોએ ડિજિટલ એસેટને પોતાના પોર્ટફોલીયોમાં સ્થાન આપ્યું.એક્સચેંજ ટ્રેડેડ ફંડ(ઈટીએફ) આવવાથી રેગ્યુલેશન જાહેર થતા બીટકોઈન- ઈથરનો ભરોસો વધ્યો. ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી ૨૦૨૫માં બિટકોઈને ૧૨૫૦૦૦નું નવું ટોપ બનાવ્યું હાલમાં બજાર ૫૬૦૦૦થી સુધરી ૮૫૦૦૦ આસપાસ કોન્સોલિડેટ મોડમાં છે. ડિજિટલ એસેટ હવે મેઈનસ્ટ્રિમ એસેટનો હિસ્સો બની ગઈ છે. બિટકોઈનમાં માઉન્ટ ગોકસ, સિલ્ક રૂટ, જેવા ઘણા સ્કેમ થયા, ભારતમાં વઝેરિક્સ હેકમાં ઘણા રોકાણકારોને કરોડો રૂપિયાનું નુકસાન થયું. ગ્લોબલ માર્કેટસમા 'પીગ બુચરિંગ' તરીકે ઓળખાતા સ્કેમમાં આજે પણ હજારો લોકો નાણાં ગુમાવે છે. ડ્રગ્સ ટ્રાફિકિંગ, ટેરર ફંડિંગ, મની લોન્ડરિંગ જેવા ગેરકાયદે કારોબાર થતા રહે છે. આજ કારણોસર રેગ્યુલેટરી મામલે અનેક સરકાર વિભાજિત છે.

ચીનમાં બિટકોઈન પ્રતિબંધિત છે. હૉંગકૉંગમાં સેપરેટ લાઈસન્સ તરીકે માર્કેટ ચાલે છે. ભારતમાં ગ્રે એરિયા (અસ્પષ્ટતા-કન્ફયુઝન) છે. પણ ૩૦ ટકા જેવો જ જંગી કરવેરો છે અને ક્રિપ્ટો એક્સચેન્જોએ ટેક્સ ઓથોરિટીને જાણ કરવી પડે છે. યુરોપમાં પૂર્ણ રેગ્યુલેશન છે. જાપાનમાં તે મેઈનસ્ટ્રીમ ફાઈનાન્સમાં આવી ગયું છે. અમેરિકામાં ઈટીએફ સ્વરૂપે ચાલે છે, પણ અમુક કાનૂની અડચણો છે. ભારતમાં ક્રિપ્ટો લીગલી હોલ્ડ કરી શકાય છે પણ પૈસા તરીકે એને સ્વીકૃતી મળી નથી.એક્સચેન્જોએ ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ પાસે નોંધણી કરવી પડે છે.

વિશ્વનું સૌથી મોટું ક્રિપ્ટોકરન્સી એક્સ્ચેન્જ 'બાયનાન્સ'આમ તો શરૂઆતમાં ચીનથી કામગીરી બજાવતું હતું, પણ આજે એ અનેક દેશોમાંથી એ કામગીરી બજાવે છે. આમ તો વિશ્વની સૌથી કુશળ એવી સાયબર ગઠિયાની ટોળકી પણ 'બાયનાન્સ'નું સુરક્ષા કવચ ભેદી શકે નહીં એવી આ ક્રિપ્ટો કરન્સીની સજ્જડ ગોઠવણ ધરાવે છે, પણ તાજેતરમાં જે ૬.૩૬ અબજ ડૉલરની લૂંટ થઈ એની પાછળ ઉત્તર કોરિયાની 'એલાઈટ હેકિંગ યુનિટ' નામની સાયબર હેકર્સની અત્યંત કુશાગ્ર ટોળકીનો હાથ હોવાનું મનાય છે...

આ મેડેલીન સ્લેડનો જન્મ બ્રિટિશ પરિવારમાં થયેલો.

ગાંધીજીનાં માનસપુત્રીઃ મીરાંબહેન-મેડેલીન સ્લેડ

ડિસેમ્બર ૧૯૨૫માં મીરાંબહેને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની તેમની પ્રથમ વાર્ષિક બેઠકમાં હાજરી આપી.

વિદેશી મૂળનાં એક એવાં મહિલા જેને ગાંધીજીએ મીરાંબહેન નામ આપ્યું, ગાંધીજીનાં માનસપુત્રી તરીકે ઓળખ મેળવી, ભારતીય સ્વતંત્રતા ચળવળનાં સમર્થક રહ્યાં, ગાંધીજી સાથે રહેવા અને કામ કરવા માટે પોતાનું ઈંગ્લેન્ડનું ઘર છોડી દીધેલું...

નામ એમનું મેડેલીન સ્લેડ... ભારતમાં મીરાંબહેન. જન્મ : ૨૨ નવેમ્બર ૧૮૯૨. મૃત્યુ : ૨૦ જુલાઈ ૧૯૮૨. મૃત્યુના એક વર્ષ પહેલાં, ૧૯૮૧માં તેમને ભારતના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મવિભૂષણથી નવાજવામાં આવેલાં. મીરાંબહેનની આત્મકથાનું નામ ધ સ્પિરિટ્સ પિલગ્રિમેજ છે. બાપુસ લેટર્સ ટુ મીરાં અને ન્યુ અને ઓલ્ડ ગ્લેનિંગ્સ નામનાં પુસ્તકો પણ પ્રકાશિત કરેલાં તેમણે.

આ મેડેલીન સ્લેડનો જન્મ બ્રિટિશ પરિવારમાં થયેલો. પિતા રીઅર-એડમિરલ સર એડમંડ સ્લેડ તેમના શરૂઆતનાં વર્ષોમાં રોયલ નેવીમાં એક અધિકારી હતા. માતા ફ્લોરેન્સ મેડેલીન. પંદર વર્ષની ઉંમરે, મેડેલીનને લુડવિગ વાન બીથોવનના સંગીત પ્રત્યેનો શોખ વિકસ્યો. મેડેલીને વિયેના અને જર્મનીની મુલાકાત પણ લીધી જ્યાં બીથોવન રહેતા હતા. મેડેલીને રોમેન રોલેન્ડના બીથોવન પરનાં પુસ્તકો વાંચ્યાં અને બાદમાં વિલેન્યુવમાં તેમની સાથે મુલાકાત કરી. આ મુલાકાત દરમિયાન, રોલેન્ડે તેમના એક નવા પુસ્તક 'મહાત્મા ગાંધી'નો ઉલ્લેખ કર્યો. રોલેન્ડે ગાંધીને બીજા ખ્રિસ્ત અને વીસમી સદીના મહાન વ્યક્તિ તરીકે વર્ણવ્યા. ઈંગ્લેન્ડ પરત ફર્યા પછી મેડેલીને રોલેન્ડનું ગાંધીનું જીવનચરિત્ર વાંચ્યું. તેનાથી પ્રભાવિત થઈને મેડેલીને મહાત્માની શિષ્ય બનવાનો સંકલ્પ કર્યો. મેડેલીનના શબ્દોમાં : 'હું પુસ્તક નીચે મૂકી શકી નહીં... તે ક્ષણથી મને ખબર પડી કે મારું જીવન ગાંધીને સમર્પિત છે.' મેડેલીને સાબરમતી આશ્રમમાં સામગ્રીનો અભ્યાસ કરીને, પગે બેસીને અને શાકાહારી આહાર અપનાવીને પરિવર્તન માટે પોતાને તૈયાર કરવાનું નક્કી કર્યું.

વર્ષ ૧૯૨૪માં મેડેલીને ગાંધીજીને પત્ર લખીને તેમ

ફિલ્મમેકિંગમાં AIનું શું છે સ્ટેટસ...

સિનેમાએ ટેક્નોલોજી સાથેનો સંબંધ હંમેશાં બદલાતો જોયો છે. મૂક ફિલ્મોમાં અવાજ આવ્યો ત્યારે ઘણા લોકોને લાગ્યું કે હવે અભિનયની ભાષા બદલાઈ જશે. બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મોમાં રંગ ઉમેરાયા ત્યારે પણ તેની જરૂરિયાત સામે સવાલો ઊભા થયા. એનાલોગ કેમેરાની જગ્યાએ ડિજિટલ કેમેરા આવ્યા તો ફિલ્મની અસલી ગુણવત્તા અને ટેક્સચર વિશે ચર્ચા થઈ. કમ્પ્યુટર ગ્રાફિક્સ આવ્યા ત્યારે સેટ પર ઊભી થતી દુનિયાની જગ્યાએ કમ્પ્યુટરમાં સર્જાતી દુનિયા સામે વાંધા પડ્યા.

આજે આ બધી જ ટેક્નોલોજી ફિલ્મમેકિંગનો સામાન્ય ભાગ બની ગઈ છે, પરંતુ AIનો મામલો થોડો અલગ છે. અગાઉની ટેક્નોલોજી મુખ્યત્વે ફિલ્મ બનાવવાની પદ્ધતિ બદલતી હતી, જ્યારે છેં સર્જનાત્મક પ્રક્રિયામાં પણ ભાગ લેવા લાગ્યું છે. ત્યારે સવાલ એ છે કે AI ફિલ્મમેકિંગનું સૌથી શક્તિશાળી સાધન બનશે કે ધીમે ધીમે સર્જકનું સ્થાન લેવા લાગશે?

સૌથી પહેલાં વાત કરીએ લેખનની. છેંને કોઈ વાર્તાનો વિચાર આપો તો તે તેના પર લોગલાઇન, પાત્રો, સીન અને સંવાદો સુધી સૂચવી શકે છે. લેખકને કોઈ સીનનો અંત મળતો ન હોય તો તે અનેક વિકલ્પો આપી શકે છે. કોઈ પાત્રની બેકસ્ટોરી તૈયાર કરવી હોય, સ્ક્રિપ્ટમાં રહેલી ખામીઓ શોધવી હોય કે સંશોધન માટે માહિતી ભેગી કરવી હોય,AI મદદરૂપ થઈ શકે છે.

હોલિવૂડના જાણીતા નિર્માતા બ્રાયન ગ્રેઝરે પણ પોતાના ફિલ્મી વિચારોની પ્રાથમિક આઉટલાઇન તૈયાર કરવા અઈનો ઉપયોગ કરવાની વાત કરી છે. તેમના મતે પહેલાં જે કામમાં મહિનાઓ લાગી શકે તેનો પ્રાથમિક ડ્રાફ્ટ હવે ઝડપથી તૈયાર થઈ શકે છે. જોકે, તે પણ માને છે કે અંતે સ્ક્રીનપ્લે લખવા માટે લેખકની જરૂર રહેવાની છે. આ જ તફાવત સમજવો જરૂરી છે.

AI દસ પ્રકારના અંત સૂચવી શકે, પરંતુ કયો અંત વાર્તા અને પાત્ર સાથે ન્યાય કરે છે એ નક્કી કરવાની જવાબદારી સર્જકની જ રહે છે, કારણ કે સારી વાર્તા માત્ર ઘટનાઓની ગોઠવણી નથી. કોઈ પાત્ર શા માટે જૂઠું બોલે છે, કોઈ વ્યક્તિ પ્રેમ હોવા છતાં સંબંધથી દૂર કેમ ભાગે છે કે કોઈ માણસ ગુસ્સામાં એવી વાત કેમ કહી દે છે જેનો તેને પાછળથી પસ્તાવો થાય છે એ બધું માનવીય અનુભવમાંથી આવે છે.

AI અગાઉ લખાયેલી અસંખ્ય વાર્તાઓના પેટર્ન સમજી શકે છે,



પરંતુ દરેક વખતે એ પેટર્ન તોડીને કંઈક નવું સર્જી શકે છે કે નહીં એ મોટો સવાલ છે. 'ટેક્સી ડ્રાઇવર', 'પેરાસાઇટ' કે 'ગેંગ્સ ઓફ વાસેપુર' જેવી ફિલ્મોની ખાસિયત માત્ર તેમની વાર્તામાં નથી, પરંતુ માનવીય સ્વભાવનાં જટિલ અને ક્યારેક અસ્વસ્થ કરી નાખે એવા પાસાંને રજૂ કરવામાં છે. આવી વાર્તાઓને માત્ર ફોર્મ્યુલામાં સમાવી શકાય નહીં.બીજી તરફ, છેંની સૌથી દેખીતી પ્રગતિ વિઝ્યુઅલ્સમાં જોવા મળે છે. Midjourney, Runway, Google Veo y™u Open AIની જેવા ટૂલ્સની વીડિયો જનરેશન ટેક્નોલોજીની મદદથી માત્ર શબ્દો લખીને કલ્પનાના દૃશ્યો તૈયાર કરી શકાય છે. કોઈ ડિરેક્ટરને ભવિષ્યનું શહેર કે ઐતિહાસિક યુદ્ધનું મેદાન કેવું દેખાશે તે સમજાવવું હોય તો હવે શરૂઆતના વિઝ્યુઅલ્સ તૈયાર કરવા માટે વિશાળ ટીમની જરૂર નથી. ફિલ્મનું લોકેશન, કોસ્ચ્યુમ, સેટ ડિઝાઇન અને કેમેરા એંગલ અંગેના વિચારોને પણ ઝડપથી રજૂ કરી શકાય છે.આનો અર્થ એવો નથી કે આર્ટ ડિરેક્ટર, સિનેમેટોગ્રાફર કે VFX કલાકારોની જરૂરિયાત પૂરી થઈ જશે. ઊલટું, આ ટૂલ્સ તેમને વધુ વિકલ્પો સાથે કામ કરવાની તક આપી શકે છે. ફિલ્મ 'અવેતાર' (ના, અવતાર નહીં!)માં સર્જાયેલી દુનિયા હોય કે 'ધ લાયન કિંગ'નું ડિજિટલ એનિમેશન, કમ્પ્યુટર ટેક્નોલોજીએ પહેલાં પણ સિનેમાની કલ્પનાશક્તિની સીમા વિસ્તારી છે.હવે AI આ પ્રક્રિયાને વધુ ઝડપી અને સરળ બનાવી શકે છે. 'ધ આઇરિશમેન'માં રોબર્ટ ડી નીરો અને અન્ય કલાકારોને જુદી જુદી ઉંમરના દેખાડવા માટે ડિજિટલ ડી-એજિંગ ટેક્નોલોજીનો ઉપયોગ થયો હતો. 'ઇન્ડિયાના જોન્સ એન્ડ ધ ડાયલ ઑફ ડેસ્ટિની'માં પણ હેરિસન ફોર્ડના યુવાન અવતારને રજૂ કરવામાં આવ્યો હતો. "Here' ફિલ્મમાં ટોમ હેન્ક્સ અને રોબિન રાઇટને જીવનના જુદા જુદા તબક્કામાં રજૂ કરવા માટે અઈ આધારિત ડી-એજિંગનો ઉપયોગ થયો. આવાં ઉદાહરણ બતાવે છે કે ટેક્નોલોજી કોઈ ચોક્કસ વાર્તાકીય વિચારને કેવી રીતે સાકાર કરી શકે છે.

જોકે વાત માત્ર ચહેરો યુવાન દેખાડવા સુધી સીમિત નથી. જો કોઈ કલાકારનો ચહેરો, અવાજ અને હાવભાવ ડિજિટલ રીતે ફરીથી સર્જી શકાય, તો તેના અભિનય અને ઓળખ પર અધિકાર કોનો રહેશે? શું કોઈ કલાકારના મૃત્યુ પછી પણ તેની મંજૂરી વિના તેનો ડિજિટલ અવતાર નવી ફિલ્મોમાં વાપરી શકાશે? શું એક જ કલાકાર એકસાથે અનેક ફિલ્મોમાં હાજર રહી શકશે?

૨૦૨૩માં હોલિવૂડના લેખકો અને કલાકારોની હડતાળ દરમિયાન AIનો મુદ્દો મહત્ત્વનો હતો. કલાકારોને ચિંતા હતી કે સ્ટુડિયો તેમની મંજૂરી અને યોગ્ય વળતર વિના તેમના ચહેરા અને અવાજની નકલ કરી શકે છે એટલે પ્રશ્ન માત્ર ટેક્નોલોજી શું કરી શકે છે એટલો નથી, પણ તેનો ઉપયોગ કરવાની પરવાનગી કોની પાસેથી લેવી જોઈએ એ પણ છે.

આખરે, છેં સિનેમામાં શું સ્થાન મેળવશે તેનો જવાબ ટેક્નોલોજી કરતાં ફિલ્મમેકર્સના નિર્ણયોમાં છુપાયેલો છે. તે દિગ્દર્શકને દૃશ્ય કલ્પવામાં મદદ કરી શકે, લેખકને વાર્તાના વિકલ્પો આપી શકે અને કલાકારના અભિનયને નવી રીતે રજૂ કરી શકે, પરંતુ એ દૃશ્યનો અર્થ શું છે, પાત્રની લાગણી કેટલી સાચી છે અને વાર્તા દર્શકના મનમાં શું છોડી જશે તે નક્કી કરવાનું કામ સર્જકનું જ રહેશે.

લાસ્ટ શોટ

'રાંઝણા'ના મૂળ અંતમાં કુંદનનું મૃત્યુ થાય છે, પરંતુ તેના રી-રિલીઝ વર્ઝનમાં છેંની મદદથી વૈકલ્પિક અંત તૈયાર કરવામાં આવ્યો, જેમાં કુંદન જીવતો રહે છે.



'એવેન્જર્સઃ ડૂમ્સડે' ફિલ્મની એક ટિકિટ ભારતમાં ૪,૩૦૦માં વેચાઈ

ક્રિસમસ નજીક આવે એટલે માર્વેલની ફિલ્મની રાહ જોવાતી હોય છે. ત્યારે આ વર્ષે રિલીઝ થનારી 'એવેન્જર્સઃ ડૂમ્સડે'એ રિલીઝ પહેલાં જ નવો રેકોર્ડ બનાવ્યો છે. ભારતમાં ફિલ્મની રિલીઝના એક મહિના કરતાં વધુ સમય પહેલાં મધરાતના શોનું એડવાન્સ બુકિંગ શરૂ થયું છે. નાવી મુંબઈના સિનેપોલિસ સીવુડ્સ મલ્ટિપ્લેક્સમાં ૧૭ ડિસેમ્બરની રાત્રે ૧૨:૦૧ વાગ્યાના ૪૮૬ શો માટે એક ટિકિટનો ભાવ ૪,૩૦૦ રાખવામાં આવ્યો છે. ભારતમાં એક ફિલ્મની ટિકિટનો ભાવ પ્રથમવાર ૪,૦૦૦ને પાર પહોંચ્યો હોવાનું કહેવાય છે.

અગાઉ 'રામાયણ' માટે મુંબઈના પીવીઆર લોઅર પરેલમાં ટિકિટનો ભાવ ૩,૧૭૦ નોંધાયો હતો. સામાન્ય રીતે આટલા ઊંચા દર આઇમેક્સ સ્ક્રીનિંગમાં જોવા મળે છે, પરંતુ 'એવેન્જર્સઃ ડૂમ્સડે'ના ૪૮૬ શોએ આ રેકોર્ડ પણ વટાવ્યો છે. મહત્વની વાત એ છે કે આટલી મોંઘી ટિકિટ હોવા છતાં બૂકિંગ ઝડપથી થઈ રહ્યું છે.

ફિલ્મ ૧૭ ડિસેમ્બરે રિલીઝ થવાની છે, પરંતુ ૧૬ નવેમ્બરની રાતથી જ એડવાન્સ બૂકિંગ શરૂ કરી દેવાયું હતું. સામાન્ય રીતે મધરાતના શોનું બૂકિંગ રિલીઝની નજીક શરૂ થાય છે. 'ઓપનહાઇમર' માટે પણ આવા શોનું બૂકિંગ રિલીઝના માત્ર ૨-૩ દિવસ પહેલાં શરૂ થયું હતું. તેની સરખામણીએ 'એવેન્જર્સઃ ડૂમ્સડે' માટે એક મહિના કરતાં વધુ સમય અગાઉ જ મધરાતના શો જાહેર કરાયા છે.

મુંબઈમાં પાવીઆર લોઅર પરેલ અને મિરાજ વડાલામાં રાત્રે ૧૨:૦૫ અને ૩:૦૫ વાગ્યાના શો રાખવામાં આવ્યા છે. થાણેના સિનેપોલિસ વિવિયાના મોલમાં ૧૨:૦૧ વાગ્યાનો શો યોજાશે. દિલ્હી-દ્વઈમાં પણ ગુરુગ્રામના સિનેપોલિસ મલ્ટિપ્લેક્સમાં મધરાતના શોનું બૂકિંગ શરૂ થયું છે.

ગુજરાતમાં અમદાવાદના સિનેપોલિસ નેક્સસમાં ૧૬ ડિસેમ્બરે સવારે ૧૧:૫૯ વાગ્યાના શો માટે બૂકિંગ ખુલ્યું છે, જ્યારે સિનેપોલિસ વસ્ત્રાલમાં ૧૨:૧૦ વાગ્યાનો નિયમિત ૨૬ શો રાખવામાં આવ્યો છે. સુરતના પીવીઆર રાહુલ રાજમાં રાત્રે ૨:૧૫ વાગ્યાનો હિન્દી ઈન્ફિનિટી વિઝન ૩૬ શો પણ જાહેર થયો છે. વડોદરા અને કોલકાતામાં પણ વહેલી સવારના શોનું આયોજન કરાયું છે.

ફિલ્મને ભારતમાં આઇમેક્સમાં રિલીઝ નહીં મળે, કારણ કે તેના જ સપ્તાહે ૧૮ ડિસેમ્બરે આવનારી 'ડ્યુનઃ પાર્ટ થ્રી'એ મોટા બજારોમાં આઇમેક્સ સ્ક્રીનિંગ માટે સ્થાન મેળવ્યું છે. આ દરમિયાન 'જુમાનજીઃ ઓપન વર્લ્ડ' અને શાહરુખ ખાનની 'કિંગ' પણ ડિસેમ્બરના બીજા ભાગમાં રિલીઝ થવાની છે. આમ, વર્ષના અંતે બોક્સ ઓફિસ પર મોટી ટક્કર જોવા મળશે.

ભદ્રનો કિલ્લો ફરી એક વખત કઠપૂતળી, નગારાના નાદ, જૂની રંગભૂમિ અને શાસ્ત્રીય સંગીતના સૂર સાથે જીવંત થશે



સમગ્ર વિશ્વની ઐતિહાસિક ઇમારતોનું મહત્વ સમજાવવા તેમજ તેના અમુલ્ય વારસાની ઉજવણી કરવા માટે ૧૯થી ૨૫ નવેમ્બર દરમિયાન વર્લ્ડ હેરિટેજ વીકની ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે ક્રાફ્ટ ઓફ આર્ટ દ્વારા અમદાવાદ તેમજ ગુજરાતની વિવિધ ઐતિહાસિક ઇમારતોની ઉજવણી કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે ફરી એક વખત ક્રાફ્ટ ઓફ આર્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ભદ્ર ફેસ્ટિવલ અને વોટર હેરિટેજ સિરીઝનું આયોજન કરી રહ્યું છે, ત્યારે ક્રાફ્ટ ઓફ આર્ટના ફાઉન્ડર બિરવા કુરેશીએ નવગુજરાત સમય સાથે આ અંગે વિગતે વાત કરી હતી.

૧૨ વર્ષે ભદ્ર ફેસ્ટિવલ પાછો ફરે છે

બિરવા કુરેશી પોતાની યાદો તાજી કરતાં જણાવે છે, "હા અમે ૧૨ વર્ષ પછી ભદ્રમાં ફરી પાછા ફરી રહ્યાં છીએ, ૧૯ નવેમ્બર ૨૦૧૪ના દિવસે અમે ત્યાં ભદ્ર ફેસ્ટિવલનું આયોજન કર્યું હતું. ૧૨ વર્ષ પહેલાં અમે એક- એક અલગ સ્થળ પર કાર્યક્રમો કરતાં હતાં. ૧૨ વર્ષ પહેલાં જ્યારે ભદ્ર કર્યું, ત્યારે મને સમગ્ર માહોલ અને સમગ્ર વિસ્તાર —ભદ્રનો કિલ્લો, ત્રણ દરવાજા અને સમગ્ર ભદ્ર પ્લાઝા સાથે કામ કરવાની તક મળી હતી, જ્યાં અલગ અલગ સ્તર પર અને અલગ અલગ રીતે અમે વિવિધ માધ્યમોથી ભદ્ર અને ત્રણ દરવાજાની વાત લોકો સુધી પહોંચાડી શક્યાં હતાં, એ મારા માટે એક વળાંક સાબિત થયો. પછી ચાંપાનેર ફેસ્ટિવલને આકાર આપતાં જ અમને ૧૨ વર્ષ લાગ્યાં હતાં. તેમાં પથી ૬ સ્થળોની હેરિટેજ ટ્રેઇલનાં દરેક સ્થળ પર એક સાથે કાર્યક્રમો ચાલી રહ્યા હતા. જેમાં ઓડિયન્સ પણ એક સ્થળ પરથી અલગ સ્થળ પર જઈ રહ્યું હતું. આ ૧૨ વર્ષમાં અમે જે પણ મોન્યુમેન્ટ્સ સાથે કામ કર્યું છે, એ દરેક મારા માટે બિલકુલ નવા અનુભવો રહ્યા છે. દર વર્ષે અમે અડાલજની વાવમાં વોટર ફેસ્ટિવલનું આયોજન કરીએ તો અમારા માટે દર વર્ષે પહેલી વખતના આયોજન જેટલો જ નવો અનુભવ હોય છે. આ મોન્યુમેન્ટ્સ આપણને જે આપે છે, તેમનાં કેરેક્ટર, તેમનો સ્કેલ, એ સ્થળનો માહોલ, બધું જ અલગ હોય છે."

'યે પ્રેમ મોલ લિયા'ને U/A સર્ટિફિકેટ, સૂરજ બડજાત્યાની 3 સૌથી લાંબી ફિલ્મ

પારિવારિક ફિલ્મો માટે જાણીતા ડિરેક્ટર સૂરજ બડજાત્યાની આવનારી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'

રિલીઝ પહેલાં જ ચર્ચામાં છે. આયુષ્માન ખુરાના અને શર્વરી અભિનીત આ ફિલ્મ ૨૭ નવેમ્બરે રિલીઝ થશે. દરમિયાન ફિલ્મનું સેન્સર સર્ટિફિકેશન પણ પૂરું થઈ ગયું છે અને તેને U/A ૧૩+ પ્રમાણપત્ર મળ્યું છે.

સૂરજ બડજાત્યાની ફિલ્મ માટે આ પ્રમાણપત્ર ખાસ છે. તેમની અગાઉની મોટાભાગની ફિલ્મોને 'U' સર્ટિફિકેટ મળ્યું હતું. 'યે પ્રેમ મોલ લિયા' તેમની કારકિર્દીની U/A રેટિંગ મેળવનારી બીજી ફિલ્મ છે. આ પહેલાં ૨૦૦૩માં આવેલી 'મૈં પ્રેમ કી દીવાની હૂં'ને U/A સર્ટિફિકેટ મળ્યું હતું. 'મૈંને પ્યાર કિયા', 'હમ આપકે હૈં કૌન', 'હમ સાથ સાથ હૈં', 'વિવાહ', 'પ્રેમ રતન ધન પાયો' અને 'ઊંચાઈ'ને 'U' પ્રમાણપત્ર મળ્યું હતું.

ફિલ્મની લંબાઈ પણ નોંધપાત્ર છે. CBFCના રેકોર્ડ મુજબ, 'યે પ્રેમ મોલ લિયા' ૧૭૩ મિનિટ એટલે કે ૨ કલાક અને ૫૩ મિનિટની છે. આ સૂરજ બડજાત્યાની કારકિર્દીની ત્રીજી સૌથી લાંબી ફિલ્મ છે. તેમની સૌથી લાંબી ફિલ્મ 'હમ આપકે હૈં કૌન' (૩ કલાક ૧૩ મિનિટ) છે, જ્યારે 'મૈંને પ્યાર કિયા' (૩ કલાક ૪ મિનિટ) બીજા ક્રમે હતી.



તબુ ઉત્તરાખંડ ટનલ રેસ્ક્યુ પર આધારિત સિરીઝમાં મહત્વના રોલમાં જોવા મળશે

અભિનેત્રી તબુ યશરાજ ફિલ્મ્સ એન્ટરટેઇનમેન્ટની નેટફ્લિક્સ સિરીઝ 'ટનલ મેન'માં જોવા મળશે. ૨૦૨૩માં ઉત્તરાખંડની ટનલમાં ફસાયેલા કામદારોને બચાવવા હાથ ધરાયેલા અભિયાનની ભાવનાથી પ્રેરિત આ કાલ્પનિક ડ્રામા તબુની પ્રથમ હિન્દી સિરીઝ છે.

નવેમ્બર ૨૦૨૩માં ઉત્તરાખંડની એક ટનલ ધરાશાયી થતાં અનેક કામદારો અંદર ફસાઈ ગયા હતા. તેમને બહાર કાઢવા લાંબું અને મુશ્કેલ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરાયું હતું. આ ઘટનામાં જોવા મળેલી હિંમત, ટીમવર્ક અને આશાની ભાવનાને સિરીઝમાં કાલ્પનિક વાર્તા દ્વારા રજૂ કરવામાં આવશે.

'ધ રેલવે મેન' માટે પ્રશંસા મેળવનારા શિવ રાવેલ આ સિરીઝના ડિરેક્ટર તરીકે જોડાયા છે. ત્રણ દાયકાથી વધુની કારકિર્દીમાં તબુએ મેઇનસ્ટ્રીમ તેમજ પ્રયોગાત્મક ફિલ્મો ઉપરાંત હિન્દી તથા પ્રાદેશિક ભાષાની ફિલ્મોમાં વિવિધ ભૂમિકાઓ ભજવી છે. 'માચીસ' અને 'ચાંદની બાર' માટે તેને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. 'મકબૂલ', 'હૈદર' અને 'અંધાધૂન'માં પણ તેમના અભિનયની પ્રશંસા થઈ હતી. તબુનાં આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સમાં મીરા નાયરની 'ધ નેમસેક', આંગ લીની 'લાઇફ ઓફ પાઈ' અને સિરીઝ 'ડ્યુનઃ પ્રોફેસી' પણ સામેલ છે. 'ટનલ મેન' સિરીઝ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. યશરાજ ફિલ્મ્સ એન્ટરટેઇનમેન્ટ અને નેટફ્લિક્સ વચ્ચેની સર્જનાત્મક ભાગીદારીની શરૂઆત ૨૦૨૩માં 'ધ રોમેન્ટિક્સ'થી થઈ હતી.





સમન્થાએ ફેન્સને આપી નવી ઝલક

અભિનેત્રી સમન્થા રૂથ પ્રભુ અને ફિલ્મમેકર રાજ નિદિમોરુ તેમનાં પ્રથમ સંતાનનાં આગમનની તૈયારી કરી રહ્યાં છે. આ દરમિયાન સમન્થાએ ઘરમાં યોજાયેલી એક નાનકડી વિધિની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. તેમાં બંને પરિવારના વડીલો સમન્થાને આશીર્વાદ આપતા જોવા મળે છે.

તસવીરોમાં સમન્થા લાલ રંગના અનારકલી ડ્રેસમાં જોવા મળે છે. એક તસવીરમાં તે અને રાજ પૂજાવિધિ દરમિયાન એકબીજાની સામે જોઈ રહ્યાં છે, જ્યારે અન્ય તસવીરોમાં પરિવારના સભ્યો સાથે ધાર્મિક વિધિમાં ભાગ લેતાં દેખાય છે. એક તસવીરમાં વડીલો સમન્થાના માથે હાથ મૂકીને આશીર્વાદ આપી રહ્યાં છે. તેણે માતા નિનેટ પ્રભુ અને બંને પરિવારની મહિલાઓ સાથેની તસવીરો પણ શેર કરી છે. આ તસવીરો સાથે તેણે માત્ર 'અસ' લખીને સફેદ હાર્ટ ઇમોજી મૂક્યું છે.

આ પહેલાં સપ્ટેમ્બરમાં સમન્થા અને રાજે પરંપરાગત સીમંતમ વિધિનું આયોજન કર્યું હતું. તેમાં શ્રીવિદ્યા પરંપરા સાથે જોડાયેલી ખાસ 'કલા આવરણ' (શ્રી કલ્પમ) વિધિ પણ કરવામાં આવી હતી.

સમન્થા સોશિયલ મીડિયા પર પોતાની પ્રેગ્નન્સીની કેટલીક ઝલક પણ શેર કરતી રહે છે. તાજેતરમાં તેણે મેટરનિટી ફોટોશૂટના ટ્રેન્ડ પર રમૂજી અંદાજમાં પ્રતિક્રિયા આપી હતી. સોફા પર આરામથી બેઠેલી અને બેબી બમ્પ સાથેની તસવીર શેર કરીને તેણે લખ્યું હતું, 'આને મારું મેટરનિટી ફોટોશૂટ માની લો.'

ટીમ ઈન્ડિયાના બેટર્સે ન્યૂઝીલેન્ડનો વારો કાઢ્યો : શુભમન ગિલ ૨ રને સેન્ચુરી ચૂક્યો

વેલિંગ્ટન, તા. ૨૧

ભારતે વેલિંગ્ટન ટેસ્ટના ત્રીજા દિવસે ન્યૂઝીલેન્ડ પર ૧૧૮ રનની લીડ મેળવી લીધી છે. શનિવારે સ્ટમ્પ્સ સુધીમાં ટીમ ઈન્ડિયાએ ૪ વિકેટ પર ૪૮૬ રન બનાવ્યા. રિષભ પંત ૫૫ રન પર નોટઆઉટ અને નાઈટ વોચમેન અંશુલ કંબોજ (૦)એ પરત ફર્યા. કેપ્ટન શુભમન ગિલ દિવસની રમત પૂરી થવાના ઠીક પહેલાં ૯૮ રન પર બોલ્ડ થયો. તે માત્ર ૨ રનથી સદી ચૂક્યો. ગિલ પહેલાં કે.એલ. રાહુલે ૧૩૬ રન અને દેવદત્ત પડિકલે ૮૦ રન બનાવીને આઉટ થયા. ન્યૂઝીલેન્ડ પહેલી ઈનિંગમાં ૩૬૮ રન પર ઓલઆઉટ થઈ ગઈ.

જસપ્રીત બુમરાહે ૪ વિકેટ ઝડપી. આકાશ દીપને ૩, અંશુલ કંબોજને ૨ અને પ્રસિદ્ધ કિષ્નાને એક વિકેટ મળી. ૧૨૫મી ઓવરના ચોથા બોલ પર શુભમન ગિલ આઉટ થયો. જેકબ ડફીએ ઓફ સ્ટમ્પ પાસે લેન્થ બોલ નાખ્યો, જે અંદરની તરફ આવ્યો. ગિલે આગળ વધીને ડ્રાઈવ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના પેડ સાથે અથડાઈને સ્ટમ્પ્સ પર જઈ વાગ્યો. ગિલ ૧૪૬ બોલ પર ૯૮ રન બનાવીને આઉટ થયો.

તેની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ રહ્યા. ગિલ-પંત વચ્ચે ૧૦૦ રનની ભાગીદારી પૂરી ૧૨૫મી ઓવરના પહેલા બોલ પર રિષભ પંતે એક રન લઈને શુભમન ગિલ સાથે ૧૦૦ રનની ભાગીદારી પૂરી કરી. જેકબ ડફીએ ઓફ સ્ટમ્પ પાસે શોર્ટ ઓફ લેન્થ બોલ નાખ્યો. પંતે તેને કવર-પોઈન્ટ તરફ રમીને રન લીધો. આ દરમિયાન ગિલે ડાઈવ લગાવીને પોતાનો છેડો પૂરો કર્યો. ૧૨૩મી ઓવરના ત્રીજા બોલ પર રિષભ પંતે ચોગ્ગો ફટકારીને પોતાની ૨૨મી ટેસ્ટ ફિફ્ટી પૂરી કરી.

જેકબ ડફીના બોલ પર પંત આગળ નીકળીને ઓફ સાઈડ અથવા સીધું રમવા ગયો, પરંતુ બોલ મિડ ઓન પાસેથી બાઉન્ડરી બહાર જતો રહ્યો. ફિફ્ટી પૂરી કર્યા પછી તેણે બેટ ઊંચું



કરીને દર્શકોનું અભિવાદન કર્યું અને કેપ્ટન શુભમન ગિલ સાથે ગ્લવ્ઝ મિલાવ્યા. પંતે પહેલા ૩૭ બોલ પર ૧૫ રન બનાવ્યા હતા, પરંતુ પછીના ૧૮ બોલ પર ૩૭ રન ફટકારી દીધા. ૧૨૦ ઓવર પછી રિષભ પંતે પોતાનું બેટ બદલી લીધું. ત્યારબાદ જેકબ ડફીના બોલ પર સતત બે છગ્ગા ફટકાર્યા. બીજા છગ્ગા સાથે ટીમ ઈન્ડિયાની લીડ ૧૦૦ને પાર થઈ ગઈ. જેકબ ડફીએ આ ઓવરમાં ૧૮ રન ખર્ચી દીધા. ૧૧૯મી ઓવરમાં ભારતે પહેલી ઈનિંગમાં ૪૫૦ રનનો આંકડો મેળવી લીધો છે. ગ્લેન ફિલિપ્સના પાંચમા બોલ પર રિષભ પંતે એક રન લીધો. તેણે બીજા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. ૧૧૮મી ઓવરના બીજા બોલ પર શુભમન ગિલે એક રન લઈને રિષભ પંત સાથે ૫૦ રનની ભાગીદારી પૂરી કરી. મેટ હેનરીએ પેડ્સ પર લેન્થ બોલ નાખ્યો, જેને ગિલે ફ્લિક કરી મિડવિકેટ તરફ રમ્યો. ૧૧૫મી ઓવરમાં ભારતે ૫૦ રનની લીડ મેળવી લીધી છે.

કેપ્ટન શુભમન ગિલે પાંચમા બોલ પર છગ્ગો ફટકાર્યો. ગ્લેન ફિલિપ્સે ફ્લાઈટેડ બોલ નાખ્યો. ગિલ આગળ નીકળીને બોલની પીચ સુધી પહોંચ્યો અને મિડ ઓફના ઉપરથી ઉઠાવીને બાઉન્ડરી પાર મોકલી દીધો. ૧૦૮મી ઓવરના ચોથા બોલ પર શુભમન ગિલે ચોગ્ગો ફટકાર્યો. આ સાથે જ ભારતના ૪૦૦ રન પૂરા થઈ ગયા. ગિલે નાથન સ્મિથના ફુલર બોલ પર બેટ આગળ વધાર્યું. બોલ આઉટ સાઈડ એડ્જ લઈને સ્લિપ પાસેથી થર્ડ મેન તરફ જતો રહ્યો. ૧૦૮મી ઓવરના બીજા બોલ પર શુભમન ગિલને અમ્પાયરે નમ્ઉ આઉટ આપ્યો. ગિલે રિષભ પંત સાથે વાત કર્યા પછી રિવ્યુ લીધો.

રીપ્લેમાં બોલ અને બેટના સંપર્કનો સંકેત મળ્યો. થર્ડ અમ્પાયરે પણ સ્પાઈકની પુષ્ટિ કરી. ત્યારબાદ ફિલ્ડ અમ્પાયરને નિર્ણય બદલવો પડ્યો. ન્યૂઝીલેન્ડના ખેલાડીઓ આ નિર્ણયથી ખુશ નહોતા.

૧૦૪મી ઓવરના ત્રીજા બોલ પર કેએલ રાહુલ આઉટ થયો. નાથન સ્મિથે ઓફ સ્ટમ્પ પાસે લેન્થ બોલ નાખ્યો. રાહુલે શોર્ટ થર્ડની દિશામાં ગેપમાં રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ બેટની ઈનસાઈડ એડ્જ લઈને સ્ટમ્પ્સ પર જઈ લાવાગ્યો. રાહુલે ૨૯૦ બોલ પર ૧૩૬ રન બનાવ્યા. તેની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૨ છગ્ગા સામેલ રહ્યા.

નેપાળનું ૨૬ રનમાં ફિન્ડલું વાળી દીધું

રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં ભારત-છ ૩૦૬ રનથી જીત્યું; તિલક વર્મા - કુશાગ્રની સેન્ચુરી, પ્રિન્સ યાદવે પાંચ વિકેટ લીધી

ભારત-છ એ રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં નેપાળને ૩૦૬ રનથી હરાવ્યું. દોહામાં શુક્રવારે નેપાળે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો

દોહા, તા. ૨૧

ભારતે ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૩૩૨ રન કર્યા હતા. કુમાર કુશાગ્રે ૧૧૭ રનની ઈનિંગ્સ રમી હતી, જેમાં તેણે ૧૦ ચોગ્ગા અને ૫ સિક્સ ફટકારી હતી. તિલક વર્માએ ૧૦૭ રન કર્યા હતા અને તેણે ૬ ચોગ્ગા અને ૪ છગ્ગા ફટકાર્યા હતા. વૈભવ સૂર્યવંશીએ ૨૬ અને સૂર્યાંશ શેડગેએ અણનમ ૩૬ રન માર્યા.

જવાબમાં નેપાળની ટીમ ૧૧.૩ ઓવરમાં માત્ર ૨૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ટીમનો કોઈ પણ બેટ્સમેન બે આંકડાનો સ્કોર પણ પાર કરી શક્યો નહોતો. ભારત તરફથી પ્રિન્સ યાદવે ૫ ઓવરમાં ૬ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી. હર્ષિત રાણાએ ૬ ઓવરમાં ૧૬ રન આપીને ૪ વિકેટ લીધી હતી. શાહબાઝ અહમદને એક વિકેટ મળી હતી.

ભારત ગ્રુપના પોઈન્ટ્સ ટેબલમાં પ્રથમ



સ્થાને પહોંચી ગયું છે. ટીમના ૨ પોઈન્ટ્સ છે. પાકિસ્તાનના પણ ૨ પોઈન્ટ્સ છે, પરંતુ રનરેટના કારણે ટીમ બીજા સ્થાને છે.


ભારતની આગામી મેચ પાકિસ્તાન સામે રમાશે. આ મેચ ૨૨ નવેમ્બરે બપોરે ૩:૩૦ વાગ્યાથી દોહામાં રમાશે.

ફૂટબોલના મેદાનમાં જ નહીં, કમાણીમાં પણ સ્ટાર ખેલાડી લિયોનેલ મેસી નં. ૧!

માયામી, તા. ૨૧

તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી નિવૃત્ત થયેલા આર્જેન્ટિનાના સુપરસ્ટાર ખેલાડી લિયોનેલ મેસીની વાર્ષિક ગેરંટીડ કમાણી ૨૦૨૫માં ૨૦.૪૫ મિલિયન ડોલર હતી, જે વધીને ૨૦૨૬માં ૨૮.૩૩ મિલિયન ડોલર (૨૬૩ કરોડ રૂપિયા) થઈ છે. એટલે કે એક જ વર્ષમાં તેની સેલરીમાં અંદાજે રૂ.૭૪ કરોડનો વધારો થયો છે. આ કમાણીમાં ખેલાડી તરીકેના કરારની રકમ સામેલ છે. જોકે, જાહેરાતો અને અન્ય કમર્શિયલ ડીલ્સથી થતી આવકનો તેમાં સમાવેશ થતો નથી.

MLSની સૌથી વધુ કમાણી કરનારા ખેલાડીઓની યાદીમાં પોલેન્ડના રોબર્ટ લેવાન્ડોવસ્કી બીજા ક્રમે છે. Chicago Fire તરફથી રમતા લેવાન્ડોવસ્કીને વર્ષે ૧૯.૫૧ મિલિયન ડોલર



એક વર્ષમાં મેસીની સેલરીમાં રૂ. ૭૪ કરોડનો વધારો : લેવાન્ડોવસ્કી અને ગ્રીઝમેન બીજા-ત્રીજા નંબરે

એટલે કે આશરે રૂપિયા ૧૮૧ કરોડ મળે છે. જ્યારે ફ્રાન્સના એન્ટોઈન ગ્રીઝમેન ૧૩.૯૪ મિલિયન ડોલર એટલે કે લગભગ રૂપિયા ૧૨૯ કરોડની ગેરંટીડ કમાણી સાથે ત્રીજા સ્થાને છે.

માત્ર મેસી જ નહીં, પરંતુ તેની ક્લબ Inter Miami પણ ખેલાડીઓ પાછળ સૌથી વધુ ખર્ચ કરતી ટીમ બની છે. ક્લબની કુલ ગેરંટીડ પ્લેયર કમ્પેન્સેશન લગભગ ૫૯.૩૭ મિલિયન ડોલર એટલે કે આશરે રૂપિયા ૫૫૧ કરોડ છે. આ આંકડા દર્શાવે છે કે અમેરિકન ફૂટબૉલ લીગમાં આંતરરાષ્ટ્રીય સ્ટાર ખેલાડીઓને જોડવા માટે મોટું રોકાણ કરવામાં આવી રહ્યું છે

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીનો નંબર વન બેટર બન્યો ઝારખંડ પ્રદેશનો વિરાટ સિંહ

વાનખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે ૬૦ રન ફટકારીને આ સિદ્ધિ સુધી પહોંચ્યો

મુંબઈ, તા. ૨૧

ગઈ કાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦ ટુર્નામેન્ટને પોતાનો નવો હાઈએસ્ટ રન-સ્કોરર મળ્યો હતો. કર્ણાટક સામે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઝારખંડે ૧૭૫ રન ચેઝ કરીને ૭ વિકેટે મૅચ જીતી હતી. આ મૅચમાં ૨૮ વર્ષના ડાબોડી બૅટર વિરાટ સિંહે ૩૪ બૉલમાં પાંચ ફોર, ૩ સિક્સની મદદથી અણનમ ૬૦ રન ફટકાર્યા હતા.

બિહારમાં જન્મેલા વિરાટ સિંહે આ ટુર્નામેન્ટની આશરે ૯૯ મૅચોમાં ૧ સદી, ૨૧ ફિફ્ટીની મદદથી ૨૯૭૮ રન કર્યા છે. અગાઉ મધ્ય પ્રદેશના હરપ્રીત ભાટિયાએ આ ટુર્નામેન્ટમાં ૨૦૧૦થી ૨૦૨૫ વચ્ચે ૧૦૦ મૅચોમાં ૨૧ ફિફ્ટીના આધારે ૨૯૬૮ રન કરીને નંબર વનનું



સ્થાન જાળવી રાખ્યું હતું. ૩૫ વર્ષનો આ ડાબોડી બૅટર હરપ્રીત ભાટિયા UAE શિફ્ટ થઈ ગયો છે. એપ્રિલ ૨૦૨૬માં UAE માટે ઇન્ટરનૅશનલ ડેબ્યુ કરીને તેણે ૧૨ વન-ડે મૅચમાં ૪૨૭ રન અને પાંચ ૨૦ મૅચમાં ૪૨ રન કર્યા છે.

૨૦૨૭ એશિયા કપ પૂર્વે બાંગ્લાદેશનો મોટો દાવ : પાકિસ્તાન અને શ્રીલંકા સાથે ત્રિકોણીય શ્રેણી રમવા માટે મૂક્યો પ્રસ્તાવ

બાલીમાં યોજાયેલી ICC ની બેઠકમાં BCB એ રજૂ કર્યો પ્રસ્તાવ ; બંને બોર્ડે દર્શાવ્યું સકારાત્મક વલણ

નવી દિલ્હી, તા. ૨૧

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બ્ઝમ) દ્વારા આગામી વર્ષ ૨૦૨૭ માં યોજાનારા એશિયા કપ પહેલા એક મોટી ક્રિકેટ શ્રેણીના આયોજન માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. બોર્ડે બાંગ્લાદેશની ધરતી પર પાકિસ્તાન અને શ્રીલંકા સાથે મળીને ત્રિકોણીય શ્રેણી (ટ્રાઈ-સિરીઝ) રમવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવ પર બંને દેશોના ક્રિકેટ બોર્ડે સકારાત્મક પ્રતિક્રિયા આપી છે, જોકે હજુ સુધી કોઈપણ ટીમની ભાગીદારી અંગે સત્તાવાર પુષ્ટિ થઈ નથી.



અહેવાલ મુજબ, બ્ઝમ્એ તાજેતરમાં બાલી ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ૈંઝઝ)ની બેઠક દરમિયાન આ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. બ્ઝમ્ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "અમે એશિયા કપ પહેલા બાંગ્લાદેશમાં ત્રિકોણીય શ્રેણી રમવા માટે પાકિસ્તાન અને શ્રીલંકાને પ્રસ્તાવ આપ્યો છે અને બંને દેશોનો પ્રતિસાદ ઘણો સકારાત્મક રહ્યો છે." જોકે, અધિકારીએ સ્પષ્ટ કર્યું હતું કે હાલ આ શ્રેણીની સત્તાવાર જાહેરાત કરી શકાય તેમ નથી. બંને દેશોના બોર્ડ અત્યારે આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહ્યા છે અને તેમની અંતિમ સંમતિ મળવાની બાકી છે.

આ અગાઉ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (ૈંઝમ)ના અધ્યક્ષ મોહસિન નકવીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશ આગામી વર્લ્ડ કપ પહેલા ત્રિકોણીય શ્રેણીનો પ્રસ્તાવ આપ્યો છે. જોકે, બ્ઝમ્ના અધિકારીઓએ આ સમયમર્યાદાને ખોટી ગણાવી સ્પષ્ટતા કરી હતી કે આ શ્રેણી વર્લ્ડ કપ નહીં, પરંતુ ૨૦૨૭ ના એશિયા કપ પહેલા આયોજિત કરવાનો પ્રસ્તાવ છે. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશ ૨૦૨૭ના એશિયા કપની યજમાની કરવાનું છે, જે ૧૮ જૂનથી ૪ જુલાઈ દરમિયાન રમાશે. બાંગ્લાદેશે છેલ્લે ૨૦૧૬ માં ટી૨૦ ફોર્મેટમાં એશિયા કપની યજમાની કરી હતી, જેમાં યજમાન ટીમ રનર્સ-અપ રહી હતી. ૨૦૨૭નો એશિયા કપ તમીમ ઇકબાલના નેતૃત્વ હેઠળ બ્ઝમ્ દ્વારા આયોજિત થનારી પ્રથમ મોટી આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ હશે. આથી, તે પહેલા ત્રિકોણીય શ્રેણી યોજીને બોર્ડ પોતાની તૈયારીઓને વધુ મજબૂત કરવા માંગે છે.

શ્રીલંકાનો માહેલા જયવર્દને WPLમાં દિલ્હીનો ડિરેક્ટર ઓફ ક્રિકેટ બન્યો

માહેલા જયવર્દને અગાઉ ૨૦૧૨ અને ૨૦૧૩ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની સીઝન દરમ્યાન દિલ્હી કેપિટલ્સ માટે રમી ચૂક્યો છે

મુંબઈ, તા. ૨૧

શ્રીલંકાના ભૂતપૂર્વ કૅપ્ટન માહેલા જયવર્દનેની આગામી વિમેન્સ પ્રીમિયર લીગ (ઉૅન) સીઝન માટે દિલ્હી કૅપિટલ્સના ડિરેક્ટર ઑફ ક્રિકેટ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ વર્ષે ઑક્ટોબરમાં ૪૯ વર્ષના માહેલા જયવર્દનેએ મુંબઈ ઇન્ડિયન્સના મુખ્ય કોચપદેથી રાજીનામું આપ્યું હતું. દિલ્હી કૅપિટલ્સની ટીમ ઉૅન્ની ચારેય સીઝનમાં રનરઅપ રહી છે. મૅગ લૅનિંગની આગેવાનીમાં ટીમ પહેલી ત્રણેય સીઝનમાં ટેબલટૉપર રહી હતી. છેલ્લી સીઝનમાં જેમિમા રોડ્રિગ્સની આગેવાનીમાં પાંચ



ટીમો વચ્ચે આ ટીમ ત્રીજા ક્રમે રહી હતી.

માહેલા જયવર્દને અગાઉ ૨૦૧૨ અને ૨૦૧૩ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની સીઝન દરમ્યાન દિલ્હી કૅપિટલ્સ માટે રમી ચૂક્યો છે. તેણે અગાઉ દિલ્હી કૅપિટલ્સ, કિંગ્સ ઇલેવન પંજાબ અને કોચી ટસ્કર્સ કેરલા માટે કૅપ્ટન્સી પણ કરી હતી.

આજથી ઓસ્ટ્રેલિયા-ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ T20 મેચની સિરીઝ શરૂ થશે

ઇંગ્લેન્ડ સામે માત્ર ૨૦૧૪માં T20 સિરીઝ જીત્યું હતું ઓસ્ટ્રેલિયા

મેલબોર્ન, તા. ૨૧

યજમાન ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે આજથી બે ડિસેમ્બર દરમ્યાન પાંચ T20 મૅચની સિરીઝ રમાશે. અગાઉ ૩ વન-ડે મૅચની સિરીઝમાં ઇંગ્લૅન્ડ ૨-૧થી જીત્યું હતું. મેલબર્નથી શરૂ થનારી T20 સિરીઝની તમામ મૅચો ભારતીય સમય અનુસાર બપોરે ૧.૪૫ વાગ્યાથી શરૂ થશે. આ બન્ને ટીમો વચ્ચે આઠમી વખત T20 સિરીઝ રમાશે. પહેલી વખત આ ટીમો એકબીજા સામે પાંચ T20 મૅચની સિરીઝ રમાશે. અગાઉ ૩ સિરીઝ બે-બે મૅચોની અને ૪ સિરીઝ ત્રણ-ત્રણ મૅચોની રમાઈ હતી. સાતમાંથી બે સિરીઝ ઇંગ્લૅન્ડે (૨૦૨૦, ૨૦૨૩) અને ૧ સિરીઝ ઑસ્ટ્રેલિયા (૨૦૧૪)એ જીતી હતી. ૨૦૨૪ની અંતિમ સિરીઝ સહિત ૪ સિરીઝ ડ્રૉ પણ રહી છે. ઑસ્ટ્રેલિયાની ધરતી પર આ બન્ને ટીમો ૩ ૨૦ સિરીઝ રમી છે. છેલ્લી ૨૦૨૩ની સિરીઝમાં ઇંગ્લૅન્ડ જીત્યું હતું. ૨૦૧૪ની સિરીઝમાં ઑસ્ટ્રેલિયા વિજેતા બન્યું હતું. ૨૦૧૧ની સિરીઝ ડ્રૉ રહી હતી.

આ દેશોની મેન્સ ટીમો વચ્ચે ૨૬ T20 મૅચ રમાઈ છે અને બન્નેએ એકસરખી ૧૨-૧૨ મૅચો જીતી છે. બે મૅચો નો-રિઝલ્ટ રહી હતી.

ચેન્નઈની હોટેલે બનાવ્યો એમ. એસ. ધોની ટ્રિબ્યુટ રૂમ

રૂમને ધોનીના કરીઅરની યાદગાર ક્ષણોની આસપાસ ડિઝાઇન કરવામાં આવ્યો છે. રૂમમાં તેના ઓટોગ્રાફવાળી જર્સીઓ પણ છે.

ચેન્નઈ, તા. ૨૧

ચેન્નઈની ૅંઝ ગ્રૅન્ડ ચોલા હોટેલે મહેન્દ્ર સિંહ ધોનીની થીમ પર એક નવો સ્વીટ રજૂ કર્યો છે. આ સ્યુટનું નામ એમ.એસ. ધોની ટ્રિબ્યુટ રૂમ અને રૂમ નંબર ૭ રાખવામાં આવ્યું છે. આ રૂમને ધોનીના કરીઅરની યાદગાર ક્ષણોની આસપાસ ડિઝાઈન કરવામાં આવ્યો છે. રૂમમાં તેના ઑટોગ્રાફવાળી જર્સીઓ પણ છે. આ રૂમમાં મહેમાનો કૅપ્ટન્સ



પૅન્ટ્રીનો આનંદ માણી શકે છે જેમાં ધોનીના મનપસંદ ફૂડ પર આધારિત વાનગીઓનો સમાવેશ થાય છે. આ રૂમ ફક્ત ક્લબ્ઝૅંઝના સભ્યો માટે જ ઉપલબ્ધ છે. સભ્યો વધુમાં વધુ બે રાત માટે આ રૂમ બુક કરી શકે છે.

પાકિસ્તાન છેક બે વર્ષ પછી ટેસ્ટ-સિરીઝ જીત્યું; છેલ્લી ૬ મેચમાંથી 3 હાર્યું હતું, 3 ડ્રો રહી હતી

શ્રીલંકા સામે બીજી ટેસ્ટ-મેચ ૮ વિકેટે જીતીને સિરીઝ પર કબજો કર્યો, પહેલી ટેસ્ટ-મેચ ડ્રો રહી હતી

રાવલપિંડી, તા. ૨૧

રાવલપિંડીમાં આયોજિત શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ-મૅચ ૮ વિકેટે જીતીને પાકિસ્તાને બે ટેસ્ટ-મૅચની સિરીઝ પર ૧-૦થી કબજો કર્યો છે. બન્ને વચ્ચે રાવલપિંડીમાં રમાયેલી પહેલી ટેસ્ટ-મૅચ ડ્રૉ રહી હતી. ૨૦૧૭ પછી આ હરીફ સામે પાકિસ્તાન ત્રીજી ટેસ્ટ-મૅચ જીત્યું છે. એક સિરીઝ ડ્રૉ પણ રહી હતી.

પાકિસ્તાન બે વર્ષ પછી ટેસ્ટ-સિરીઝ જીત્યું છે. ઑક્ટોબર ૨૦૨૪માં ઇંગ્લૅન્ડ સામે ટેસ્ટ-સિરીઝ જીત્યા પછી પાકિસ્તાન ત્રણ સિરીઝ હાર્યું હતું અને ત્રણ સિરીઝ ડ્રૉ રહી હતી. ૧૯૯૭ પછી પહેલી વખત શ્રીલંકા એક કૅલેન્ડર યર એક પણ ટેસ્ટ-જીત વગર સમાપ્ત કરશે. શ્રીલંકા માર્ચ ૨૦૨૪થી વિદેશમાં આયોજિત સતત ૪ ટેસ્ટ-સિરીઝ હાર્યું છે.

બીજી મૅચમાં પહેલી ઇનિંગ્સમાં ૯૮ રન કરનાર શ્રીલંકાએ બીજી ઇનિંગ્સમાં ૯૫ ઓવરમાં ૩૧૬-૧૦નો સ્કોર કરીને માત્ર ૯૦ રનનો ટાર્ગેટ સેટ કર્યો હતો. પહેલી ઇનિંગ્સમાં ૩૨૫-૧૦ કરનાર પાકિસ્તાને ૧૩ ઓવરમાં ૯૦-૨નો સ્કોર કરીને મૅચ જીતી હતી. ફાસ્ટ બોલર મોહમ્મદ અબ્બાસ ૬ વિકેટ લઈને પ્લેયર ઑફ ધ મૅચ બન્યો હતો અને ૮ વિકેટ લેવાને કારણે પ્લેયર



ઑફ ધ સિરીઝ પણ બન્યો હતો. ૩૦૯-૯ના સ્કોરથી ચોથા દિવસની શરૂઆત કરનાર શ્રીલંકન ટીમ માત્ર ૭ રન ઉમેરી શકી હતી. પાકિસ્તાન માટે અઝાન અવૈસે ૩૬ ઓવરમાં ૩૨ રન અને આમિર જમાલે બાવીસ ઓવરમાં ૩૪ રન કરીને ઝડપથી ૯૦ રનનો લક્ષ્યાંક પૂરો કર્યો હતો. WTCમાં પાકિસ્તાન-શ્રીલંકા હજી પણ તળિયાની ટીમ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (WTC)ના પૉઈન્ટ-ટેબલમાં હજી પણ પાકિસ્તાન અને શ્રીલંકા તળિયાની ટીમોમાંથી એક છે.

રાજકોટ જીવન નગરમાં તુલસી વિવાહ ભાવપૂર્ણ સંપન્ન

ઠાકોરજીના વિવાહ ભાવાત્મક પર્યાવરણની રક્ષાનો સંદેશ : ડો. દર્શિતાબેન શાહ

અમદાવાદ, તા.૨૧

જીવનનગર વિકાસ સમિતિ, રામેશ્વર મહાદેવ મંદિર, મહાદેવધામ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે મંદિરના પટાંગણમાં તુલશી વિવાહ ભાવપૂર્ણ સંપન્ન સાથે મહાદેવધામની માનવતાલક્ષી પ્રવૃતિની પ્રશંસા કરવામાં આવી હતી. ઠાકોરજીના વિવાહ ભાવાત્મક દ્રષ્ટિકોણ સાથે પર્યાવરણની રક્ષાનો ઉદાત્ત સંદેશ આપે છે. મહિલા મંડળનું સન્માન કરવામાં આવ્યું હતું.

તુલશીવિવાહ પ્રસંગે મંગલ દિપ પ્રાગ્ટય ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે કરતાં જણાવ્યું કે ભગવાન ઠાકોરજીના વિવાહ સમાજને પર્યાવરણની રક્ષા કરવાનો ઉદાત્ત સંદેશ આપે છે. તુલશીવિવાહ ભારતીય શ્રદ્ધાળુઓની આગવી ઓળખ છે. લગ્ન સમારોહનો શ્રી ગણેશ થાય છે. જયંત પંડયાનું નેતૃત્વ રહીશોને ફળદાયી સાબિત થયું છે. નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.



વોર્ડના પ્રભારી ધ્યેય દોશીએ જીવનનગર સમિતિના સર્વાંગી કાર્યોને બિરદાવી મહિલા મંડળને અભિનંદન પાઠવ્યા હતા. નગરસેવિકા શ્રીમતિ નીતાબેન લાલે મહાદેવધામની પ્રવૃતિ માનવતાલક્ષી હોય છે. ભા.જ.પ. ના બધા હોદેદારોને હાજરી આપવી વિશેષ ગમે છે. વોર્ડના મહામંત્રી મનિષભાઈ દેડકીયાએ નૂતન વર્ષે સરકારની યોજનાઓની માહિતી આપી હતી.

સમિતિના પ્રમુખ એડવોકટ જયંત પંડયાએ જણાવ્યું કે તુલશીવિવાહ વિધિ-વિધાન સાથે ઠાકોરજીની પ્રેરણા સંદેશ માનવસમાજ માટે ઉપકારક છે. પૃથ્વી ઉપર પર્યાવરણનું જતન કરવું સાથે પ્રત્યેક વૃક્ષ ઓકિસજન આપી કર્તવ્ય નિભાવે છે તેમાંથી રાષ્ટ્રનું હિત નાગરિકની ફરજ છે.

મહાદેવધામ મહિલા મંડળના વ્યવસ્થાપક શ્રીમતિ સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડિયા, યોગિતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, ભારતીબેન ગંગદેવ, નેહાબેન મહેતા, ભક્તિબેન ખખ્ખર, કિર્તીબેન કગથરા, ભારતીબેન રાવલનું સન્માન ડો. દર્શિતાબેન શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. પુનમબેન આકાશભાઈ સોલંકી તથા પ્રિયંકા હિરેનભાઈ પીઠડીયાએ પૂજનવિધિમાં ભાગ લીધો હતો. મહામંત્રી મનિષભાઈ દેડકીયા, દર્શિતભાઈ જોષી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, નગરસેવિકા નીતાબેન લાલ, પ્રભારી ધ્યેય દોશીએ આરતીમાં ભાગ લીધો હતો. તુલશીવિવાહમાં શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, શિવ પરા, બ્રહ્મસમાજ, તિરૂપતિનગર અને રૈયા–વાજડી ગામથી શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. સંચાલન શ્રીમતિ સુનિતાબેન વ્યાસ, નેહાબેન મહેતા, પાર્થ ગોહેલ, વિનોદરાય ભટ્ટે સફળતાથી કર્યું હતું. આગામી દ્વારિકા અને સોમનાથ નો પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.



શિયાળા ની શરૂઆત સાથે સિનિયર સિટીઝન પોતાની ઉત્તમ તંદુરસ્તી સ્વાસ્થ્ય માટે શ્રી મહેશભાઈ ગાંધીના નેતૃત્વ માં કસરત તેમજ યોગ, પ્રાણાયામ, જ્યોતિન્દ્ર દવે ઈન્ટર નેશનલ યોગ લાફિંગ ક્લબ માં હાજર રહી, પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ થઈ ગયા છે.

ગ્રાહકે ફરિયાદ કરતા કેન્સરની સારવારનો ક્લેઈમ વિમા કંપની દ્વારા ચૂકવી દેવાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

પ્રોસ્ટેટ કેન્સરની સારવારનો ક્લેઈમ ખોટી રીતે નકારનાર ઈફ્કો ટોક્યો ઈન્સ્યોરન્સ કંપનીને સુરત ગ્રાહક કોર્ટે નોટિસ ફટકારી હતી. નોટિસ મળતા જ ઈન્સ્યોરન્સ કંપનીએ વીમેદારને ક્લેમના ફૂલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ તરીકે રૂ.૩.૪૯ લાખ ચૂકવવાની ઓફર કરી સમાધાન કરી લીધું હતું.

આ કેસની વિગત એવી છે કે, સુરત શહેરમાં રહેતા વીમાધારકે ઈફ્કો ટોક્યો ઈન્સ્યોરન્સ કપંની સામે સુરત ગ્રાહક કમિશનમાં એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન દેસાઈ મારફતે ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ફરિયાદી વીમાધારકને પ્રોસ્ટેટ કેન્સરનું નિદાન થયું હતું. જેથી વીમાધારકની મિનિમલી ઈન્વેઝિવ રેડિકલ પ્રોસ્ટેટેક્ટોમી સર્જરી કરવામાં આવી હતી. જેથી વીમાધારકે સારવારનો કુલ ખર્ચ રૂ.૮.૫૯ લાખ મેળવવા ઈન્સ્યોરન્સ કંપનીમાં ક્લેઈમ કર્યો હતો. કંપનીએ કેશલેસમાં માત્ર રૂ.૩.૮૧ લાખ મંજૂર કર્યા હતા અને એગ્રીડ ટેરિફ મુજબ સર્જરીનું પેકેજ રૂ.૩.૬૦ લાખનું હોવાનું કારણ આપી બાકીના રૂ.૪.૩૭ લાખ કાપી લીધા હતા. વિમાધારકે આ બાકીની રકમ પોતાના ખિસ્સામાંથી હોસ્પિટલને ચૂકવી રિઈમ્બર્સમેન્ટ ક્લેમ કર્યો હતો, પરંતુ કંપનીએ આ ક્લેમ પણ નામંજૂર કર્યો હતો. વધુમાં ફરિયાદપક્ષે ફરિયાદમાં લેખિત પ્લીડિંગ્સમાં રજૂઆત કરી હતી કે, કહેવાતો એગ્રીડ ટેરિફ શું છે કોની વચ્ચે અને ક્યારે નક્કી થયો તેની કોઈ જાણ ફરિયાદી વીમાધારકને ક્યારેય કરવામાં આવી નહોતી. વારંવાર માગણી છતાં વીમા કંપનીએ પોલિસી શેડ્યુલ સિવાય પોલીસીના નિયમો શરતો આપ્યા નહોતા, તેથી આવો ટેરિફ ફરિયાદીને બંધનકર્તા ગણી શકાય નહી. જેથી કાપી લીધેલી રકમ વ્યાજ સાથે મેળવવા માગણી કરી હતી.

ગ્રાહક કોર્ટે આ ફરિયાદ દાખલ કરી વીમા કંપનીને નોટિસ કાઢી હતી. જેથી વીમા કંપનીએ વિમાધારકને ક્લેમના ફૂલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ તરીકે રૂ.૩.૪૯ લાખ ચૂકવવાની ઓફર કરી હતી. જેથી વીમાધારકે આ ઓફર સ્વીકારતા કંપનીએ તે રકમનું પેમેન્ટ કરી આપ્યું હતું. આમ વિવાદનું નિવારણ થયું હતું.

વીએનએસજીયુમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી



કુલપતિ અને કુલસચિવે પુષ્પાંજલિ અર્પણ કરી જનનાયક બિરસા મુંડાના જીવનમૂલ્યોને યાદ કર્યા

સુરત, તા.૨૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની અને જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીની 'જનજાતીય ગૌરવ દિવસ' અંતર્ગત ઉત્સાહ અને આદરભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ સ્મૃતિ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી સહિત અન્ય મહાનુભાવો દ્વારા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

ઉપસ્થિતોને સંબોધતાં કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ભગવાન બિરસા મુંડાના પ્રેરણાદાયી જીવન અને તેમના શાશ્વત નૈતિક મૂલ્યો પર પ્રકાશ પાડ્યો હતો. સાથે જ વર્તમાન સમાજમાં તેમના વિચારોની પ્રાસંગિકતા પર ભાર મૂક્યો હતો. કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવીએ પણ પોતાના વિચારો વ્યક્ત કરતાં ભગવાન બિરસા મુંડાના ગહન વારસા અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના યોગદાનને બિરદાવ્યું હતું. આ પ્રસંગે પ્રાધ્યાપક ડૉ. દીપક ભોયેએ ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષો વિશે વિસ્તૃત વક્તવ્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બિરસા મુંડાએ 'જળ, જંગલ અને જમીન' પરના આદિવાસી અધિકારોના રક્ષણ માટે બ્રિટિશ સંસ્થાનવાદી શાસન સામે ઐતિહાસિક લડત ચલાવી હતી.

કાર્યક્રમમાં જનજાતિ કલ્યાણ આશ્રમ, ગુજરાત પ્રાંતના મહામંત્રીશ્રી યોગેશભાઈ ગામિતે 'જનજાતીય ગૌરવ દિવસ' અને 'જનજાતીય અસ્મિતા'ના મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ અને આદિવાસી સશક્તિકરણમાં ભગવાન બિરસા મુંડાની નિર્ણાયક ભૂમિકાને પણ રેખાંકિત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સેન્ટર ફોર ટ્રાઇબલ સ્ટડીઝના સંશોધન સહાયકશ્રી વિહલભાઈ ગાંવિત દ્વારા કરવામાં આવ્યું હતું.

ચેક રિટર્ન કેસમાં જોયતિન ગિરધરને એક વર્ષની કેદની સજા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

રૂ.૬,૮૯,૩૯૭ના ચેક રિટર્ન કેસમાં વલસાડની 'શ્રી એન્જિનિયર' પેઢીના પ્રોપ્રાઇટર જોયતિન ગિરધરને સુરત કોર્ટે દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી.

સચિન જી.આઈ.ડી.સી. સ્થિત શ્રીજી સ્ટીલનામની ભાગીદારી પેઢીના અધિકૃત સેલ્સ એક્ઝિકયુટિવ અનિલકુમાર સિંહે વલસાડના શ્રી એન્જિનિયરના પ્રોપ્રાઇટર જોયતિન ગિરધર વિરુદ્ધ સુરત કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. ફરિયાદીનો આરોપ હતો કે આરોપી જોયતિનએ ડિસેમ્બર ૨૦૧૭માં અનિલ સિંહની પેઢી પાસેથી ગેલ્વેનાઈઝ્ડ શીટ્સ, એમ.એસ. પાઈપ્સ, પ્લેટ્સ અને એચ.આર. કોઈલ્સ સહિત કુલ ૬,૮૯,૩૯૭નો માલ ખરીદ્યો હતો. આ કાયદેસરના લેણાંની ચૂકવણી પેટે આરોપીએ આપેલો ચેક બેંકમાં જમા કરાવતા રિટર્ન થયો હતો. જેથી અનિલ સિંહે એડવોકેટ નરેશ ગોહિલ મારફતે આરોપીને કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી, જે બજી જવા છતાં આરોપીએ રકમ ચૂકવી ન હતી. બાદમાં આરોપી સામે કોર્ટમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.બીજી તરફ, આરોપી શરૂઆતમાં હાજર રહ્યા બાદ ઉલટતપાસ કે નિવેદન માટે કોર્ટમાં ગેરહાજર રહ્યો હતો અને ચેક પરની પોતાની સહીનો ઇનકાર કે પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ રહ્યો હતો. કોર્ટે આરોપીને સજા કરી તેની સામે ધરપકડ વોરંટ ઇશ્યૂ કરી જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

નવસારી ખાતે પેટા વિભાગીય કચેરીના મકાનનું ભૂમિપૂજન યોજાશે

કેન્દ્રિય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના વરદ્ હસ્તે ભૂમિપૂજન કાર્યક્રમ યોજાશે

નવસારી, તા.૨૧

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડ્રગ્ફઝ્ન) દ્વારા નવસારી ગ્રામ્ય-શહેર વિભાગીય કચેરી તથા નવસારી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના મકાનનું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાનાર છે. આ ભૂમિપૂજન કાર્યક્રમ તા. ૨૧-૧૧-૨૦૨૬ ના રોજ સવારે ૯-૦૦ કલાકે કબીલપોર, નવસારી ખાતે ભારત સરકારના કેન્દ્રિય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના વરદ્ હસ્તે યોજાશે. આ પ્રસંગે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતી નિરાલીબેન નાયક, જલાલપોરના ધારાસભ્યશ્રી આર.સી. પટેલ, નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ તથા નવસારી મહાનગરપાલિકાના મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા વિશેષ ઉપસ્થિતિ રહેશે.



જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ ચીખલી તાલુકાના ખુંધ ગામની મુલાકાત લીધી

નવસારી, તા.૨૧

જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ ચીખલી તાલુકાના ખુંધ ગામની આકસ્મિક મુલાકાત લઈ ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ પાયાની સુવિધાઓ, આરોગ્ય અને પોષણ સેવાઓ તથા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી.

મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયત ખાતે ગામની પાયાની સુવિધાઓ, નાણાપંચની ગ્રાન્ટ, આંગણવાડીઓ અને શાળાઓની સંખ્યા તથા તેમની સ્થિતિ, આરોગ્ય સુવિધાઓ અને રેશનિંગને લગતી ફરિયાદો અંગે માહિતી મેળવી હતી. આંગણવાડી કેન્દ્રની મુલાકાત દરમિયાન બાળકોની હાજરી, કુપોષણની સ્થિતિ તથા SAM અને MAM કેટેગરીના બાળકો અંગે વિગતો મેળવી બાળકનું વજન અને ઊંચાઈ પણ ચકાસી હતી.

આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત દરમિયાન હાઈ રિસ્ક ગર્ભવતી મહિલાઓની સ્થિતિ, માતા-બાળ આરોગ્યની દેખરેખ તથા મમતા દિવસની કામગીરીની સમીક્ષા કરી હતી. જોખમી ગર્ભવતી મહિલાઓને સમયસર અને યોગ્ય આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સંબંધિત કર્મચારીઓને સૂચનાઓ આપી હતી.

સરકાર માન્ય રેશનિંગ દુકાનની મુલાકાત દરમિયાન અનાજના ઉપલબ્ધ જથ્થા અને ઓનલાઈન રેકોર્ડની ચકાસણી કરી હતી. દસ્તાવેજી કામગીરીમાં ચોકસાઈ જાળવવા અને નિયમિત અનુસરણ કરવા દુકાન સંચાલકને સૂચના આપી હતી. સાથે જ લાભાર્થીઓ પાસેથી મળવાપાત્ર અનાજના જથ્થા અંગે માહિતી મેળવી રેશનકાર્ડની વિગતો પણ તપાસી હતી.

સંસદનું ચોમાસું સત્ર પહેલા પાનાનું ચાલુ

ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં નોટિસ આપવી પડે છે.બંધારણમાં એ નક્કી કરવામાં આવ્યું નથી કે ગૃહને અનિશ્ચિત મુદત માટે સ્થગિત કર્યા બાદ કેટલા સમયમાં સત્રાવસાન કરવામાં આવે. લાંબા સમય સુધી સત્રાવસાન ન કરવું પોતાનામાં બંધારણીય કે પ્રક્રિયાગત ભૂલ નથી.

ચોમાસુ સત્રમાં લોકસભાની ૧૯ બેઠકો યોજાઈ. ગૃહની સામાન્ય બેઠક સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ચાલે છે. બપોરે ૧થી ૨ વાગ્યા સુધી લંચ બ્રેક રહે છે. એટલે કે એક દિવસમાં લગભગ ૬ કલાક કાર્યવાહીનો સમય હોય છે.

આ હિસાબે ૧૯ બેઠકોમાં લગભગ ૧૧૪ કલાક કાર્યવાહી થવી જોઈતી હતી, પરંતુ તે માત્ર લગભગ ૧૭ કલાક ૩૦ મિનિટ જ ચાલી. એટલે કે લગભગ ૯૬ કલાક ૩૦ મિનિટ ઓછું કામકાજ થયું.

નજીકના સંબંધીઓ પહેલા પાનાનું ચાલુ

ઘટાડો થયો છે અને તેને પગલે પેમેન્ટ, સિસ્ટમમાં બદલાવથી સેંકડો લોનધારકો હપ્તા ચુકવવામાં કે માર્જીનમની ભરવામાં નિષ્ફળ થઈ રહ્યા છે.

ગોલ્ડ લોન કંપનીઓની વૈકલ્પિક ફોર્મ્યુલા અંતર્ગત એસેટ રિક્ન્ટ્રકશન કંપનીઓ નબળા કે ડીફોલ્ટ ધીરાણ ખરીદીને પછી તેની વસુલાત કરતી હોય છે.ગોલ્ડ લોન કંપનીઓ પણ ડિફોલ્ટ ધિરાણ આવી કંપનીઓને વેંચી દેશે ગોલ્ડ લોન કંપનીઓનાં સરવૈયા મજબુત રહી શકશે અને ગ્રાહકોને ગોલ્ડ લોન ચુકવવામાં વધુ સમય મળશે.

એવુ અનુમાન છે કે, ગોલ્ડ કંપની સુચિત ફોર્મ્યુલા હેઠળ ૩૦ લાખ લોનધારકોને લાભ-રાહત મળી શકે છે ગોલ્ડ લોન હેઠળ લોન-ટુ-વેલ્યુ હેઠળ ધિરાણ લેનારા ગ્રાહકોને દર મહિને વ્યાજ ચુકવવુ પડતુ હોય છે.

બેંગલુરુમાં પિતાએ પહેલા પાનાનું ચાલુ

મકાનમાલિક ફ્લેટ પર ગયા અને અંદરથી કોઈ પ્રતિસાદ ન મળ્યો ત્યારે તેમણે પોલીસનો સંપર્ક કર્યો હતો.

પોલીસે ૧૯ નવેમ્બરે રાત્રે આશરે ૧૧ વાગ્યે ચાવીવાળાની મદદથી ફ્લેટનું તાળું ખોલ્યું ત્યારે અંદર ફ્લોર અને દીવાલો પર લોહીના ડાઘા જોવા મળ્યા હતા. તપાસ દરમિયાન બાથરૂમમાંથી પુત્ર સોહમનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે એક બંધ રૂમમાંથી મહિલાની ચીસો સંભળાઈ હતી. પોલીસે રૂમ ખોલીને સીમાને સુરક્ષિત બહાર કાઢી હતી, જેમણે પૂછપરછમાં પતિ સુદીપની ક્રૂરતાની સમગ્ર હકીકત જણાવી હતી.

મકાનમાલિકની ફરિયાદના આધારે પોલીસે આરોપી સુદીપ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ), ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧) (હત્યા) અને ૧૦૯(૧) (હત્યાનો પ્રયાસ) હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે ગણતરીના સમયમાં આરોપીની ધરપકડ કરી લીધી છે અને આ હત્યાકાંડ પાછળનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

મૃતદેહ લઈ જતી પહેલા પાનાનું ચાલુ

કે અત્યંત નજીકના સંબંધીઓના લગ્નના કારણે સંતાન હોય છે તેને આ પ્રકારના અનેક જીનેટીક ડિસઓર્ડરની શકયતા વધુ રહે છે.

હવે આ પ્રકારના કેસમાં પણ એક જાહેર હિતની અરજીથી તેણે હિન્દુ લગ્ન ધારા કે સ્પેશ્યલ મેરેજ એકટમાં આ પ્રકારના લગ્ન પર પ્રતિબંધની માંગણી કરી હતી. સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુર્યકાંતની વડપણ હેઠળની ખંડપીઠે જણાવ્યું કે આ ન્યાયીક કામગીરી કરતા સરકાર કાનુની રીતે તેનો સારો ઉકેલ લાવી શકે છે.

સર્વોચ્ચ અદાલત સમક્ષ આ માટે નેશનલ ફેમીલી સર્વે ડેટા પણ રજુ થયો જેમાં લોહીના સંબંધો ધરાવતા (સગોત્ર)માં ૧૩% મહિલાઓ લગ્ન પુર્વે પતિ સાથે લોહીના સંબંધ ધરાવે છે. ૧૧% લગ્ન અત્યંત નજીકના સગા સાથે થયા છે.

ફોટાફોલીયાએ પ્રકાશને સહન નહી કરી શકવાની અસાધારણ સ્થિતિ છે. જયારે કોન ડીસ્ટ્રોયર એ કોન રીસેપ્ટર- સેલ- જે રેટીનામાં હોય છે. તેના બ્રેકડાઉનના કારણે સર્જાય છે અને નજીકના પિતરાઈ, લોહીના સંબંધો ધરાવતા વ્યક્તિઓ વચ્ચે લગ્નમાં આ પ્રકારના જીનેટીક ડીસઓર્ડરની શકયતા વધે છે. સુપ્રીમે કેન્દ્રની પાસે આ અંગે જવાબ માંગ્યો છે.

રાજસ્થાનમાં જોરદાર પહેલા પાનાનું ચાલુ

પિલાણી (ઝુંઝુનૂ), ઉદયપુર, બીકાનેર સહિત અનેક શહેરોમાં શુક્રવારે દિવસ અને રાતનું તાપમાન સામાન્ય કરતાં ઓછું નોંધાયું.

ફતેહપુર (૫.૫) ઉપરાંત સીકરમાં ૬.૫, માઉન્ટ આબુ અને નાગૌરમાં ૭.૯, ભીલવાડામાં ૮.૩ અને સિરોહીમાં ૯.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું. અલવર, ચિત્તોડગઢ, ચુરુ, ઉદયપુર, પિલાણી અને ટોંકમાં પણ લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધાયું.

સુમાત્રામાં મુસાફર ટ્રેન પહેલા પાનાનું ચાલુ

છે.રેલવે અધિકારીઓ અનુસાર ટ્રેનમાં સવાર તમામ ૨૬૪ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. અનવર પ્રાસ્ત્યોએ કહ્યું, 'સિઆંતાર સ્ટેશનથી બેઠેલા તમામ મુસાફરો સુરક્ષિત છે અને કોઈ મુસાફરને કોઈ નુકસાન થયું નથી.' મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા હેઠળ સુરક્ષિત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા. અકસ્માત બાદ લાગેલી આગે ટ્રેનના એન્જિનને પોતાની ઝપેટમાં લઈ લીધું, પરંતુ ફાયરના કર્મચારીઓએ સમયસર આગ પર કાબૂ મેળવી લીધો. અધિકારીઓ અનુસાર આગ મુસાફર કોચ સુધી પહોંચી ન હતી, જેના કારણે મોટું નુકસાન ટળી ગયું. શુક્રવારે મોડી રાત સુધી ફાયરની ટીમો કૂલિંગ ઓપરેશનમાં વ્યસ્ત રહી.

તા.૨૦થી ૨૪ પેજ-૨ પાનાનું ચાલુ

કાર્યરત કરવામાં આવશે. આ ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારો, ઝૂંપડપટ્ટી, ઈંટોના ભઠ્ઠા અને બાંધકામ સાઈટ્સ જેવા વિસ્તારોમાં રહેતા શ્રમિકોના બાળકો માટે મોબાઈલ ટીમો પણ તૈનાત રહેશે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સામૂહિક આરોગ્ય કેન્દ્રો , આંગણવાડી કેન્દ્રો, શાળાઓ તેમજ બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, હાટ બજાર, મંદિરો અને હાઈવે પરનાં ટ્રાન્ઝિટ પોઈન્ટ્સ પર પણ રસીકરણની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારબાદ તા.૨૨ ના રોજ પ્રથમ દિવસે બુથ પર રસી પીવાથી વંચિત રહી ગયેલાં બાળકોને ૨૩ અને ૨૪ નવેમ્બરના રોજ આરોગ્ય વિભાગના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, આશા બહેનો, આશા ફેસિલિટેટર અને આંગણવાડી કાર્યકરોની શહેરમાં ૩,૮૫૧ અને જિલ્લામાં ૩૩૭૨ ટીમો એમ કુલ ૭૨૨૩ ટીમો દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈને ઓ થી ૫ વર્ષના બાળકોને રસીના બે ટીપાં પીવડાવવામાં આવશે.

સુરત શહેર અને જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તમામ વાલીઓ, સામાજિક આગેવાનો, જનપ્રતિનિધિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નાગરિકોને આ રાષ્ટ્રીય અભિયાનમાં સક્રિય સહયોગ આપવા નમ્ર અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને તમામ માતા-પિતાને પોતાના ૦ થી ૫ વર્ષનાં બાળકોને તા. ૨૨ નવેમ્બરના રોજ નજીકના પોલિયો બુથ પર લઈ જઈ પોલિયોની રસીના બે ટીપાં અવશ્ય પીવડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

એસટીની દિવાળી પેજ-૨ પાનાનું ચાલુ

૧૧,૯૫૪ મુસાફરો વતન ગયા હતા. ગત માસ કરતા હાલમાં તહેવારોના પરિણામે થયેલા દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૮%નો વધારો નોંધાયો હતો.

સુરત એસ. ટી. વિભાગીય નિયામકશ્રી પી.વી. ગુર્જરે જણાવ્યું હતું કે, રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ અને તેમાં પણ ખાસ કરીને ભાવનગર, અમરેલી, જૂનાગઢ જિલ્લાઓના રત્નકલાકારો નોકરી/વ્યવસાય અર્થે સુરતમાં સ્થાયી થયા છે, જેઓ દિવાળીના તહેવારમાં સપરિવાર માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્રવાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે તા.૪ થી ૭ નવેમ્બર સુધી સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધર્યું હતું. જ્જીઇઝ્ના સુરત વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર તરફના રત્નકલાકારો, પંચમહાલ, ઉત્તર ગુજરાત તથા મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે સુરતથી વધારાની ૧૩૦૦ થી વધુ બસો દોડાવવામાં આવી હતી.

આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને 'એસ.ટી. આપના દ્વારે' યોજના હેઠળ તેમની સોસાયટીથી વતન સુધી પહોચાડવામાં આવ્યા હતા. જેમાં ૬૭,૮૧૩ કિમીની ૧૪૭ ટ્રીપો થકી ૭૬૪૪ મુસાફરોને વતન પહોંચાડ્યા છે અને આ ગ્રુપ બુકિંગથી એસ.ટી. તંત્રને રૂ.૩૪,૨૬,૦૭૨ ની આવક થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

પોલીસની પિસ્તોલ પેજ-૮ પાનાનું ચાલુ

ફરિયાદી સામે તાકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીની આ હરકતથી પોલીસ કર્મચારીઓની સુરક્ષા જોખમમાં મુકાઈ હતી. પિસ્તોલ ખેંચવા અંગે ઝપાઝપી થતાં ફાયરિંગ થયું હતું

સલાબતપુરાના પેજ-૮ પાનાનું ચાલુ

અજાણ્યા ઠગ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

વધુ નફાની પેજ-૮ પાનાનું ચાલુ

આથી પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરવાની વાત કરી હતી. ત્યારે અભિષેક રોયે વોટ્સએપ કોલ કરીને ફરિયાદ કરશો તો જોઈ લેવાની ધમકી પણ આપી હતી. અંતે ૨૦ નવેમ્બરના રોજ ફરિયાદ નોંધાવતાં પોલીસે ચાર અજાણ્યા ઓળખધારકો સહિત વિવિધ બેંક ખાતાં અને યુપીઆઈ આઈડીના ધારકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

ઉનમાં વેસ્ટ કાપડના જથ્થામાં આગ

ભીંડી બજાર પાસે ચિંદીના પહાડ જેવા ગંજમાં વિકરાળ આગ ફાટી નીકળતા અફરા-તફરી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરત શહેરના ઉન પાટીયા વિસ્તારના ભીંડી બજારના ચિંદી અને કાપડના વેસ્ટ કચરાના જથ્થામાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. કાપડના મોટા-મોટા પોટલાં અને જ્વલનશીલ કચરો મોટી માત્રામાં એકત્ર થયેલો હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા, જેના કારણે સ્થાનિક રહીશો અને આસપાસના વેપારીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો.



ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર વિભાગ તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખી શહેરના અલગ-અલગ ૧૦ ફાયર સ્ટેશનની ૧૨થી વધુ ફાયર ફાઇટરની ગાડીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિત જવાનોનો મોટો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને ચારેય તરફથી પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. કાપડના ભારે પોટલાં અને પવનના કારણે આગ પ્રસરી રહી હતી, જે ફાયર જવાનો માટે મોટો પડકાર બની હતી. ફાયર બ્રિગેડના જવાનો દ્વારા સતત પાણીનો છંટકાવ કરીને આગને આસપાસની મિલકતો કે રહેણાંક વિસ્તાર સુધી પ્રસરતી અટકાવવાના સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી, પરંતુ મોટા પાયે કાપડનો જથ્થો બળી ખાખ થઈ ગયો હતો. આગ કયા કારણોસર લાગી તે કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવશે. ઉન વિસ્તારમાં એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં આગ લાગવાની આ બીજી મોટી ઘટના બની. વારંવાર આવી ઘટનાને પગલે સ્થાનિકોમાં ચિંતા સાથે તંત્ર સામે અનેક સવાલો ઊભા થયા. ખુલ્લી જગ્યાઓમાં મોટા પાયે ઠાલવવામાં આવતા કાપડના વેસ્ટ અને ચિંદીના કચરાના નિકાલ અંગે કોઈ નક્કર વ્યવસ્થા ન હોવાથી આવી દુર્ઘટનાઓ વારંવાર સર્જાતી હોવાનું સામે આવી રહ્યું છે.



દેવઊઠી એકાદશીના શુભ પ્રસંગે, ૨૧ નવેમ્બર શનિવારના રોજ પાર્લે પોઈન્ટ અંબિકા નિકેતન મંદિરમાં માતાજીના જમણા પગના વિશેષ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ દુર્લભ દર્શન વર્ષમાં ફક્ત એક જ વાર દેવઊઠી એકાદશી પર મળે છે. ભક્તોની સુવિધા માટે મંદિરના દરવાજા રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવશે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

પોલીસની પિસ્તોલ ખેંચવાના પ્રયાસ અંગે લક્ષ્મણ ઉર્ફે ગુડ્ડુ સામે ફરિયાદ

૧૫ મિનિટમાં પાંચ લોકોને ચપ્પુ મારી લૂંટ કરનાર લક્ષ્મણ યાદવ સામે વધુ એક ગુનો દાખલ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતના અડાજણ વિસ્તારમાં નમસ્કાર સર્કલ પાસે પોલીસની સરકારી ગાડીમાં મેડિકલ સારવાર માટે લઈ જવાતા આરોપીએ પોલીસ અધિકારીની સર્વિસ પિસ્તોલ ખેંચી લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ પિસ્તોલ પોલીસ અધિકારી સામે તાકી 'મુઝે જાને દો, વરના જાન સે માર દૂંગા' કહી ધમકી આપતાં ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન પોલીસ અધિકારીના હાથમાંથી પિસ્તોલ વડે ફાયરિંગ થતાં આરોપીના જમણા પગમાં ઘૂંટણની નીચે ગોળી વાગી હતી.

ફરિયાદી ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શૈલેષ રાધેબિહારી દુબે, ઉંમર ૪૪ વર્ષ,ની ફરિયાદ મુજબ, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આરોપી લક્ષ્મણકુમાર ઉર્ફે ગુડ્ડુ, ઉંમર ૧૯ વર્ષ,ને પોલીસ સ્ટાફ સાથે મજૂરાગેટ નવી સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ સારવાર માટે લઈ જવામાં આવી રહ્યો હતો. સાંજે આશરે સાડા છ વાગ્યાના અરસામાં અડાજણ સ્વામિનારાયણ મંદિર પાસે નમસ્કાર સર્કલ નજીક સરકારી વાહન પહોંચતાં ગાડી રોડની બાજુમાં ઊભી રાખવામાં આવી હતી.

ડ્રાઇવર અને પોલીસ કર્મચારીઓ ગાડી તપાસવા નીચે ઉતર્યા તે દરમિયાન આરોપીએ કાયદેસરની અટકાયતમાંથી ભાગી છૂટવાના ઇરાદે ફરિયાદીના કમર પર લગાવેલી સર્વિસ પિસ્તોલ અચાનક ખેંચી લીધી હતી અને

અનુસંધાન પાના ૭ પર

સુરતમાં તાપમાનનો પારો એક સાથે ૫ ડિગ્રી ગગડી જતા ઠંડીના ચમકારા

ઉત્તર દિશા તરફથી પવન ફુંકાતા મોડી રાત્રે અને વહેલી સવારે જોરદાર ઠંડી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧

નવેમ્બર મહિનાના આખરી દિવસોમાં ઉત્તર દિશા તરફથી પવન ફુંકાતા સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો પારો ચાર-પાંચ ડિગ્રી ગગડી જતા આજે શનિવારે વહેલી સવારથી જોરદાર થંડીની અસર જોવા મળી રહી છે.

હવામાન વિભાગે જણાવ્યા મુજબ આજે શનિવારે સવારે સુરતનુ લઘુત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયું છે. ગઈકાલે શુક્રવારે લઘુત્તમ તાપમાન ૨૧.૧ ડિગ્રી હતુ એટલે કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરતના તાપમાનમાં પાંચ ડિગ્રીનો ઘટાડો થયો છે. ગઈકાલથી દક્ષિણ ગુજરાતમાં ઉત્તર દિશા તરફથી પવન ફુંકાતા ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે. સુરતમાં આજે સવારે પવનની ગતિ મંદ પડી ગઈ છે અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૦૮૧ ટકા નોંધાયું છે.

ડિસેમ્બર મહિનો નજીક આવતા તાપમાનનો પારો ગગડી જવા પામ્યો છે. વલસાડમાં ૧૫ અને નવસારીમાં તાપમાનનો પારો ૧૬ ડિગ્રીએ પહોંચી જતા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધી ગયું છે.

હવામાન વિભાગે જણાવ્યા મુંજબ સુરત શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી દિવસોમાં ક્રમશઃ ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા હાલ નકારી શકાય તેમ નથી

સલાબતપુરાના વેપારી સાથે ૩. ૮૮ હજારનું સાયબર ફ્રોડ

યુપીઆઈ વડે બારોબાર બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતના સલાબતપુરા વિસ્તારમાં રહેતા વેપારીના મોબાઈલ ફોનને હેક કરી અથવા અન્ય કોઈ રીતે બેંક ખાતામાંથી યુપીઆઈ મારફતે ૩.૮૮,૦૦૦ ટ્રાન્સફર કરી સાઇબર ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વેપારીને પોતાની જાણ બહાર ખાતામાંથી નાણાં ઉપડી જતાં છેતરપિંડીનો ભોગ બન્યાની જાણ થઈ હતી. સલાબતપુરા, તાડવાલી શેરી, અલી લશ્કર બાબાની દરગાહ પાસે રહેતા અનિલકુમાર વિનોદચંદ્ર જરીવાલા (ઉં.વ.૫૪), જેઓ વેપાર કરે છે, તેમની ફરિયાદ મુજબ, તા.૨૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૪ વાગ્યાના અરસામાં અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ ફોન હેક કરી અથવા અન્ય કોઈ રીતે તેમના ખાતામાંથી યુપીઆઈ વ્યવહારો દ્વારા ૩.૮૮,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. આ નાણાકીય વ્યવહારો તેમણે કર્યા ન હોવાથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું. આ અંગે તેમણે તા.૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી

અનુસંધાન પાના ૭ પર

તાપી નદીમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

પલસાણા તાલુકાના નિયોલગામ સ્થિત ગુજરાતી ફળીયુ, હળપતીવાસના રહેવાસી ૫૦ વર્ષીય છૂટક મજૂર પ્રવીણભાઇ લલુભાઇ રાઠોડનો મૃતદેહ ક્રિભકો કંપનીમાં આવેલ ભારતમાતા મંદિરની પાછળના તળાવ નંબર-૦૫ના પાણીમાંથી મળી આવ્યો છે. ગઈકાલે તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે તેઓ કોઈ અગમ્ય કારણોસર તળાવના પાણીમાં ડૂબી ગયા હોવાનું પ્રાથમિક રીતે મનાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી. આ મામલે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે, જેથી ડૂબી જવા પાછળના ચોક્કસ કારણો અને સંજોગો સ્પષ્ટ થઈ શકે

ગેસ કંપનીનું બિલ ભરવાના બહાને

APK ફાઇલ મોકલી સિટીલાઇટના યુવક સાથે રૂપિયા ૫.૩૮ લાખની સાયબર ઠગાઈ

ગુજરાત ગેસનું કનેક્શન કાપી નાખવાની ધમકી આપી મોબાઈલ હેક કરી લેવાયો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતના સિટીલાઇટ વિસ્તારમાં ગુજરાત ગેસનું બિલ બાકી હોવાનું જણાવી સાયબર ઠગોએ યુવક સાથે ૩.૫,૩૮,૮૮૩ની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. ઠગોએ ગેસ કનેક્શન કાપી નાખવાની ધમકી આપી બિલ ભરવાના બહાને બનાવટી APK ફાઇલ મોકલી યુવકના મોબાઈલનો કંટ્રોલ મેળવી લીધો હતો.

ફરિયાદી રોહન દેવેશરૂ મહેતા, રહે. માઇલસ્ટોન પેલેસિયો, સિટીલાઇટની ફરિયાદ મુજબ, ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ તેમના પિતા દેવેશભાઈના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી ગેસ બિલ બાકી હોવાનો મેસેજ આવ્યો હતો. બિલ નહીં ભરાય તો કનેક્શન કાપી નાખવાની ધમકી આપી અશોક પટેલ નામના અધિકારીનો સંપર્ક કરવા જણાવાયું હતું. સંપર્ક કરતાં આરોપીએ 'GUJRAT GAS BILL UPDATE.apk' નામની ફાઇલ મોકલી હતી, જે પિતાએ રોહનને ફોરવર્ડ કરી હતી. ફાઇલ ખોલતાં આરોપીઓએ મોબાઈલનો કંટ્રોલ મેળવી કોલ ફોરવર્ડિંગ ચાલુ કરાવી બેંક ખાતામાંથી રૂ.૩,૫૬,૫૦૭ અને બે ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧,૮૨,૩૭૬ ઉપાડી કુલ રૂ.૫.૩૮ લાખની ઠગાઈ કરી હતી. બનાવ અંગે ૨૦ નવેમ્બરે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

વધુ નફાની લાલચ આપી અડાજણના વેપારી સાથે ૩.૧૪.૪૭ લાખની ઠગાઈ

ચાર ઠગોએ ટ્રેડિંગના નામે અલગ-અલગ ૧૬ બેંક ખાતાં અને બે યુપીઆઈ આઈડીમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યાં

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતમાં શેરબજારમાં રોકાણ કરી વધુ નફો કમાવવાની લાલચ આપીને સાયબર ઠગોએ અડાજણના એક વેપારી સાથે ૩.૧૪,૪૭,૯૯૭ની ઓનલાઈન છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. ઠગોએ શરૂઆતમાં Angel One એપ્લિકેશન મારફતે શેર ટ્રેડિંગ કરાવી નફો અપાવવાનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ ટ્રેડિંગ ચાર્જીસ બચાવવાના બહાને 'Wealth Trade' નામની બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી વેપારી પાસેથી અલગ-અલગ બેંક ખાતાં અને યુપીઆઈ આઈડીમાં લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. વધુ નાણાંની માંગણી થતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.

ફરિયાદી સંજયભાઈ મહેશભાઈ ઠાકોરદાસ માંજરાવાલા, રહે. વૃંદાવન સોસાયટી, પાલનપુર જકાતનાકા, અડાજણ,ની ફરિયાદ મુજબ, ૧૮ ઓગસ્ટથી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અભિષેક રોય, અંકિત શર્મા, પ્રબલ ઠાકુર અને રોહન નામે ઓળખ આપનારા શખ્સોએ તેમનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદીએ શરૂઆતમાં Angel One ડીમેટ એકાઉન્ટ મારફતે ટ્રેડિંગ કર્યું હતું. ત્યારબાદ વધુ ચાર્જીસ ન લાગે તેવું કહી આરોપીઓએ યુ એપ્લિકેશનમાં પણ ટ્રેડિંગ કરાવ્યું હતું. તેમાં નુકસાન થતાં આરોપીઓએ પોતાની Wealth Trade એપ્લિકેશન હોવાનું જણાવી તેમાં ટ્રેડિંગ કરવાથી કોઈ ચાર્જ નહીં લાગે અને વધુ નફો મળશે તેવી લાલચ આપી હતી. આ માટે વોટ્સએપ પર લિંક મોકલી બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ આરોપીઓએ મોકલેલી બે યુપીઆઈ આઈડીમાં રૂ.૧૧,૯૯૯ અને અલગ-અલગ ૧૬ બેંક ખાતાંમાં કુલ રૂ.૧૪,૩૫,૯૯૮ મળી કુલ રૂ.૧૪,૪૭,૯૯૭ ટ્રાન્સફર કરાવ્યા હતા. જોકે, એપ્લિકેશનમાં ટ્રેડિંગમાં નુકસાન થયું હોવાનું જણાવી આરોપીઓએ વધુ નાણાંની માંગણી શરૂ કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

જોળવાના યુવકના બેંક ખાતામાંથી આપમેળે રૂ. ૯૮ હજાર ઉપડી ગયા

સુરતમાં રહેતાં રાજસ્થાની યુવક સાથે સાયબર ફ્રોડ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામમાં રહેતા એક વ્યક્તિના IDBI બેંક ખાતામાંથી તેમની જાણ બહાર રૂ.૯૮,૦૦૦ ટ્રાન્સફર કરી લેવામાં આવતાં સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા શખ્સે ગુનાહિત કાવતરું રચી બેંક ખાતામાંથી નાણાં ઉપાડી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના રહેવાસી અને હાલ જોળવા ગામની આરાધના ડ્રીમ વિભાગ-૧માં રહેતા સુરેશ મોતીદાસ વૈષ્ણવની ફરિયાદ મુજબ, તા.૧૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૧૭ વાગ્યાના અરસામાં તેમના IDBI બેંક ખાતામાંથી તેમની જાણ બહાર કુલ રૂ.૯૮,૦૦૦ની રકમ ટ્રાન્સફર થઈ હતી. તપાસમાં આ રકમ ટ્રાન્ઝેક્શન આઈડી નંબર ૧૩૨૭૫૧૬૧૪૪૦૦ મારફતે UPI/૧૩૨૭૫૧૬૧૪૪૦૦/JAMELA BELGAUM નામની આઈડી સાથે જોડાયેલા ખાતામાં જમા થઈ હોવાનું સામે આવ્યું હતું. આ વ્યવહાર તેમણે કર્યો ન હોવાથી અજાણ્યા શખ્સે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ ૨૦ નવેમ્બરના રોજ નોંધાવવામાં આવી હતી.

બેંક મેનેજરના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૪૬ હજાર પગ કરી ગયા

સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કર્યો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતના વ્રજચોક વિસ્તારમાં રહેતા એક બેંક મેનેજરના ક્રેડિટ કાર્ડમાંથી અજાણ્યા શખ્સે રૂ.૪૭,૦૮૦ની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ વ્યવહારો દ્વારા રકમ કપાત થતાં ભોગ બનનારને મેસેજ મળ્યા હતા. આ વ્યવહારો તેમણે કર્યા ન હોવાથી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ કરી પોલીસ કાર્યવાહી માટે અરજી કરી હતી.

ફરિયાદી હિતેશકુમાર ઓધવજીભાઈ ઢોલીયા (ઉં.વ.૪૫), જેઓ વ્રજચોક ખાતે વ્રજરાજ રેસિડેન્સીમાં રહે છે અને બેંક મેનેજર તરીકે કામ કરે છે, તેમની ફરિયાદ મુજબ, તા.૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૨:૪૦ વાગ્યે તેમના આઈસીઆઈસીઆઈ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ટુકડે-ટુકડે કુલ રૂ.૪૭,૦૮૦ના વ્યવહારો થયા હતા. તે સમયે તેઓ ઘરે હતા અને મોબાઈલ ફોન પણ તેમની પાસે જ હતો. કાર્ડમાંથી થયેલા વ્યવહારો તેમણે કર્યા ન હોવાથી શંકા જતાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ૨૦ નવેમ્બરના રોજ અજાણ્યા ઠગ સામે કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમ સુરતના વ્રજચોક વિસ્તારમાં રહેતા એક બેંક મેનેજરના ક્રેડિટ કાર્ડમાંથી અજાણ્યા શખ્સે રૂ.૪૭,૦૮૦ની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે.



આજે દેવ ઉઠી એકાદશીની ઉજવણી થઈ રહી છે. આજના શુભ દિવસે ઠેર-ઠેર તુલસી વિવાહ અને ઠાકોરજીના વરઘોડાની પરંપરા છે. ઠાકોરજીના વરઘોડોની આ તસવીર છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)



ટીએટી એચ.એસ. પરિક્ષાનું તા.૫'મી નવેમ્બરે પરિણામ જાહેર થઈ ગયું છે. અલબત્ત પરીક્ષામાં બેસનાર હજારો ઉમેદવારોમાં જાહેર થયેલા પરિણામ અંગે અસંતો, ફાટી નીકળ્યો છે. આજે સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ એકત્ર થયેલા ઉમેદવારોએ પરિણામોની નિષ્પક્ષ તપાસ યોજવા માંગણી કરી હતી. (તસવીર : પ્રદીપ ગોહિલ)

ઇચ્છાપોરમાં ક્રેનની પાછળ એક્ટિવા મોપેડ અથડાતા યુવકનું મોત નીપજ્યું

એક્ટિવા પાછળ બેઠેલા મિત્રનું પણ ઈજા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતના ઇચ્છાપોર વિસ્તારમાં મિત્ર સાથે એક્ટિવા પર જમવા જઈ રહેલા યુવકનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા મિત્રને ડાબા પગના ઘૂંટણના ભાગે ઈજા થઈ હતી.

ચાલતા મોપેડ પર પાછળની તરફ મોઢું ફેરવી જોતાં ચાલકનું વાહન પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું અને આગળ જતી ક્રેનના પાછળના બમ્પર સાથે એક્ટિવા અથડાઈ હતી.

મૂળ બિહારના મુઝફ્ફરપુરનો અને હાલ ઇચ્છાપોરમાં મહાદેવ રેફ્રિજરેટર પાસે રહેતો માસુમ (ઉં.વ.૧૯) નોકરી કરે છે. તેની ફરિયાદ મુજબ, તા.૧૯ નવેમ્બરના રોજ તે મિત્ર અમનકુમાર રાકેશલાલ લાલ (ઉં.વ.૨૦)ની હોન્ડા એક્ટિવા (નં. પ્લ-૦૫-દ્વ૮-૫૦૬૦) પર પાછળ બેસીને જમવા જઈ રહ્યો હતો. સાંજે આશરે ૭ વાગ્યે ઇચ્છાપોર બસ સ્ટોપ નંબર-૩થી થોડે આગળ શિવશક્તિ ભોજનાલય સામે રોડ પરથી પસાર થતાં અમનકુમારે મોપેડ પર પાછળની તરફ મોઢું ફેરવ્યું હતું. આ દરમિયાન આગળ જતી સફેદ રંગની ટાટા કંપનીની ક્રેન (નં. GJ-05-SP-2865)ના પાછળના બમ્પર સાથે એક્ટિવા અથડાઈ હતી. અકસ્માતમાં માસુમને ડાબા પગના ઘૂંટણમાં ઈજા થઈ હતી, જ્યારે અમનકુમારને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરીહતી.આ ઘટનાને પગલે મૃતકના પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી.

કતારગામમાં બંધ કારમાં મહિલા ત્રણ કલાક સુધી ફસાઈ ગઈ

પોલીસે કારનો કાચ તોડી મહિલાનો જીવ બચાવ્યો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૧

સુરતના કતારગામ વિસ્તારમાં જેરામ મોરાની વાડી વાટલિયા સમાજની વાડીના ગેટ પાસે એક ફોર-વ્હીલ કારમાં મહિલા અંદરથી લોક થઈ જતાં ફસાઈ ગઈ હતી. મહિલા અંદાજે ત્રણ કલાક સુધી કારની અંદર બંધ રહી હતી.

આ દરમિયાન આસપાસના સ્થાનિક લોકોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક કતારગામ પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતાં પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કાર કાચ તોડીને મહિલાને બહાર કાઢી હતી.ત્યારબાદ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોની સતર્કતા અને કતારગામ પોલીસની સમયસર કામગીરીથી મહિલાને બચાવી તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી.